

અર્ધનારીશ્વર શિવ અને પાર્વતીનું એ સંયુક્ત સ્વરૂપ. શિવ-શક્તિ અથવા સ્ત્રી-પુરુષ-તત્ત્વનો સંયોગ એ સૃષ્ટિનું મૂળ તત્ત્વ. આ જગત્કારણ-તત્ત્વનું અવિભક્ત મૂર્તિમંત સ્વરૂપ અર્ધનારીશ્વરની કલ્પનામાં સાકાર થયું છે. અહીં એવું એક પ્રાચીન શિલ્પ આપ્યું છે.

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · તંત્રી : બિહારીલાલ ટાંક
વર્ષ ૫૮ · અંક ૯ · સળંગ અંક ૬૯૩ · સપ્ટેમ્બર ૧૯૮૧

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત



ચીડિયાં-બજાર (ચિત્રકાર : હિંમત પી. ખાટસૂરિયા) તાપ-તડકાથી બચવા કાપડના રંગબેરંગી લીરા સાંધીને બનાવેલી છત્રી-છાપરીઓને છાંયે ભરાએલા ચીડિયાં-બજારમાં ભીડ કરતા લોકોની ચહલપહલ અને પાંજરે પુરાએલાં પંખીઓના કલબલાટ ભરેલા પચરંગી વાતાવરણને રંગરેખાના માધ્યમ દ્વારા વ્યક્ત કરવાનો ચિત્રકારે અહીં પ્રયાસ કર્યો છે. જાડીપાતળી રેખાઓની ગતિને અરસપરસ અવરોધીને બજારની ગીચતા દર્શાવવાના પ્રયત્ન સાથે વર્ણવૈવિધ્ય અને એકબીજા રંગો પર વિવિધ દિશાના રંગલપકા મૂકીને એમણે ચિત્રમાં એક પ્રકારનું આગવું પોત ઉપસાવ્યું છે.

કુમાર

સપ્ટેમ્બર ૧૯૮૧

સળંગ અંક ૬૯૩

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યત: દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે વધારે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એ રીતે ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માટે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦–૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૩-૫૦ અથવા ડૉ. ૯-૦૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

કાકાસાહેબ કચ્છમાં

પ્રથમ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, પછી કાકા કાલેલકર, અને ત્યાર બાદ કાકાસાહેબના હુલામણા નામે સુખ્યાત તથા ગાંધીજીએ બિરદાવ્યા પ્રમાણે 'સવાઈ ગુજરાતી' ગણાએલા કાકાસાહેબ આપણી સાહિત્ય વાટિકાના વડેરા વડલા હતા. એમની પ્રગલ્ભ અને પ્રતાપી પ્રેરણાછાયામાં આપણા સાહિત્યસંસ્કારની પ્રાસાદિકતા પાંગરી છે. આપણા સાહિત્યસંસારને હેમાળો લેખાવીએ તો કાકાસાહેબે એના એક ઉત્તુંગ ગિરિશિખર શા ગરવા ગુજરાતી બની ને ભારતીય સાહિત્યમાં ગુજરાતીનું ગૌરવ વધાર્યું છે. આપણાં રંગે અને રાગે, આપણા જીવનના રંગકબીલાને કોડીલો બનાવી પિતામહના લાડથી 'જીવનનો આનંદ' આપ્યો છે. રસપ્રચુર પ્રાસાદિક ગદ્ય કવિતાના સાહિત્યચિંતન થકી જીવનમાં એક અનેરો રણકો પ્રકટાવ્યો છે.

સૌંદર્યશોધક આ કીમિયાગર કવિએ રાતના અંધારામાં આપણને આકાશદર્શન કરાવી દેવોનું કાવ્ય સંભળાવ્યું છે, પ્રકૃતિનો અખૂટ આનંદ ચખાડ્યો છે. સાહિત્યમાં જીવનની તાજગીનો રંગ ભરવા સાથે તેને પ્રાણવાન બનાવ્યું છે. એમણે આપણને શીખવ્યું કે, લાવણ્ય એટલે આરોગ્ય ને યૌવનની કાંતિ, યૌવન એટલે જીવનની ગમે તે અવસ્થાએ એનું પ્રાણપ્રદ વિચરણ. એમના આવા સાહિત્ય થકી એવા જ પ્રાણપ્યારા જીવનરંગની એમણે ઝાંખી કરાવી છે. ભાવનાગત છાણમાં પગ ઝબોળાવી 'ખરા બપોર'ના સૌન્દર્યનું પારણું કરાવીને કાકાસાહેબે સૂગ કે સૌંદર્ય એ ભાવનાગત હોવાની પ્રતીતિ કરાવી છે. મર્માળા વિનોદ થકી જીવનના એવા ઊલટ રંગની પણ એમણે મોજ ચખાડી છે. જીવનની આ મોજ એ એકલપેટો આનંદ નથી. સર્વને સ્પર્શે, સર્વના જીવનને પ્રાણવાન અને ધબકતું રાખે એવા સાહિત્યસંસ્કારની કાકાસાહેબે સોગાત કરી છે.

સંસારમાં સૌન્દર્યની ઉપાસના, કળાનું અનુશીલન, નિસર્ગનું નિરીક્ષણ અને જીવનકલાની કેળવણી એ એમના ખાસ વિષયો છે. પ્રકૃતિના સૌંદર્યમાં એમણે જીવનનું દર્શન કરાવ્યું છે. જે સ્વાભાવિક છે, જે સરળ છે એ સૌન્દર્યદર્શનને તેઓ જીવનકળા કહે છે. કળા સ્વભાવસુંદર હોય છે એટલે એ સમર્થ, ભવ્ય, વ્યાપક, ગૂઢ અને ઉદાત્ત પણ છે. દુનિયામાં અનેક રૂપે વિચરતી, વિકસતી, વિલસતી આ રૂપકળાનાં કાકાસાહેબે પોતાના સાહિત્ય સર્જન દ્વારા આચમન કરાવ્યાં છે, અને ગુજરાતી વાઙમયને એમણે સોહાગી બનાવ્યું છે.



શ્રી રામસિંહજી રાઠોડના ભુજના આવાસ 'સેવન'માં શ્રી કાકાસાહેબ (તા. ૧૩-૧૧-'૭૩), પત્રમાં જેનો ઉલ્લેખ છે તે અભ્યાસકેન્દ્રની ભીંત પર કરેલું લાદમાટીના મિશ્રણથી ઉપસાવેલું આભલાંજડિત શોભન નીરખતા.

આવા ભાવ થકી કાકાસાહેબે કચ્છની ભૂમિનું કાવ્યદર્શન પણ કર્યું હતું. કચ્છના કળા-દિદારની દિલચસ્પ વાતો કાકાસાહેબે કચ્છની આલીલીલી જોઇને કરી છે. કચ્છના લાક્ષણિક લાખેણા ખમીરનો કિલકાર, કચ્છની કસુંબલ કાબેલિયત, અને કસકસબના કરિયાવરની કદર પણ એમણે કરી હતી.

આ બુઝર્ગ વડીલ ઋષિવર્ય કાકાસાહેબે ભુજમાં અમારા આવાસ 'સેવન'માં તા. ૧૩-૧૧-'૭૩ના રોજ કચ્છનું અભ્યાસ-કેન્દ્ર જોઈ હાર્દિક ધન્યવાદ ઉચ્ચારતાં સ્વહસ્તે લખ્યું છે: 'આ કેન્દ્રની સમૃદ્ધિ જોઈ અતિ આનંદ થયો. એક આખા જન્મારાની આ ઊંડી અને સમૃદ્ધ તપશ્ચર્યા છે.'

સપ્તસિંધુના ભાઠાના, તીર પ્રદેશના છેક છેવાડે કચ્છ પ્રદેશ બંધાયો એટલે આ પ્રદેશ 'કચ્છ' (marshy land-કસ) કહેવાયો. એની એમને પ્રતીતિ કરાવી કચ્છની સંસ્કૃતિનો પરિચય કરાવ્યો. અને અમારા મકાન 'સેવન'નો મર્મ સમજાવતાં, એમણે આપણી સંસ્કૃતિના પરંપરિત જીવન અને ઇતિહાસમાં આ સાત ('સેવન')નો મહિમા વખાણ્યો હતો. કચ્છી લિપિ અને કચ્છ ભાષાનો આ અભ્યાસકેન્દ્રમાં જ્યારે એમને પરિચય કરાવ્યો અને પ્રાચીન ગ્રંથો દ્વારા કચ્છીની સત્ત્વશાળી જબાન ઉપર પ્રકાશ ફેંક્યો ત્યારે એમને કચ્છી ભાષા પ્રાકૃતને કાંઈક સમાન લાગી; અને 'કચ્છી' બોલી ભારતની બીજી બોલીઓ કરતાં સંસ્કૃતની વધુ નજીક લાગી હતી. ત્યારે એમણે 'સેવન'માં સ્વહસ્તે ગુજરાતી ને અંગ્રેજી ભાષા વિશે પોતાના ભાવ પ્રકટ કરતાં લખેલું: 'ગુજરાતીની જ્યોતિ સમસ્ત ભારતમાં ને ભારત બહાર પણ ફેલાવીએ. સંસ્કૃતની દીકરી ગુજરાતી ભાષા સંસ્કારિતામાં સંસ્કૃત કરતાં ઊતરતી ન જ નીવડે એ આપણે જોવાનું છે. એની સમૃદ્ધિ પણ માતાની જેટલી જ થવી જોઇએ.

You may love the English language with all your heart, but your service and devotion must be dedicated to dear Gujarati.

કાકા કાલેલકરના સસ્નેહ શુભાશિષ

૧૩-૧૧-'૭૩

કાકાસાહેબ ૧૨ નવેમ્બર ૧૯૫૦માં કચ્છમાં પ્રથમ આવેલા. તે પછી ફરી પૂરાં ૨૩ વર્ષે ૧૯૭૩માં ૧૨ નવેમ્બરથી ત્રણ દિવસ લગી, નેવ્યાસી વર્ષની વૃદ્ધ વયે કચ્છમાં ફર્યા, અને ત્યાંની કલા અને સંસ્કૃતિનું દર્શન કરી આનંદવિભોર બની રહેલા. કાકાસાહેબે ભારતની ભૂગોળ અને ઇતિહાસની જાત્રાઓ કરી સાહિત્યમાં તેને કંડારી છે. માનસ, પંપા, બિંદુ, નારાયણસર અને પુષ્કર, ભારતનાં આ પાંચ પવિત્ર સરોવરો ગણાયાં છે. આ પૈકી કચ્છમાં સિંધુ અને સમુદ્રના સંગમ ઉપર આવેલા 'નારાયણ સરોવર'ને જોઇને ચિંતનમગ્ન બની એમાં ખોવાઈ ગએલા કાકાસાહેબનું દર્શન આજે યે નજર સમક્ષ સ્પષ્ટ તરવરે છે ને છતાં લાગે છે જાણે જીવનનો આનંદ લૂંટાઈ ગયો.

(ભુજ) —રામસિંહજી રાઠોડ

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૦)

અહીં અને ત્યાં / જયન્ત પાઠક

• ગાન -

અહીં ઘેરાયા મેઘ અને ત્યાં ઘરનાં નળિયાં ચૂવે
અહીં ગાજે ગોરંભ, ઝાડ ત્યાં ડૂસકે ડૂસકે રુવે;
અહીં હીંચકે બેઠા ટપ ટપ જલનાં જોવાં ફોરાં
તહીં વાડામાં આંબલી હેઠે ભીંજે લાકડાં કોરાં;
અહીં વાયરે આંગણુ ઊગ્યાં ફૂલ ગુલાબી ડોલે
તહીં વાડમાં કાંટાસળીએ પતંગ પાંખો ખોલે;
અહીં ઓઢીને છત્રી નીકળું નગર વિશે નોકરીએ
તહીં દાદા દાતરડું ખોસી કેડ જતા ખેતરીએ;
વાહન વાહન કોલાહલના અહીં ચોમેર ધુમાડા
પતરાળાં-પડિયામાં ભરતી ત્યાં બા લાંબા દહાડા;
અહીં ડામરના રસ્તા ડહોળાં પાણીથી ઊભરાતા
મારી કરડ નદી બે-કાંઠે ત્યાં, પાણી ના માતાં;
અહીં ઘોડિયે પોઢયું બાળક ઊંહુ કરીને ચવળે
ત્યાં શૈશવ નાગુંપૂગું મુજ નેવાં નીચે પલળે.

મળ્યું નથી પરમાણું / હરિકૃષ્ણ પાઠક

• ગાન •

અકળવિકળ આ અજવાળું ને અંધકારનો ફણગો,
હાડ અડીખમ સાબૂત બેઠું; જીવ ફરે છે અળગો.
અમથી ફૂટી પાંખ ભલી, આકાશ ઊઘડયું અમથું,
પરોઢનું અજવાળું કેવું ઝાકળ-ઝીણું રમતું.
હૈયું કટકી સાકર જેવું, કટકી કડવું ઝેર,
રઝળપાટનો રસ્તો ઝાલ્યો ખૂટે કેણી પેર.
તરસ હશે તો જળ પીવાશે, ભૂખ હશે તો અન્ન,
લીલપની જે લા'ય ઊપડી; ઓછાં પડતાં વંન.
ઘણાં બધાં યે મને ઓળખે, હું ય ઘણાંને જાણું,
તો ય સમૂચો સમાઉં એવું મળ્યું નથી પરમાણુ.

—વાહિનીમાં / ગીતા પરીખ

• મુક્તક •

'શબવાહિનીમાં
સાચો સુખી છે જન આ સૂતેલ'
'પણ એ ન...'
'આમે
જીવંત ક્યાં છે જન અન્ય કોઈ
જગવાહિનીમાં?!'

સ્મશાનેથી વળતાં / દેવજી રા. મોઢા

તને બાળી દીધી તૃણ લકડી છાણું સહ અમે
અને એમાંથી જે પ્રબળ નીકળી ઝાળ અગનિ-
તણી રાતીપીળી—ફફડ થતી જાણે પવનમાં
ધજા કો રંગેલી—રતૂમડી શિખે લગ્ન-સમયે
સજેલી મેં ભાળી ચૂંદડી, નીરખ્યા પીળા શિખમાં
પહોળી આલેખ્યા પિ'ળ તુજ લલાટે સખી-કરે!

અહો, પાંચે તત્ત્વો મહીંથી અગનિ તત્ત્વ નિજ લૈ,
કરે બીજાં છુટ્ટાં; પૃથિવી જતી પૃથ્વી મહીં ભળી,
ભળી જાતો વાયુ પવન મહીં, આકાશ નભમાં
ભળી જાતું, જાતું જળ ભળી જળે; કિન્તુ સ્મરણો
રહ્યાં જે શેષે, ને અગનિ પણ જેને નવ શક્યો
જલાવી, તે મોંઘી મૂડી બની રહ્યાં રંક મુજની!

સ્મશાને ખાળેલાં, પથ છૂટી પડયાં અશ્રુ-ઝરણુ;
ધુરા સ્કન્ધોપેથી ઊતરી, પણ કાં ભારી ચરણુ?

કોક સાચવણુ / મૌન બલોલી

• ગઝલ •

એક છાજલી વિગત જનમને જણ્યા કરે
અવળાસવળા કલશોરે વળ ચડયા કરે
કોક લેરખી ઊચુનીચું અડયા કરે
કોક પાંદડાં આઘુંપાછું થયા કરે
તન તાણીને તરફડ તરફડ તૂટયાં કરે
કોક ફૂદાં કૈં બટકું બટકું બૂઝયાં કરે
કોક સમંદર પગ બાંધેલો ફૂંફાડતો
નભે મોકળું અઢળક અઢળક રમ્યા કરે
કોક મેઢીને મારગ આલે અંધારું
કોક સાચવણુ ખળખળ ખળખળ ખૂલ્યા કરે
કોક તરાપો વગર હલેસે વહ્યા કરે
જળે ખળખળી મૌન અવિરત ઊગ્યા કરે

માફક / રાજેશ વ્યાસ

- ગઝલ -

ચહી ઉડાવવા કાવડ મેં શ્રવણુની માફક,
પછી સતત હું વિંધાયો છું હરણુની માફક.
કંઈ એમ એક પછી એક લૂંટાતું ચાલ્યું,
હવે આ ઘરને સાચવું છું સ્મરણુની માફક.
એક રાજેશ નામના પહાડને મિત્રો,
મથું છું ચીરવા વર્ષોથી ઝરણુની માફક.

સંવેદનશીલતા

રતિલાલ બોરીસાગર

અમદાવાદમાં દૂધેશ્વરના કાચા પુલ પરથી પસાર થવાનું અનેક વાર બને છે. દૂધેશ્વરના સ્મશાનમાં, લગભગ દરેક વખતે કોઈ ને કોઈ નશ્વર દેહ ભસ્મીભૂત થતો જોવા મળે છે. મરનાર કોઇનો પુત્ર હશે, કોઇનો પતિ હશે, કોઇનો ભાઈ હશે અથવા કોઈ-ની પુત્રી હશે, કોઈની પત્ની હશે, કોઈની બહેન હશે... પણ સળગતી ચિતા જોઈને મારું ચિત્ત હલબલી કેમ ઊઠતું નથી? પુલ કાચો છે એની પ્રતીતિ દરેક ડગલે થાય છે, પણ જિંદગી એનાથી ય વધુ કાચી છે એની પ્રતીતિ કેમ થતી નથી? પડોશમાં કે સ્નેહી-સંબંધીમાં કોઈનું મરણ થયું હોય ત્યારે સ્મશાને જવાનું બને છે. પણ સ્મશાનભૂમિ-માં જિંદગીની નશ્વરતા કરતાં ઑફિસમાંથી લેવી પડનારી કૅઝ્યુઅલ લીવના કે તે દિવસે પતાવવા ધારેલાં કામોના વિચારો વધુ કેમ આવે છે? કોઈ નિકટના સ્નેહીનું અવસાન થયા પછીય હું જલદી સ્વસ્થ કેમ થઈ જાઉં છું? 'જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ'—જે જન્મ્યું છે તેનું મૃત્યુ નિશ્ચિત છે-એવી તત્ત્વજ્ઞાનની વાણી મેં જાણી છે, પણ પચાવી નથી તે હું જાણું છું.

કોઈ સ્વજનની માંદગીના સમાચાર મળે છે ત્યારે ખબર કાઢવા જવાનું હું કદી ચૂકતો નથી, પણ મને એમાં શિષ્ટાચાર પાળવાના આગ્રહની ગંધ આવ્યા કરે છે. સ્વજનની તબિયતના સમાચાર પૂછવા હું હૉસ્પિટલે જઉં છું ત્યારે જીવી જવાનાં વલખાં મારતા, અસહ્ય પીડાથી અમળાતા અનેક દર્દીઓને જોઉં છું. પણ એમની પીડા મારા હૃદય પરના કઠોર કવચને ભેદી શકતી નથી. માંદા સ્વજન-નો રૂમ ખોળવાની લાહ્યમાં મરણાસન્ન રોગીની પીડા મારા ધ્યાનમાંય આવતી નથી. હું ઝપાટાબંધ મારા સ્વજનના ખાટલા પર પહોંચી જઉં છું. માંદા સ્વજનનાં કુટુંબીજનો એમની માંદગીનો ઇતિહાસ કહી સંભળાવે છે ત્યારે, સવારે ગયો હોઉં તો મારું ધ્યાન ઑફિસે પહોંચવામાં મોડું થશે એમાં હોય છે, ને સાંજે ગયો હોઉં તો ઘેર પહોંચતાં મોડું થશે એમાં હોય છે; એટલે કહેનાર પર મારી આંખો મંડાયેલી રહે છે, પણ કાન એની ફરજ ખાસ બજાવતા નથી. સ્વજન અને એમનાં કુટુંબીજનો મારા આગમનની નોંધ લે એટલે મારું આવવું સાર્થક થયું એમ મને લાગે છે. માંદગીનો ઇતિહાસ પૂરો થાય છે કે તરત જ 'કંઈ કામ હોય તો વિનાસંકોચે કહેવરાવજો હો!' એવું કોઈ સ્ક્રિપ્ટમાંથી ગોખેલું હોય તેવું વાક્ય ઝપાટાબંધ બોલી જાઉં છું. હૉસ્પિટલ છોડવાની સાથે સ્વજનની માંદગીનો વિચાર પણ છૂટી જાય છે.

વૃદ્ધાશ્રમ પાસેથી નીકળું છું ત્યારે ફૂટપાથ-ની કિનાર પર બેઠેલી લાચાર વૃદ્ધ જિંદગીઓ જોઉં છું. એ સૌ વૃદ્ધો રસ્તા પર જતાં-આવતાં વાહનો જોઈ સમય કાઢે છે. એમને બે સારા શબ્દોની ભૂખ છે તે હું જાણું છું. આવા 'બે સારા શબ્દો' મારી જીભને સહજસિદ્ધ છે. પણ મારે ક્યાંક ને ક્યાંક સમયસર પહોંચ-વાનું હોય છે એટલે એ શબ્દો ગર્ભમાં જ કરમાઈ જતા બાળકની જેમ મારી જીભને ટેરવે જ વિલાઈ જાય છે.

કહે છે કે એક વાર—માત્ર એક જ વાર રોગીને જોઇને, વૃદ્ધને જોઇને, શબને જોઇને સિદ્ધાર્થ નામના એક રાજકુમારે રાજપાટ છોડ્યાં હતાં, રૂપરૂપના અંબાર જેવી પત્ની ને લાડકો પુત્ર છોડ્યાં હતાં. હું તો અનેક વાર રોગીને જોઉં છું, વૃદ્ધને જોઉં છું. શબને જોઉં છું મને ક્યારેય કેમ કશું થતું નથી? ચા પીતાં-પીતાં હું ધરતીકંપમાં હજારો મા-ણસો માર્યા ગયાના સમાચાર વાંચી શકું છું. આ સમાચાર વાંચ્યા પછી ચાનો કપ પૂરો કરવામાં મને કશી મુશ્કેલી પડતી નથી. ડાઇનિંગ ટેબલ પર જમતાં-જમતાં હું મોરબી-માં ફરી વળેલા પ્રલયના પૂરની ચર્ચા કરી શકું છું. ક્રૌંચ યુગલમાંથી એકને વીંધાતું જોઈ એક યુગના કવિનું ચિત્ત સંક્ષુબ્ધ બની ઊઠ્યું હતું. હુંયે સર્જક છું, છતાં હજારો માનવીનાં મૃત્યુ મારી ઊંઘ હરામ કરી શકતાં નથી.

શરીર પરનાં બધાં જ હાડકાં ગણી શકાય તેવા દુર્બળ શરીરવાળા પોતાના બાળકને આગળ કરીને કોઈ ભિખારણ એને દૂધ પાવા-ના દસ પૈસા મારી પાસેથી માગે છે ત્યારે હું મારા એકના એક દીકરા માટે થેલી ભરીને કેસર કેરી લઈ જતો હોઉં છું. આમાંથી એક કેરી પણ એ માયકાંગલા બાળક માટે કાઢી આપવાનો મારો જીવ ચાલતો નથી. પણ કોઈ મિત્ર સાથે હોય તો આ દેશની ગરીબી વિશે હું આક્રોશપૂર્વક વાત કરી શકું છું. આંખો-માં ડોગરાઈ ગયેલા સપનાને સંતાડતા કોઈ આઠ-દસ વરસના છોકરાને બૂટપોલિશ માટે મારા પગ પકડતો જોઇને કે આવા જ કોઈ છોકરાને ચાની લારી પર ટોળે વળીને ઊભેલા ગ્રાહકોને ચા અંબાવતો જોઇને મને, કોઈ ઈંડામાંથી આભને આંબવા મથતું પંખી બને તે પહેલાં જ એ ઈંડું ફૂટી ગયું છે એવો વિચાર આવે છે, પણ એ વિચાર મને અકળાવી કેમ મૂકતો નથી? કોઈ પેટ્રોલપંપ પર, કોઈ સાઈ-કલ રિપેરિંગની દુકાન પર, કોઈ રેલવે સ્ટેશને કે કોઈ બસ-સ્ટૅન્ડ પર રોળાઈ ગયેલાં સપનાંઓની વણઝાર હું સતત જોયા કરું છું, પણ મારી મુખ્ય ચિંતા તો મારા પુત્રની કેરિ-અરની જ છે. આમ કેમ થાય છે ને તેમ કેમ થતું નથી? મારી સંવેદનશીલતા શું તદ્દન બધિર થઈ ગઈ છે? મારી વાર્તાઓમાં, લેખો-માં જે સંવેદનો શબ્દોનો શણગાર ઓઢીને વ્યક્ત થાય છે તે શું તદ્દન કૃતક છે? આ પ્રશ્નોમાં જે વેદના હજુ રહી છે તેટલી એક આશાની વાત છે. પણ કાલ ઊઠીને આ પ્રશ્નો પણ શમી જશે તો? □

સામાન્ય આદમી બની રહેવાની મારી ઇચ્છા નથી.
મારાથી જો બની શકે તો અસામાન્યતા પ્રાપ્ત કરવાનો મને પૂરો અધિકાર છે.
સલામતીની નહિ, તકની શોધમાં હું છું.

પાલનપોષણ અને વિકાસ માટે રાજશાસન પર આધાર રાખતા સ્વાવલંબી નાગરિક બનવાની મારી ઇચ્છા નથી. હું તો મારાં સ્વપ્નો અને તેની સિદ્ધિમાં, મારી સફળતામાં અને નિષ્ફળતામાં ગણતરીપૂર્વકનું જોખમ લેવા ઇચ્છું છું

દાનભીક્ષાના બદલામાં મારી પ્રેરણાઓનો સોદો કરવો મને મંજૂર નથી.
ટકી રહેવાની બાંહેધરીના બદલે જિંદગીના પડકારને હું વધુ પસંદ કરું છું.
કાલ્પનિક રામરાજ્યની નીરસ નિરાંતના બદલે પૂર્ણતાનો રોમાંચ મને ગમે છે.

દયા કૃપાના બદલામાં હું મારી આઝાદી વેચવા ઇચ્છતો નથી યા તૈયાર સામગ્રી ઝડપી, લઈને હું મારું ગૌરવ ગુમાવવા તૈયાર નથી. નથી હું કોઈની સમક્ષ ઘૂંટણીએ પડવા ઇચ્છતો કે નથી કોઈ ધાકધમકી સામે ઝૂકવા ઇચ્છતો.

મારા માટે જાતે જ વિચારીને તેનો અમલ કરવાનો, મારાં કાર્યોનાં સુફળ ભોગવવાનો અને 'આ મેં કર્યું છે' એમ જગત સામે છાતી ઠોકીને બેધડક કહેવાની ક્ષમતા એ મારો વારસો છે. ગૌરવપૂર્વક નિર્ભયતાથી છાતી કાઢીને દૃઢ ઊભા રહેવું એ મારી પરંપરા છે.

કલાસૌન્દર્યના ઉપાસક ઇતિહાસવેત્તા પ્રાધ્યાપક

સ્વ. ડૉ. નિહારરંજન રાય

ડૉ. ગોપાલ પી. બારોટ



ભારતીય ઇતિહાસ સાહિત્ય અને કલાના ક્ષેત્રે ડૉ. આનંદ કુમાર સ્વામી, પ્રો. અર્ધેન્દ્રકુમાર ગાંગુલી, પ્રો. વિનયકુમારસરકાર, પ્રો. રાધાકુમુદ મુખર્જી, પ્રો. યદુનાથ સરકાર વગેરે જેવા મહા મનીષીઓનો વિદ્યાવારસો સાચવી રાખનાર ડૉ. નિહારરંજન રાયનું ગઈ ૩૦ ઑગસ્ટે અવસાન થતાં એક પ્રતિભાવંત વિદ્યાપુરુષ અને કલામીમાંસકની જે ખોટ પડી છે તે જલ્દી પુરાય તેવી નથી જ.

આજે બાંગલાદેશ નામે ઓળખાતા પૂર્વ બંગાળમાં મૈમનસિંગ જિલ્લાના કાહેન નામના ગામમાં બ્રાહ્મોસમાજના રંગે રંગાએલા પ્રતિષ્ઠિત બ્રાહ્મણ પરિવારમાં ઈ. ૧૯૦૩માં એમનો જન્મ થએલો. પિતા મહેન્દ્રરાય સરકારી શિક્ષણખાતામાં એક આદર્શ શિક્ષક તરીકે સુખ્યાત હતા. પરંતુ બંગભંગ અને સ્વદેશીની ચળવળના રંગે રંગાઈ તેમાં સક્રિય ભાગ લેવા એમણે નોકરી છોડી દીધી હતી. પુત્ર નિહારરંજનમાં પણ પિતાની એ દેશપ્રીતિ ઊતરી હતી અને એથી પ્રેરાઈ તેઓ અભ્યાસકાળ દરમિયાન જ 'અનુશીલન સમિતિ'માં જોડાયા હતા. અને આ ક્રાંતિકારી દળ સાથેના એમના સંપર્ક અને સક્રિય રસને કારણે મૈમનસિંગ જિલ્લામાંથી સરકારે એમને હદપાર કર્યા હતા. પણ આવી સજા તે કાળના ઉદ્દામ બંગાળી યુવાનોને કંઈ અસર કરે તેમ નહોતી. રાજકીય ચળવળો વચ્ચે યે નિહારરંજને અભ્યાસ જારી રાખ્યો. સિલહટની સ્કૉટિશ ચર્ચ કૉલેજમાંથી 'ઇતિહાસ' અને 'સંસ્કૃત' વિષયના અભ્યાસ સાથે ૧૯૨૪માં બી. એ., અને ૧૯૨૬માં 'ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ'ના અભ્યાસ સાથે પ્રથમ વર્ગમાં એમ. એ. તો થયા જ, ઉપરાંત, ઉત્તર ભારતના રાજકીય ઇતિહાસ વિષે એક મહાનિબંધ લખીને 'મૃણાલિની સુવર્ણચંદ્રક' પણ મેળવ્યો. સરકાર તરફથી ફેલોશિપ પણ મળી, અને ભારતીય કલા તથા પુરાતત્ત્વ વિષયક સંશોધનાર્થે રિસર્ચ સ્કૉલર તરીકેની કામગીરી પણ બજાવી.

'બ્રહ્મદેશના પૌરાણિક દેવતાઓ' વિષેના એમના એક મહાનિબંધ માટે ૧૯૨૯માં એમને ગ્રિફિથ પુરસ્કાર તથા એક અન્ય સ્કૉલરશિપ તથા 'બર્માની સ્થાપત્ય-કલા' માટે પ્રેમચંદ રાયચંદ પુરસ્કાર પ્રાપ્ત થયાં. 'બ્રહ્મદેશની કળા અને પુરાતત્ત્વ' વિષયક એમના સંશોધનપૂર્ણ લેખને પણ 'માઉન્ટ ગોલ્ડ' ચંદ્રકથી નવાજવામાં આવેલો. ૧૯૩૨માં 'બ્રાહ્મનિકલ ગોડ્સ ઑવ બર્મા' પુસ્તકાકારે પ્રકટ થયું. તે પછી 'બ્રહ્મદેશમાં સંસ્કૃત બુદ્ધિઝમ' વિષેનો ગ્રંથ પણ ૧૯૩૬માં પ્રકટ થયો.

ભારતનાં પ્રાચીન સાહિત્ય, સંસ્કૃતિ અને શિલ્પ-સ્થાપત્યનો એટલો ઊંડો અભ્યાસ ડૉ. આનંદ કુમારસ્વામી પછી ડૉ. નિહારરંજન રાયે જ કર્યો છે એમ સહેજે કહી શકાય.

ઈ. ૧૯૩૧માં તેઓ કલકત્તા યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. અહીં ભારતીય ઇતિહાસ, કલા અને સંસ્કૃતિના આ આશાસ્પદ અભ્યાસીને ત્યાંના ઉપકુલપતિએ લંડન જઈને ગ્રંથાલયશાસ્ત્રનું અધ્યયન કરી આવવાનો આગ્રહ કર્યો. અને એ વિષે અભિરુચિ ન હોવા છતાં પોતાના ઉપકુલપતિના સ્નેહભર્યા આગ્રહને માન આપવા ખાતર તેમણે લંડન જઈને ગ્રંથાલયશાસ્ત્રનો ડિપ્લોમા મેળવ્યો અને ત્યાંના લાયબ્રેરી એસોસિએશનના ફેલો પણ બન્યા. અલબત્ત, આ માટે પણ એમને શિષ્યવૃત્તિ મળી જ હતી. આ ડિપ્લોમા મેળવીને તેમણે હૉલૅન્ડ જઈ ત્યાંના પ્રાચ્ય વિદ્યા સંશોધનના વિખ્યાત ધામ સમી લીડન યુનિવર્સિટીમાંથી 'ડી. લિટ.' અને 'ડી. ફિલ.'ની ઉપાધીઓ પણ મેળવી.

ઈ. ૧૯૩૬માં સ્વદેશ પાછા ફરી કલકત્તા યુનિવર્સિટીના મુખ્ય ગ્રંથપાલ તરીકે તેમણે કામ ઉપાડ્યું. આ સાથે 'પ્રાચીન ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ' વિષયના વ્યાખ્યાતા તરીકે પણ એમની નિમણૂક થઈ, અને પછી કલકત્તા યુનિવર્સિટીમાં ભારતીય લલિતકલા તથા સંસ્કૃતિના વાગીશ્વરી પ્રાધ્યાપકનું પદ પણ તેમને અપાયું. યુનિવર્સિટીના માસિક પત્ર 'કલકત્તા રિવ્યૂ'નું સંપાદન પણ તેમણે કર્યું છે. ૧૯૫૦માં એમને બંગીય સરકાર તરફથી આરંભ કરાએલો પ્રથમ 'રવીન્દ્ર પુરસ્કાર' (પાંચ હજાર રૂપિયા) બંગીય પ્રજાના ઇતિહાસ ગ્રંથ--આદિપર્વ માટે પ્રાપ્ત થયો. 'આપણા દેશમાં પ્રજાના સામાજિક ઇતિહાસના ક્ષેત્રમાં આ કૃતિ અપ્રતિમ ને અમર મનાશે' એમ કહી વિશ્રુત ઇતિહાસાચાર્ય ડૉ. યદુનાથ સરકારે આ ગ્રંથને વધાવ્યો હતો. ૧૯૫૪ થી ૧૯૫૬માં બ્રહ્મદેશની સરકારે પણ એમને પોતાના સાંસ્કૃતિક સલાહકાર બનાવીને એમની બહુમુખી વિદ્વત્તાને માન આપ્યું હતું. આ પછી રાજ્યસભાનું સભ્યપદ પણ એમણે ભોગવ્યું હતું.

'રવીન્દ્ર સાહિત્યેર ભૂમિકા' અને 'એન આર્ટિસ્ટ ઈન લાઈફ' આ બે ગ્રંથોએ પણ એમને અદ્ભુત પ્રશસ્તિ અને કીર્તિના અધિકારી બનાવ્યા હતા. 'એન આર્ટિસ્ટ ઈન લાઈફ' પુસ્તકને તો સાહિત્ય અકાદમીએ પાંચ હજાર રૂપિયાના પારિતોષિકથી નવાજ્યું હતું. આ પુસ્તકમાં એમણે કવિવર રવીન્દ્ર ઠાકુરનાં જીવન, કાર્ય અને પ્રતિભાનું જે સર્વાંગીણ અવલોકન-વિવેચન આપ્યું છે તે અનેક સારા વિવેચકોના મતે કવીન્દ્ર રવીન્દ્રના સમગ્ર કર્તૃત્વ વિષે આજ સુધી અંગ્રેજીમાં અદ્વિતીય છે. આ ગ્રંથ કેરળ યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરેલો છે.

ઈ. ૧૯૫૨માં ડૉ. નિહારરંજને અમેરિકા, હૉલૅન્ડ તથા જર્મનીની અનેક યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે ભારતીય ઇતિહાસ, કલા અને સંસ્કૃતિ વિષે એક લાંબી વ્યાખ્યાનયાત્રા કરી હતી. ૧૯૬૩માં અખિલ બંગીય સાહિત્ય પરિષદના લખનૌ અધિવેશનના પ્રમુખપદે એમની વરણી થઈ હતી. ૧૯૬૦માં કલકત્તા વિશ્વવિદ્યાલયની વિનયન શાખાના પ્રમુખ નિમાયા અને ભારતની અનેક યુનિવર્સિટીઓમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે એમણે અનેક વ્યાખ્યાનો આપ્યાં. ૧૯૬૭માં ભારતીય ઇતિહાસ કૉન્ગ્રેસના પટિયાલા અધિવેશનના પ્રમુખ તરીકેનું એમને માન અપાયું હતું. એમની વિદ્યાકીય અને શૈક્ષણિક ક્ષેત્રની બહુ-

મૂલ્ય સેવાઓને ભારત સરકારે 'પદ્મભૂષણ'ના માનથી વધાવી હતી.

ઈ. ૧૯૬૫થી '૭૦ સુધી એમણે સિમલામાં સ્થપાએલા 'ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍડવાન્સ્ડ સ્ટડીઝ'ના પ્રસ્થાપક-પરિચાલક તરીકે સેવાઓ આપેલી. આ સંસ્થામાંથી નિવૃત્ત થતાં સરકારે તેમને 'પે કમિશન'ના સભ્ય બનાવ્યા હતા. ૧૯૭૩માં પારી(સ)માં યોજાએલી અખિલ વિશ્વ પ્રાચ્ય વિદ્યાપરિષદમાં ભારત સરકારે પોતાના પ્રતિનિધિ તરીકે એમની વરણી કરી હતી. ગયા વર્ષે 'ઇન્ડિયન કાઉન્સિલ ઑવ હિસ્ટોરિકલ રિસર્ચ'ના તેઓ ચેરમૅન બન્યા હતા. બંગાળના એ એક અનોખા બુદ્ધિધન હતા.

પાંચેક વર્ષથી તેઓ (ટાઈમ્સ ઑવ ઇન્ડિયાના) બૅનેટ કૉલમૅન ગ્રૂપનાં પ્રકાશનોના નિર્દેશક તરીકે પણ કામ કરતા હતા, છેલ્લા એક વર્ષથી નિહારબાબુ અખબારોમાં પણ ચમકતા રહેલા. એમણે પશ્ચિમ બંગાળની ડાબેરી સરકારની ભાષા અને શિક્ષણ અંગેની નીતિની સામે ચળવળ ઉપાડી તેમાં આગળ પડતો ભાગ લેવા માંડ્યો હતો. પ્રાથમિક શાળાઓમાંથી અંગ્રેજીનું શિક્ષણ દૂર કરવા માટે અને કલકત્તા યુનિવર્સિટીના અંડર ગ્રેડ્યુએટ – અનુસ્નાતક કક્ષાએ અંગ્રેજીને વૈકલ્પિક ભાષા તરીકે રાખવાના નિર્ણયોને એમણે પડકાર્યા હતા, અને આ અંગે ધરપકડ પણ વહોરી હતી. આમ તેઓ માત્ર વિદ્યાવ્યાસંગી જ ન બની રહેતાં સામાજિક ન્યાય અને રાષ્ટ્રહિત અંગે પણ એક સજાગ સક્રિય વ્યક્તિ બની રહ્યા હતા. પરંતુ આ દિશામાં સક્રિય રહેવા છતાં એમની વિદ્યાપ્રીતિમાં સહેજ પણ ઓછપ આવી નહોતી. મૃત્યુના માત્ર ત્રણ દિવસ અગાઉ જ એમણે ભારતમાં વિજ્ઞાનવિષયક સંગ્રહસ્થાન અંગે ૧૨૦ પાનાંનો એક લાંબો રિપોર્ટ તૈયાર કર્યો હતો.

અનેક અનેક વિદ્યાવિલાસીઓ, સંસ્કારવાંછુઓ, શોધકર્તાઓ, કલાકારો, લેખકો, પત્રકારો, વિવેચકો, પ્રકાશકો અને વિધવિધ ક્ષેત્રના મનીષીઓમાં એમની એક આગવી પ્રતિષ્ઠા હતી. દેશપરદેશની અનેક વિદ્યાસંસ્થાઓ સાથે એમનો સીધો સંપર્ક હતો. એમનાં માહિતીપ્રચુર અને ઊંડી સૂઝસમજ ધરાવતાં વ્યાખ્યાનો સાંભળવાં એ પણ એક લહાવો હતો. બ્રહ્મદેશના દેવતાઓ, બ્રહ્મદેશમાં સંસ્કૃત બુદ્ધિઝમ, બ્રહ્મદેશમાં થેરવાદી બુદ્ધિઝમ, 'રવીન્દ્ર સાહિત્યેર ભૂમિકા', મૌર્ય શુંગકાલીન કલા, બંગ-પ્રજાનો ઇતિહાસ, કલકત્તા વિશ્વવિદ્યાલયનાં સો વર્ષ, 'એન આર્ટિસ્ટ ઈન લાઈફ', શીખ ગુરુઓ તથા શીખ સમાજ, 'આઇડિયા ઍન્ડ ઇમેજ ઈન ઇન્ડિયન આર્ટ', 'નૅશનાલિઝમ ઈન ઇન્ડિયા', 'એન ઍપ્રોચ ટુ ઇન્ડિયન આર્ટ', રાજા રામમોહનરાય, મૌર્યયુગીન કલા અને મુગલ દરબારી ચિત્રો વગેરે વિધવિધ વિષય પરના એમના ગ્રંથો ઇતિહાસ, પુરાતત્ત્વ, કલા, સંસ્કૃતિ અને સાહિત્યમાં અભિરુચિ ધરાવતા વિદ્યારસિકોએ અભ્યાસ કરવા યોગ્ય છે.

એમના અવસાન પર પ્રકટ થએલી શ્રદ્ધાંજલિઓમાં એમના વિષે કહેવાયા પ્રમાણે, તેઓ 'ઇતિહાસ, કલા, સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં મહાન ચિંતક હતા.' 'એમના મૃત્યુથી દેશે એક ઇતિહાસવેત્તા, અનુસંધાનકર્તા અને પ્રમુખ શિક્ષણશાસ્ત્રી ગુમાવ્યા છે.' 'આપણે એક મિત્ર, દાર્શનિક અને માર્ગદર્શકથી વંચિત થઈ ગયા છીએ.'

એમની સાથે વિચારભેદ ધરાવનારા અનેક અગ્રણીઓએ પણ એમની વિદ્વત્તા અને એમની નિષ્ઠાને બિરદાવી છે. ગઈ ૨૨ એપ્રિલે (૧૯૮૧) મારે એમને મળવાનું થએલું. 'પ્રાચીન ભારતીય કલામાં નારીપાત્રો' વિષયક મારા અંગ્રેજી મહાનિબંધના મુંબઈ યુનિવર્સિટી તરફથી તેઓ પરીક્ષક હતા. એ સમયમાં યે એમની તબિયત સારી નહોતી છતાં એ મહાનિબંધ વાંચી જઈ તેમાં મેં કરેલી મહેનતને બિરદાવીને તેમણે મને એના પ્રકાશન અંગે કેટલીક સૂચનાઓ આપી અને પ્રાદેશિક ભાષામાં લખવા પણ કહેલું. ને જ્યારે 'મુંબઈ સમાચાર' તથા 'કુમાર' વગેરે પત્રો સહિત અન્યત્ર મારા બસો જેટલા કલાવિષયક લેખો પ્રકટ થયાનું, તથા મારા લેખો સાથેનાં રેખાંકનો પણ હું જાતે જ કરું છું એ જાણી એમણે અનહદ આનંદ વ્યક્ત કરેલો.

એમના સમા કલાસૌન્દર્યના ઉપાસક, લોકશાહીના સમર્થક, દીર્ઘદૃષ્ટિયુક્ત શિક્ષણશાસ્ત્રી, અભિજાત અધ્યાપક, લેખક અને વ્યાખ્યાતા તથા આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવનાર પ્રતિભાવંત પુરુષ આમ અચાનક આપણી વચ્ચેથી ચાલ્યા જતાં આપણા વિદ્યાક્ષેત્રમાં જે વ્યાપક ખોટ પડી છે એ સહેજે પૂરી થવી મુશ્કેલ છે. □

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૨૯થી

'કુમાર'ના ઑગસ્ટ અંકમાં શ્રી કનુભાઈ જાનીનો પત્ર વાંચ્યો. એમણે 'જે ભવાઈ વેષો હાલ છે તે અસાઈત લિખિત છે એમ નિઃશંક હોય તો, એ લોકસાહિત્ય ગણાય?' એ પ્રશ્ન ઊભો કર્યો છે તે સર્વથા સમુચિત છે. 'ભવાઇ' એ આપણું લોકસાહિત્ય હોવાનું સામાન્યતઃ પ્રચલિત છે. ભવાઈના આજે ઉપલબ્ધ વેષોનો લેખક અસાઈત હોવાનું કબૂલતાં તેને લોકસાહિત્ય ન માનવું એવો ફલિતાર્થ તારવ્યો છે. તે તત્ત્વતઃ ને સયુક્ત છે. પરંતુ અસાઈતને લેખક તરીકે સ્વીકારવાની પરંપરામાંથી આ ગૂંચ ઊભી થઈ છે. 'ભવાઇ'નું મૂળ તો છેક સંસ્કૃત 'ભાણ'માં શોધી શકાય અને એથી અસાઈત એટલો પ્રાચીન બનતો જાય તો ગૂંચ વધતી જ જાય. આપણે ત્યાં સંશોધનોની પદ્ધતિ-રીતિ ને દૃષ્ટિ પાંગળી છે તેથી છેક મૂળ સુધી તેની ગતિ નથી હોતી, જેણે ગૂંચોનો વિસ્તાર વધાર્યો છે ને નૂતન ગૂંચોને જન્મ આપ્યો છે. આપણી પરંપરિત લોકનાટ્ય કળામાં ભવાઈનું સાહિત્ય છે, બલ્કે ભવાઇ એ તરતું સાહિત્ય છે, જે પ્રાચીન કાળથી સંવર્ધિત થતું રહ્યું છે. અને કાળક્રમે તેની મૂળ વિભાવનાથી આઘું ખસતું ગયું છે. મૂળે સંસ્કૃત 'ભાણ'નું અપભ્રંશિત સ્વરૂપ તે 'ભવાઇ' એવું લાગે છે. 'ભાણ'નો એક અર્થ સૂર્ય પણ છે. 'ભાણ'માં સૂર્યપૂજા ઇંગિત હશે જ. સંસ્કૃત 'ભાણ'માં 'ભવાઇ'નું સગડ શોધવા જતાં 'ભાણ'નો રચયિતા સૂર્યપૂજક હોવાનો ખયાલ તેના સગડ શોધવામાં સહાયભૂત થાય.

પ્રાપ્ત સાધન પરથી અસાઈતનો જે સમય તારવામાં આવ્યો તે સમય પૂર્વે ભવાઈનું અસ્તિત્વ હોવાનું હવે સર્વમાન્ય બન્યું છે એથી અસાઈતની પ્રચલિત ઐતિહાસિકતાને શ્રદ્ધેય માનીએ તો પણ તેને ભવાઇનો રચયિતા માનવા કરતાં પુરસ્કર્તા માનવો ઇષ્ટ છે. પરંતુ અસાઈત વિષેની દંતકથાઓ તેના વિષે શંકા જન્માવે છે. સંભવતઃ કોઈક કલાકારે ભાણમાંથી પરંપરિત રૂપે અપભ્રંશિત થતા સ્વરૂપને પુરસ્કૃત કરીને જનસામાન્યને રુચિકર એવા નાટ્યરૂપનું સર્જન કર્યું હોય જે પાછળથી ભવાઈ તરીકે પ્રચલિત બન્યું હોય.

અત્રે એક સંભાવના પ્રસ્તુત કરું છું જે અસાઇત વિષેના સંશોધનાર્થે કદાચ ઉપયોગી થાય. ભવાઈના મૂળ સંભવિત રૂપ કોઈક 'ભાણ'ના રચયિતાનું નામ આશાદિત્ય હશે. આ ભાણને અનુલક્ષીને જે અનુકૃતિત લોકભોગ્ય ભવાઈ રચાઈ હોય તેમાં આશાદિત્યનું અપભ્રંશિત નામ અસાઈત જોડાયેલું હોય. ભવાઈ સ્વરૂપ ક્રમશઃ વિકસિત થતાં અસાઈત નામ દૃઢ થતું ગયું હોય એમ લાગે છે. પ્રાપ્ત દંતકથાઓ પશ્ચાતકાલીન જણાય છે.

આ માત્ર સંભાવના જ હોઈ હું સ્પષ્ટતઃ અસાઈતના દંતકથા મિશ્રિત અસ્તિત્વને નકારું છું.

ભવાઇને લોકસાહિત્ય જ માનવું રહ્યું. આથી અસાઈતને તેનો રચયિતા માનવો ઉચિત નથી. માત્ર મૂળ આશાદિત્યના 'ભાણ' આધારરૂપે લઇને ભવાઈનું સ્વરૂપ વિકસ્યું છે એટલું એનું ઋણ સ્વીકારવું જોઇએ. જે લોકકલાકારોએ ભવાઈ સાથે એનું નામ જોડીને કર્યું છે.

આશાદિત્ય પરથી અસાઈત થવું ભાષાકીય દૃષ્ટિએ સમુચિત જણાય છે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવળ

મોનાનું ખૂન

પુષ્કરભાઈ
ગોકાણી

ચોર-પોલીસના સહકારથી રહસ્યમયકથા, જેમાં કૅબરે ડાન્સર મોનાના ખૂનની તપાસમાં દિલ્હીના નામચીન ઉઠાવગીર શર્વિલકે સ્વેચ્છાએ પૂરી પાડેલી માહિતી અને પુરાવાઓના આધારે ઈન્સ્પેક્ટર કાર્તિકે મોનાના કહેવાતા મિત્ર બાબુલાલ રોહતગીને પૂછપરછ માટે પકડ્યો તો ખરો, પણ વગ વાપરીને એ છૂટી ગયો. શર્વિલકની માહિતી પ્રમાણે કાર્તિક પોતાના ઉપરી પાંડે-સાહેબ અને બાબુલાલ વચ્ચેનો સાળાબનેવીનો સંબંધ પણ સાબિત કરી શક્યો નહિ અને તે બદલ તેને પાંડેસાહેબની ખફગી વહોરવી પડી. પાંડેસાહેબે કાર્તિક વિરુદ્ધ ફરિયાદ પણ કરી તેથી, અને કાર્તિકને બાતમી પૂરી પાડનાર એ દિલ્હીની જેલમાંથી નાસી આવેલો કેદી શર્વિલક છે તે જાણીને તથા એ ભાગેડુ કેદીને નહિ પકડવા બદલ ગુસ્સે થએલા વરિષ્ઠ ઉપરી આલોકસાહેબે કાર્તિકને તેની ફરજ પરથી ફારેગ થઈ જવા ફરમાવ્યું. કાર્તિક પોતાની નિષ્ફળતા તથા બેઈજ્જતીનું કારણ શર્વિલક જ હોવાનું સમજી તેના પર ધૂંધવાઇ રહ્યો એવામાં......

ઇન્સ્પેક્ટર કાર્તિક અચાનક ઊંઘમાંથી જાગી ગયો. તેને લાગ્યું કે બહાર કંઈ હલચલ થઈ રહી છે. તુરત તે પથારીમાંથી ઊભો થઈ ગયો. ખીંટી પર લટકતો રિવૉલ્વર સહિતનો પટ્ટો ઉતારી તેણે ખભે ભેરવ્યો અને સાવચેતીથી બહાર આવવા પગ ઉપાડ્યો. ત્યાં દેવસેના જાગી જતાં બોલી ઊઠી, 'કેમ—?' એકદમ તેના મોં પર હાથ દાબી દઈ કાર્તિકે ચૂપ રહેવાની ઈશારત કરતાં તેના કાનમાં બહુ ધીમા અવાજે કહ્યું, 'હું બહાર નીકળું કે તુરત બારણું બંધ કરી આગળો ચડાવી દેજે.' અને પછી દબાતે પગલે એ આગળ વધ્યો, ત્યાં બહાર કોઈ ધડધડ દાદર ઊતરી જતું હોય તેમ લાગ્યું. દોડીને બારણું ખોલી કાર્તિક પણ તેની પાછળ ધડાધડ નીચે ઊતર્યો. તેણે જોયું કે પેલો માણસ દૂર ઊભેલી એક ટૅક્સી તરફ દોડી જતો હતો.

સખારામ પણ આ જ મકાનમાં નીચે રહેતો હતો. દાદર પરની ધમધમથી એ પણ જાગીને બહાર દોડી આવ્યો. એમની જીપ પણ ત્યાં જ રહેતી હતી. દોડીને કાર્તિક તેમાં ગોઠવાયો અને સખારામે જીપ સંભાળી લઈ આગળ જતી ટૅક્સીની પાછળ મારી મૂકી. સખારામ જમાદાર કાર્તિકથી વયમાં મોટો, સમજદાર અને અનુભવી હતો. કાર્તિક હમેશાં એને પોતાની સાથે રાખતો. દિલ્હીથી આવ્યા પછી ક્વાર્ટરના અભાવે આ ઘર મેળવવામાં પણ સખારામે કાર્તિકને મદદ કરી હતી. કાર્તિકની તપાસ કરવાની રીત પણ જાણતો હોઈ ઘણી વાર એ આપ-બુદ્ધિથી ઉપયોગી બની રહેતો. વેગ વધારીને એ આગળ દોડતી ટૅક્સીની નજીક સર્યો. બંને ગાડી વચ્ચેનું અંતર ઘટતાં કાર્તિકે ટૅક્સીની નંબરપ્લેટ પર નજર નાખી: એમ. આર. એચ. ૬૫૩૪.

'અરે!' કાર્તિકથી બોલાઈ ગયું. પેલી જ ટૅક્સી હતી. મોનાનું ખૂન કરીને આ જ ગાડીમાં રોહતગી વી. ટી. સ્ટેશને ગયો હતો. શું રોહતગી પોતાનું કાસળ કાઢવા તો આવી રીતે રાતે નહિ આવ્યો હોય! કાર્તિક વિચારી રહ્યો. દરમિયાન બંને ગાડીઓ ઝડપથી આગળ દોડી રહી હતી. ક્રાફર્ડ માર્કેટ ને પલ્ટન રોડ પોલીસચોકી વટાવી આગળની ટૅક્સીએ વેગ વધાર્યો. આગળ જતાં એ જરા બાજુમાં ખસી. એની આ ચાલ સમજાય એ પહેલાં તો સામી બાજુથી પૂર વેગે આવતી એક બીજી ટૅક્સી જોઈ સખારામે એકદમ જીપને ડાબી તરફ લેવા સ્ટીઅરિંગ ફેરવ્યું. સામી ટૅક્સી તો જરા ધીમી પડી પુન: વેગમાં નીકળી ગઈ, પણ બ્રેક લગાવવા છતાં વેગને કારણે કાર્તિકની જીપ બાજુની ફૂટપાથ પર ચડી મકાનના એક આગળ પડતા ભાગ સાથે અથડાઈ. દરમિયાન કાર્તિકની નજર એ ટૅક્સીમાં જતા આદમી પર પડતાં એ ચોંકી ગયો. એણે જોયું કે એ ગાડીમાં બાબુલાલ રોહતગી બેઠો હતો. સખારામે જીપ પાછી લીધી. આગળની ટૅક્સી તો હવે નજર બહાર નીકળી ગઈ હતી. પણ બીજી ટૅક્સીમાં નજર પડતાં કાર્તિકને ચમકી જતો જોઈ એણે જીપને એ ટૅક્સી પાછળ દોડાવી. કાર્તિકે તેની નંબર-પ્લેટ જોઈ. નંબર હતો એમ. આર. એચ. ૩૭૫૪. શર્વિલકે આપેલી માહિતી પ્રમાણે પૂના જતી ગાડીમાંથી ઊતરી જઈ આ જ ટૅક્સીમાં બાબુલાલ કલ્યાણથી મુંબઈ પાછો આવેલો. કાર્તિકને લાગ્યું કે બાબુ-લાલે આ બંને ટૅક્સીવાળાઓને કદાચ ખરીદી લીધા હતા. અને એથી એ બંને હવે ઊલટ તપાસમાં ટકી શકશે નહિ.

ટૅક્સી બોરીબંદર તરફ વળી, પણ જીપ હવે તેનો વધુ પીછો કરી શકે તેમ નહોતી. અથડાવાને કારણે તેનું રેડીએટર ચૂવા લાગ્યું હતું. પણ સ્ટેશન આવતાં ટૅક્સી થોભી અને તેમાંથી ઊતરીને બાબુ-લાલ સ્ટેશનમાં ઊભેલી હાર્બર લાઈનની લોકલ ટ્રેનમાં ચડી ગયો. કાર્તિક પણ તેની પાછળ દોડ્યો. દોડતાંદોડતાં જ તેણે પોતાનો પટ્ટો કમરે ભેરવી દઈ ઉપર પોતે પહેરેલા સૂવાના પોશાકનો ડગલો ઢાંકી દીધો. આ પોશાકને કારણે ઓળખાઇ જવાનો ડર ઓછો હતો. ગાડી ઊપડી ત્યાં સુધીમાં તો એ જેમાં રોહતગી ચડી બેઠેલો એ ડબાના બીજા છેડે પહોંચી ગયો હતો. ચાલતી ગાડીએ જ એ ચડી ગયો.

શિવડી આવતાં બાબુલાલ ઊતરી ગયો. તેના પર નજર રાખતો કાર્તિક પણ ઊતર્યો. સ્ટેશન બહાર રોહતગી માટે એક ખાનગી સ્ટૅન્ડર્ડ મોટરકાર કદાચ રાહ જોતી તૈયાર જ ઊભી હતી. બાબુલાલ તેમાં બેઠો કે તે ઊપડી. કાર્તિકને લાગ્યું કે કાર ચલાવનાર કોઈક પરિચિત માણસ હતો, પણ દૂરથી તે બરાબર ઓળખાયો નહિ. પણ કાર્તિકે એ ગાડીની નંબરપ્લેટ પર નજર ફેરવી લીધી. હવે બાબુલાલનો પીછો કરવા અત્યારે કાર્તિકને અહીં કોઈ વાહન મળવાનો પણ સંભવ નહોતો.

પણ ના, એનું તકદીર કામ કરતું હતું. આગળ દોડી જતી ગાડી તરફ એ મોં વકાસી રહ્યો હતો ત્યાં જ એણે પોતાની પાછળથી પ્રકાશ-નો લિસોટો પડતો જોયો. એકદમ એ તે તરફ ફર્યો. એક જીપ આવી રહી હતી. એણે હાથ ઊંચો કર્યો. નજીક આવતાં જીપ થોભી ગઈ. પોલીસ ખાતાની જ ગાડી હતી. 'હું કોલાબા પોલીસ સ્ટેશનનો ઈન્સ્પેક્ટર કાર્તિક છું. મદદ કરશો?' તેણે પૂછ્યું.

'આવી જાઓ ઈન્સ્પેક્ટર. તમારા જમાદાર સખારામે ફોન કરી આ લોકલ ટ્રેનની સાથે રહેવા જણાવ્યું હતું. અમે એ માટે જ નીકળ્યા હતા. ત્યાં તમે અહીં મળી ગયા. હું છું શીવડી પોલીસ સ્ટેશનનો સબ ઈન્સ્પેક્ટર કરમારકર, એટ યોર સર્વિસ, સર!'

'થૅન્ક યુ! આગળ એક સ્ટૅન્ડર્ડ ગઈ છે તેની પાછળ લઈ લો.' કહી કાર્તિક જીપમાં બેસી ગયો. સખારામની બુદ્ધિ માટે તેને માન થયું.

થોડી વારમાં જ એમણે પેલી સ્ટૅન્ડર્ડ ગાડી પકડી પાડી. યોગ્ય અંતર રાખી તેઓ તેની પાછળ જવા લાગ્યા. માહિમની ખાડી આવતાં એક સામાન્ય ચાલ જેવા દેખાતા મકાનથી જરા દૂર સ્ટૅન્ડર્ડ ઊભી રહી. પૂરતું અંતર રાખી પોલીસ જીપ પણ બત્તી બંધ કરીને થોભી ગઈ. બાબુલાલ ગાડીમાંથી નીકળી પેલા મકાનમાં પેસી ગયો. બીજો માણસ ગાડીમાં જ રોકાયો.

જીપમાંથી નીકળી કાર્તિક લપાતોછુપાતો પેલી ગાડીની નજીક ગયો.

અંદર પાંડેસાહેબને બેઠેલા જોઈને એ ચમકી ગયો. એના હોઠ પર સ્મિત ફરકી ગયું. તેને લાગ્યું કે પાંડેસાહેબ પણ બાબુલાલ સાથે ચોક્કસ ભળેલા હતા.

જરા પાછળ જઈ કાર્તિકે કરમારકરને ઈશારત કરી બોલાવ્યો અને ગાડીમાં બેઠેલા પાંડેસાહેબની ઓળખ આપી તેમના પર બરાબર નજર રાખવાની અને જરૂર લાગે તો તેમનો પીછો કરવાની સૂચના આપી, અને પછી તે અંધારાનો લાભ લેતો પેલા મકાન તરફ સર્યો. મકાનનું નામ હતું 'મહેરનૉશ'. છુપાતોછુપાતો કાર્તિક તેમાં પ્રવેશ્યો. નીચે તો કંઈ શંકાસ્પદ લાગ્યું નહિ, એટલે એ દબાતે પગલે ઉપર ચઢવા માંડ્યો. ત્રીજે માળે કંઈ વાત ચાલતી હોવાનો અણસાર આવ્યો. ઝડપથી પણ બહુ જ ચૂપકીદીથી એ તે માળની લૉબીમાં પહોંચી ગયો. તેણે જોયું કે ત્યાં વળાંક પાસે એક મૂકીને બીજા બારણા પાસે અંધારામાં એક માણસ ઊભો હતો. એની પીઠ કાર્તિક તરફ હતી અને ચોકી કરતા એ માણસનું લક્ષ અંદર થતી વાત સાંભળવામાં પણ હતું. તેનો લાભ લઈ કાર્તિકે આગળ વધવા વિચાર્યું. એ જ વખતે તેને લાગ્યુ કે એની તરફનું પહેલું બારણું ખૂલી ગયું હતું. અંદર બિલકુલ અંધારું હતું. પ્રથમ તો કાર્તિક ખમચાઈ ગયો, પણ પછી હિંમત કરી અંદર જઈ તે દીવાલ સરસો દબાઇને ચૂપચાપ ઊભો રહી ગયો. કશું દેખાતું તો નહોતું જ, પણ કાર્તિકને ભાસ થયો કે બીજું પણ કોઈક ત્યાં છુપાયું હતું. એ જે હોય તે, પણ તેણે કશી હલચલ કરી લાગી નહિ, એટલે કાર્તિકે પેલા બીજા રૂમ તરફની દીવાલ બાજુ સરી કાન માંડ્યો. બાજુના રૂમમાં થતી વાતચીત તેને સ્પષ્ટ સંભળાતી હતી :

'બાબુલાલ, તમે પોલીસમાં પકડાયા એ ઠીક ન થયું. મોનાને તો તમે હઠાવી દીધી, પણ તેની પાસેથી હીરા કેમ ન લાવ્યા ? જુઓ, આ બાબતમાં જરા ય ચાલાકી કરશો તો જાનથી જશો. સાચેસાચી બિના શી છે તે કહી દો.' કોઈ કરડાકીથી બોલતું હતું, 'વળી, આજ સુધી તમે મને મોં પણ બતાવ્યું નહિ ? હીરા હજમ કરી જવાની દાનત તો નથી ને ?' અને પછી જરા અટકી ફરી તે માણસ બોલ્યો : 'અને હા, મોનાનું સનાન કરવાની શી જરૂર હતી ? આ આખા ખેલમાં તમને ધંધા માટે જ ગોઠવ્યા હતા, એની સાથે પ્યાર ખેલવા માટે નહિ. તમારે તેને ફોસલાવી-પટાવીને હીરાની માળા લઈ આવવાની હતી, અને સીધી રીતે એ ન બને તો તેને ખતમ કરીને પણ એ માળા મેળવવાની હતી. પણ તમે તો પછી દેખાયા જ નહિ અને મારે પાંડે મારફત તમને બોલાવવા પડ્યા. અને પાંડેનો હપ્તો પણ તમે તેને પહોંચાડ્યો નથી?' પ્રશ્નોની ઝડી વરસી રહી હતી.

'આપની મદદથી ઍલિબાઈનું પાકું કરી નીકળ્યા પછી, મુંબઈમાં 'મૅજેસ્ટિક'ની મારી રૂમમાંથી મેં મોનાને ત્રણેક વાર ફોન કરી ખૂબ સમજાવી હતી, બૉસ. તેની પાછળ રોકેલા આપણા માણસે પણ પાકી ખબર આપી હતી કે માળા મોનાની પાસે જ હતી. ફોન પર મોનાએ મને અગાઉની જેમ જ જવાબ આપ્યો કે, એ સોદો ન થાય ત્યાં સુધી આપણને માળા સોંપશે નહિ. અને સોદો પાકો થયા પછી યે તે પોતાના હાથે જ એ માળા ગ્રાહકને આપશે, અને તે યે આ માળાનું કમિશન અને અગાઉ ઓછી મળેલી રકમ પણ વસૂલ કર્યા પછી જ. મેં તેને ખૂબ સમજાવી કે ગ્રાહક પ્રથમ માળા જોવા ઇચ્છે છે, ત્યારે તે ગ્રાહકને મળવા કબૂલ થઈ અને તે પણ આપણા કોઈ પણ માણસની હાજરી વિના એકલી જ મળવાની શરતે. એટલે પછી મેં આપને ફોન કર્યો. આપે ગ્રાહકને માળા જોવા માટે મોકલી આપવાનું સ્વીકાર્યું એટલે હું નિશ્ચિંત થઈ આપણે નક્કી કરેલા સમયે જ મોના પાસે ગયો. હું પહોંચ્યો ત્યારે તો ત્યાં મોનાની લાશ પડી હતી. બાજીએ કંઈ જુદો જ પલટો લીધેલો જોઈ હું એકદમ ત્યાંથી નાઠો. એ ઉતાવળમાં, હું લઈ ગએલો એ પેકેટ પણ ત્યાં રહી ગયું અને એનો લાભ લઇને આ ખૂન બદલ મારા પર શક પડે તેવા પુરાવા કોઇએ પોલીસને પહોંચાડી દઈ મને આમાં ઊલટો ફસાવી દીધો છે, બૉસ !'

'અચ્છા, તો સો ચુહા ખાકે બિલ્લી તીરથ કરને ચલી !' પેલી ફટાકડીને હલાલ કરી માળા તફડાવી લઈ હવે પાંડે સાથે નાટક ગોઠવીને છટકી જવાનો પેંતરો ગોઠવ્યો છે, કેમ ?' અવાજ પરથી બૉસના ધૂંધવાટનો કાર્તિકને ખયાલ આવતો હતો.

'બૉસ, મેં જે કહ્યુ તે ખરું જ છે. આપનું કામ કરવામાં મને જે નાનોશો ભાગ મળે છે તે મારે માટે બસ છે. મારા પર ગમે તેવા આક્ષેપ મૂકવાથી કંઈ નહિ વળે. આ કામમાં હું કેવો ફસાઈ ગયો છું તે આપ સમજી શકો તેમ છો. આમાં મદદ કરવાને બદલે મને દબડાવો એ બરાબર નથી.' કાર્તિકને લાગ્યું કે જવાબ આપવામાં બાબુલાલની હિમત પણ દાદ માગે તેવી હતી.

'એમ, અમે મદદ નથી કરતા ? તમને છોડાવવા વકીલ ગણાત્રા કેવી રીતે આવી ચડ્યો હતો એ વિચાર્યું છે ? અમે ઊંઘતા નથી, બાબુલાલ.'

'વકીલ ગણાત્રા મારા મિત્ર છે. મારા જૂના વકીલ પણ છે. તમે કદાચ તેમને ફોન કરીને મારી ધરપકડના ખબર આપ્યા હશે, પણ એટલેથી બધું પતી જતું નથી, બૉસ. અને હીરાની માળા રાખવાથી મને શો લાભ થવાનો હતો ? વેચવાની પાઈપ-લાઈન તો આપને હસ્તક છે. મારો ભાગ મળી જતો હોય પછી માળા સંઘરવાની મારે કોઈ જરૂર નથી.' અને જરા અટકી બાબુલાલે ઉમેર્યું : 'બૉસ, મને તો એમ પણ લાગે છે કે આપે પેલા ગ્રાહકને મોકલીને માળા હાથ કરી લઈ મોનાનું કાસળ કાઢી નાખી મને બલિનો બકરો બનાવી દીધો છે. અને હવે મારો ભાગ ન આપવા માટે આ બધી ચાલબાજી ખેલો છો.' બાબુલાલનો અવાજ હવે ઊંચો ચડતો જતો હતો. 'પણ એટલું યાદ રાખજો કે આપ મને કંઈ કરી શકો તેમ નથી. મેં આપણી આ બધી કામગીરીની વિગતો લખીને એક સીલબંધ કવરમાં મૂકી મારા વિશ્વાસુ મિત્રો અને વકીલોને આપી રાખી છે. જો મને કંઈ પણ થશે, મારું ખૂન થશે, તો બહુ તો આપ તેમાંથી કદાચ છટકી જશો, પણ આપનો આ બધો ધંધો અટકી પડશે. આપની આ આખી રિંગ ભાંગી પડશે.'

થોડી વાર સુધી તો કોઈ કંઈ બોલતું સંભળાયું નહિ. બાબુલાલને પોતાના બૉસ ઉપર પણ કેટલો વિશ્વાસ હતો તે કાર્તિક વિચારી રહ્યો. ફરી બાબુલાલ બોલતો સંભળાયો : 'મેં આપને ફોન ન કર્યો, કારણ કે મને એ ટેપ થતો હોવાની શંકા હતી. રૂબરૂ મળવા આવું અને કોઈ મારો પીછો કરતું હોય તો એને આપણા આ સ્થાનની ખબર પડી જાય. ઈન્સ્પેક્ટર કાર્તિક કાબેલ આદમી છે. મારી પાછળ એ નજર રાખતો જ હશે. આજે અત્યારે હું અહીં આવવા માટે મૅજેસ્ટિકમાંથી ટૅક્સીમાં આવતો હતો ત્યારે જ એ મને સામો મળ્યો હતો. મેં એને જોયો તેમ એણે પણ મને જોયો જ હશે. એ તો સારું થયું કે તેની જીપ એક મકાન સાથે અથડાઈ પડી અને હું છટકી આવ્યો. બાકી મને જોયા પછી એ જરૂર મારો પીછો કરત. પાંડેએ ગોઠવણ ન કરી હોત તો હું હજી આપને મળી શક્યો ન હોત. અને બૉસ, આપ કહો છો કે માળા આપની પાસે નથી, મારી પાસે તો નથી જ, તો પછી આપનો પેલો ગ્રાહક તો લઈ ગયો નથીને ? આપે તપાસ કરી છે ?'

'એ તો છેલ્લી ઘડીએ ફસકી પડ્યો. એ કોઈ જોખમ ખેડવા ઇચ્છતો નહોતો એટલે આવ્યો જ નહિ.' બૉસ બોલ્યો : 'પણ જો તું સાચું કહેતો હો તો પછી માળા ક્યાં ગઈ ? વળી, તને ફસાવવાના પુરાવા પોલીસને કઈ રીતે મળ્યા ? પોલીસને ખૂનની જાણ કોણે કરી ? અને હા, તું ચાકુ ખરીદીને સાથે લઈ ગયો હતો ?'

'હા, ચાકુ મેં ખરીદેલું. પણ એ તો મોનાને ડરાવવા માટે. હું

પિસ્તોલ નથી રાખતો એ તેને ખબર હતી, એટલે મારી ખાલી ધમકીથી એ ડરે તેમ હતી જ નહિ. પણ હું ગયો ત્યારે તો એ મરી ચૂકી હતી. એ જ વખતે મને દૂરથી સાયરન જેવો અવાજ સંભળાયો એટલે હું નાઠો ને ચાકુ ત્યાં પેસ્ટ્રીના ખોખામાં જ રહી ગયું. કોઈકે અથવા પોલીસે જ એ ચાકુને મોનાના લોહીમાં ઝબોળીને મારા માટે ફાંસીનો ફંદો તૈયાર કરી દીધો. આપે પાંડે પાસેથી એ તો જાણ્યું જ હશે કે પોલીસ પાસે મારી વિરુદ્ધ કેવા સજ્જડ પુરાવા છે. એ તો સારું થયું કે પૂનાવાળા લોકોએ મારા પક્ષમાં ઍલિબાઈ આપી.'

થોડી ચૂપકીદી પછી બૉસનો અવાજ સંભળાયો, 'મોનાને આપણે દિલ્હીમાંથી હટાવીને અહીં લાવ્યા એ પેલા શર્વિલકને જરાય ગમ્યું નહિ હોય. પણ એ તો જેલમાં સબડે છે. બાકી આવું ભેજું ચલાવ્યા વગર એ ન રહે. પણ તો પછી આ ચાલાકી કોણ રમી રહ્યું હશે?'

'બૉસ, આવી ચાલાકી તેના સિવાય બીજો કોઈ બતાવી શકે નહિ. અને જો એ દિલ્હીથી...'

અંધારામાં ક્યાંક કંઈક હલચલ થતી કાર્તિકે સાંભળી અને પેલાઓની વાત એકદમ અટકી ગઈ. તુરત ત્યાં ભાગદોડ થતી સંભળાઈ. કાર્તિક લપાયો હતો તે રૂમમાં પણ બૅટરીનો પ્રકાશ પાડી કોઈ બહારથી નજર નાખી ગયું. જતાંજતાં તેણે એ રૂમનું બારણું વાસી આગળો લગાવી દીધો. કાર્તિક હવે એ રૂમમાં પુરાઈ ગયો. બારણું ન ખૂલે ત્યાં સુધી તેનાથી હવે બહાર નીકળાય તેમ ન હતું.

'બહાર કોઈ નથી, બૉસ.' એક અવાજ સંભળાયો. કદાચ એ પેલા બહાર રહેલા ચોકીદારનો હશે, કાર્તિકે વિચાર્યું. ફરી વાત આગળ ચાલી. બૉસનો અવાજ હતો: 'મેં દિલ્હી તપાસ કરાવી છે. શર્વિલક હજી જેલમાં જ છે.' પછી કદાચ બગાસું ખાતાં તેણે કહ્યું: 'ખેર, એ પણ જોઈ લઈશું. તારો કેસ ક્યારે છે? ફરી અહીં ક્યારે આવીશ?'

'કેસ સાતમીએ છે. સેસન્સ કમિટ થશે. હવે મારું મળવાનું અનિશ્ચિત છે, છતાં સાતમીએ રાતે અવારો તો આવીશ.'

અને પછી લાગ્યું કે હવે બધા વિખેરાઈ રહ્યા હતા. બાજુના રૂમને તાળું વસાતું કાર્તિકે સાંભળ્યું. પણ હવે પોતાનું શું થશે? કાર્તિકને તાત્કાલીક તો એ કેદમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ સૂઝતો નહોતો. પોતાની પાસેની પિસ્તોલનો ઉપયોગ કરીને બારણાનો આગળો ખોલવો કે નહિ તે કાર્તિક વિચારી રહ્યો હતો, ત્યાં બહારથી કોઈ બારણું ખોલતું હોય તેમ લાગ્યું. અને ખરેખર બારણું ખૂલ્યું. કોઈએ અંદર બૅટરીનો પ્રકાશ પાડતાં કહ્યું: 'પધારો સાહેબ, હવે આપ બહાર આવી શકો છો.' અવાજ શર્વિલકનો જ હતો. કાર્તિકને મોટરમાં બેસારતાં તેણે કહ્યું: 'સાંભળ્યુંને કાર્તિકસાહેબ? આવા પુરાવા કોર્ટમાં ન મળે. બાબુલાલ આજે અહીં આવશે તેની મને જાણ થઈ ગઈ હતી. તમે પણ અહીં જે કંઈ થાય તે જાણો તો સારું એમ ધારી આપને ઊંઘમાંથી જગાડવા પડ્યા, પણ મને લાગે છે કે આ ગુસ્તાખી માફ કરશો. ખેર. તમે બાબુલાલની વાત સાંભળીને? કેવી સિફતથી એણે પોતાના જુઠાણાને વાજબી ઠેરવી તેના બૉસને પણ બનાવ્યો?'

'આ બધું તો તેં ઠીક કર્યું, પણ શર્વિલક, પાંડેસાહેબ ને બાબુલાલના સંબંધની બાબતમાં તેં મને ફસાવી દીધો.' કાર્તિકે બળાપો કરતાં કહ્યું: 'પાંડેસાહેબને તો સાળો જ નથી. અરે, એમને પત્ની જ નથી. ચીફ પાસે મારી કેવી ફજેતી થઈ! તારા કહેવા પર ભરોસો રાખવો મને ભારે પડી ગયો. અને હવે હું તને ગિરફતાર ન કરું તો મારી તો નોકરી જ જાય, અને એથી યે વિશેષ આબરૂ જાય.'

'અરે, તો પકડી જ લોને.' શર્વિલકે ટોળ કર્યા, ને પછી પૂછ્યું, 'હાં, તમે તો મારા વિષે દિલ્હી કૉલ જોડ્યો હતોને? શી ખબર આવી?' કાર્તિકે કંઈ જવાબ આપ્યો નહિ એટલે શર્વિલક પણ પછી ચૂપ રહ્યો. ઈન્સ્પેક્ટરને તેણે એના ઘરથી થોડે દૂર ઉતારી, એ ચાલ્યો ગયો.

કાર્તિક હજી ઘરમાં પ્રવેશ્યો જ હતો ત્યાં ટેલિફોન રણક્યો. તેણે દિલ્હી કરેલા ફોનનો ઉત્તર હતો: 'યસ, પ્રોફેસર સાહેબ, હું કાર્તિક, નમસ્તે!...શું શર્વિલક હજી જેલમાં જ છે?...પાંડેસાહેબની વાગ્દત્તા પત્ની સુશીલાનું લગ્ન પહેલાં જ ખૂન થયું હતું?...શું? એમના સસરાની અટક રોહતગી હતી? અને એમનો એક પુત્ર રખડેલ હતો, ને તે હાલ મુંબઈમાં છે? બાબુલાલ નામે એ ઓળખાય છે?...થૅંક યુ વેરી મચ. આપે આ તકલીફ લઈને મને ઘણી ઉપાધિમાંથી ઉગારી લીધો છે, સર. મારા લાયક કંઈ કામ હોય તો જરૂર કહેજો સર...શું? વકીલ ગણાત્રા પણ આપની પાસે ભણેલા છે? પણ સર, હાલમાં તો એ મારા પ્રતિપક્ષે છે...અચ્છા, નમસ્તે અને થૅંક યુ, સર.'

પ્રોફેસર સાહેબે આપેલી માહિતીથી કાર્તિક ખુશ તો થયો જ, પણ પછી વિચારે ચડી જતાં એ ઊંઘી ન શક્યો. શર્વિલક દિલ્હીની જેલમાં જ હતો તો અહીં મુંબઈમાં પણ કેવી રીતે હોઈ શકે? અને આ ગણાત્રા સાથે શી રીતે વાત કરવી? ગમે તેમ પણ ચીફને હવે કંઈક સમજાવી શકાશે. પણ આ શર્વિલકને ગિરફતાર કેમ કરવો? ખેર, ચીફને જ દિલ્હી સાથે વાત કરવા કહીશ...

વહેલી સવારે સખારામ આવ્યો ત્યારે કાર્તિક ઊંઘતો હતો.

'સર, જીપ ગેરેજમાં આપી છે. આપને અત્યારે મોટા સાહેબને મળવા જવાનું છે ને? હું ગાડીની તપાસ કરી આવું. તૈયાર હશે તો લેતો જ આવીશ.'

'હા, સખારામ! ત્યાં સુધીમાં હું તૈયાર થઉં છું.' પણ નિત્યકર્મ પતાવતાં યે કાર્તિકનું મન તો વિચારોમાં જ રોકાયું હતું. બાબુલાલ પાંડેસાહેબનો સાળો હોવાનું તો શર્વિલકે ખરું જ કહેલું... તો શું એ બંને સુશીલા રોહતગીના ખૂનની તપાસ અંગે આ બધું ચલાવતા હશે? બાબુલાલની છાપ સારી નથી, પણ પાંડે એમને કેમ છાવરતા હશે? કે પછી એ પણ હીરાની દાણચોરીમાં સામેલ હશે? પેલા બૉસે એમને આપવાના હપ્તા અંગે યે બાબુલાલને પૂછ્યું હતું. પાંડે ખરેખર ખરડાએલા હોય તો ડિપાર્ટમેન્ટને જ બટ્ટો લાગે... હવે પાંડેસાહેબ અંગે ચીફ સાથે વાત કરવામાં સજાગ રહેવું પડશે... પણ દિલ્હીએ એમના અંગે શા માટે ભલામણ કરી હશે? ...શર્વિલક બાબુલાલને જુઠ્ઠો ગણે છે, પણ બાબુલાલ જો ખરો હોય તો મોનાનું ખૂન કોણે કર્યું હશે?...શર્વિલકે પોતે તો ખૂન નહિ કર્યું હોય? ખૂનની જાણ કરતો જે ફોન આવ્યો હતો એ શર્વિલકે જ કર્યો હશે...પણ એને મોનાને–પોતાની સાળીને મારવાની શી જરૂર? એને પેલી હીરાની માળા જોઈતી હોય તો એ ખૂન કર્યા વગર પણ મેળવી લે તેટલી ચાલાકી એ ધરાવે છે, અને એમ કરતાં મોના કફોડી સ્થિતિમાં આવી પડતી હોય તો એ મોનાને પણ બચાવી લે તેવો છે...પણ એ માળા ક્યાં છે? પોલીસે મોનાના રૂમની પૂરી તપાસ કરી હતી, તેમાં તો એ માળા મળી નથી. બાબુલાલે એ ગુમ કરી હોય, પણ જો એને એ માળા મળી ન હોય તો કોણ લઈ ગયું?...એ માળા જ આ ખૂનનું કારણ છે એ તો હવે સ્પષ્ટ હતું, પણ માળા ક્યાં?...બાબુલાલ કહે છે તેમ પેલો કોઈ ગ્રાહક તો એ નહિ ઉઠાવી ગયો હોય?...પણ એ ગ્રાહક આવ્યો જ નહોતો તેમ બાબુલાલનો બૉસ કહે છે એ ખોટું ન હોય? આ ગ્રાહકને યે શોધવો પડશે...

આ બધા વિચારોમાં એને કરમાકર યાદ આવી જતાં તેણે શીવડી પોલીસ-સ્ટેશને ફોન જોડ્યો. સબઈન્સ્પેક્ટર કરમારકરે કહ્યું:

'સર, તમે આવ્યા નહિ, એટલે તમારી સૂચના મુજબ હું પેલી સ્ટૅન્ડર્ડની પાછળ ગયો. ગાડીમાં પાંડેસાહેબ તો હતા જ, તમારા ગયા પછી કેટલીક વારે બે જણ એ મકાનમાંથી આવ્યા. એમાં એક

માણસાઈ

મુકુન્દરાય વિ. પારાશર્ય

ભાઈશ્રી છોટાલાલ નારણજી ભોજાણી સૌરાષ્ટ્રમાં મોરબી પાસેના જેતપુર ગામના. ભણતર આઠ ધોરણ સુધીનું. વ્યવસાય વેપારનો, પણ વ્યવહાર સ્વચ્છ ધર્મપરાયણ રાખવાના યત્નમાં આજીવિકા મુશ્કેલ થવા લાગી એટલે ૧૯૫૪-'૫૫થી નોકરી શરૂ કરી અને ૧૯૭૮માં સુરેન્દ્રનગર તાલુકા પંચાયત ઑફિસર તરીકે નિવૃત્ત થયા ને પુત્ર પાસે ભાવનગર આવીને રહ્યા. એમની પાસેથી સાંભળેલી જાતઅનુભવની બે સત્યઘટનાઓ :

ગયા એપ્રિલની ૧૧મીએ ગાંધીનગરથી ભાવનગર આવવા નીકળ્યા. અમદાવાદથી આ બસમાં મુંબઈથી ભાવનગર આવતું એક કુટુંબ ચડ્યું. એમનો સામાન, પહેરવેશ અને વાતચીત પરથી પૈસાપાત્ર કુટુંબ લાગ્યું. એક તો ઉનાળો અને ભાલપ્રદેશની મુસાફરી. બસમાં સખત તાપ લાગે. ધંધુકાથી આગળ જતાં એ મુંબઈગરા કુટુંબના એક છોકરાને તરસ લાગી. બસ બરવાળા આવીને ઊભી. બસસ્ટેશનમાં એક છોકરો બરફવાળું ઠંડું પાણી વેચતો હતો, પણ આ લોકોનું એ તરફ ધ્યાન નહિ હોય કે ગમે તેમ પણ બસ ઊપડવાની થઈ ત્યારે પેલા છોકરાએ પાણી માગ્યું. એ સૌ બસમાં વચ્ચે બેઠેલા, બારી સુધી પહોંચાય તેમ નહોતું અને હું બારી પાસે બેઠો હતો, એટલે પેલા પાણીવાળા છોકરાને પાસે બોલાવ્યો. એની પાસેથી પાણી લઈ પેલા છોકરાએ પીને એ ગ્લાસ પાછો આપ્યો. પાણીવાળાએ પાણીના પાંચ પૈસા માગ્યા એ જ વેળા બસ ચાલુ થઈ. પેલા ગૃહસ્થે પાંચ પૈસા છૂટા ન હોઈ પાવલી કાઢી અને પાણીવાળા પાસેથી પ્રથમ વીસ પૈસા માગવા માંડયા. એવામાં બસે વેગ પકડયો ને પાંચ પૈસા સારુ બસ સાથે દોડતો પાણીવાળો છોકરો પાછળ પડી જતાં અંતે નિમાણે ચહેરે અટકી ગયો. આ જોઈ કંઈ બોલ્યા વિના પેલા ગૃહસ્થ પાવલી ખિસ્સામાં પાછી નાખી બેસી ગયા. સાથે એક બાઈ પણ હતી તે રાજી થતી હસીને બોલી ઊઠી : 'સારું થયું, પાંચ પૈસા બચી ગયા!' પણ આ જોઈ-સાંભળીને મારા મનમાં શેરડો પડયો. અરે રે જીવ! આ શ્રીમંતાઈ! પાંચ પૈસા છૂટા નહોતા તો પાવલી આપી દેતાં આ મુંબઈગરાં કયાં ઘસાઈ જવાનાં હતાં! છેક મુંબઈથી ભાવનગર જવા ખર્ચ કરીને નીકળ્યાં છે તેમાં વીસ પૈસા આમ કે તેમ જતાં કઈ ખોટ પડી જવાની હતી? પણ ગાંઠને પૈસે બરફ લાવી ઠંડું પાણી કરીને આવા ધોમ તાપમાં પોતાનો કોઠો ઠારનાર એક ગરીબડા છોકરાને આપવાનું પાંચિયું બચી ગયું એનો આવો આનંદ!

અને આ છોટાલાલભાઈના જ અનુભવનો એક બીજો પ્રસંગ :

શિયાળાની એક સાંજે હું ગામમાં ગએલો. શાકપીઠ પાસે એક વાઘરી બાઈ પાસે રસદાર આમળાં જોયાં, ભાવ પૂછ્યો અને અઢી રૂપિયાનાં જોખાવ્યાં. મારી પાસે છૂટા પૈસા નહોતા, એટલે મેં બાઇને કહ્યું, કે મારી પાસે છૂટા પૈસા તો નથી, પણ દસની નોટ છે.

'કાંઈ વાંધો નહિ, ભૈલા! મારી પાસે યે પાછા આપવા જેટલા પૈસા નથી. તમતમારે આમળાં લઈ જાવ, અને ગામમાં જાતાંઆવતાં બેચાર દિ'માં આપી જાજો.'

બાઈ પાસે છૂટા પૈસા કદાચ ન પણ હોય એ મને સ્વાભાવિક લાગ્યું. મારે બસમાં તુરત પાછા ફરવું હતું, પણ મનમાં થયું કે અજાણ્યો છતાં વિશ્વાસ રાખીને આ બાઇએ મને જરાય ખચકાયા વિના આમળાં આપી દીધાં તો મારે યે તેને પૈસા આપીને જ જવું સારું. બહુ તો એકાદ બસ જતી કરવી પડશે, પણ પછી વળી આ તરફ શી ખબર કયારે આવવાનું થાય? ને ત્યાં સુધી આ પૈસા બાકી રહ્યાનો મનમાં ભાર રહ્યા કરે! બસ ભલે ચૂકી જવાય, ધરમ ન ચૂકવો.

આમ વિચારી બે ચાર દુકાને ફરી એકાદ ચીજ ખરીદીને દસની નોટ વટાવી અને પછી પેલી બાઈ પાસે જઇને તેના અઢી રૂપિયા આપી દીધા. બાકી ન રાખતાં હું તુરત પૈસા આપી ગયો એની આ બાઈ કદર કરશે એમ મારા મનમાં હતું, ત્યાં એણે તો કહ્યું કે, 'શીદને આંટો ખાધો, ભૈલા. મારી પાસે દસના છૂટા તો હતા જ.' ને એણે કેડેથી સાડલાનો છેડો કાઢી ગાંઠ છોડી તેમાં મેં આપેલા પૈસા મૂકયા, ખરે-ખર એની પાસે થોડા પરચૂરણ સાથે સહેજે સત્તર-અઢાર રૂપિયાની નોટો હતી. આ જોઈ મેં કહ્યું, 'ભલી બાઈ, તારી પાસે છૂટા પૈસા હતા તો પછી મને શીદને રખડવા મોકલ્યો?'

'ભૈલા, આ બે-અઢી રૂપિયાની કિંમત બે-અઢી રૂપિયા જેટલી જ. પણ માણસની બાંધી મૂઠી લાખ રૂપિયાની છે. હું પરચૂરણ કાઢું ને તમ જેવા સારા માણસ પાસેથી દસની નોટ જ ન નીકળી તો? પોતાનો ભરમ જાળવી રાખવા ઘણા ઘરાક બાંધી નોટ હોવાનું કે' છે ઈ અમે જાણીએ. પણ એમ કાંઈ ઘરાકની લાખ રૂપિયાની બાંધી મુઠ્ઠી ઉઘાડી નખાય? મારા ઘરાકનો ભરમ સાચવવો ઈ મારો ધરમ છે.'

એનો જવાબ સાંભળીને પૈસા બાકી ન રાખ્યાનો મારો બધો ગર્વ ગળી ગયો. વગર મૂડીએ વેઠ કરી પેટિયું રળનારી આ બાઈ ઘસારો ખમીને યે ઘરાકની પ્રતિષ્ઠા જાળવવાની કેટલી ખેવના રાખે છે? પૈસે-ટકે એ ભલે ગરીબ હતી, પણ દિલની એ કેટલી અમીર હતી! આના બદલે કોઈ રોનકદાર દુકાનને ઓટલે ચડયો હોત અને પાસે છૂટા પૈસા ન નીકળત તો? દુકાનદારે મને શું સંભળાવ્યું હોત તે તમે જ કલ્પી લો. તમે યે કયારેક તો એ સાંભળ્યું જ હશેને? □

યુવાન ઉત્તર ભારતીય જેવો હતો; બીજો કદમાં ઠીંગણો બેઠી દડીનો હતો. હું સ્ટૅન્ડર્ડની નજીક અંધારામાં છુપાઈને નજર રાખતો હતો. આ ઠીંગણા આદમીની ભમ્મર ઉપર ઘાનું એક નિશાન છે, શીવડી સ્ટેશને પેલો યુવાન છૂટો પડયો. હું પાંડેસાહેબ પાછળ રહ્યો. એમની સાથે પેલો બીજો આદમી પણ હતો. બંને જણ બાંદરા પાલી રોડ પર એક મકાનમાં ગયા હતા. મકાનના લિફ્ટમૅને કહેલું કે તેઓ બંને ઉપર રહેતા નંદકુમાર નામના એક સેકન્ડ ગ્રેડના ઍક્ટરના ફ્લૅટ પર ગયા હતા. આ ફ્લૅટ પર નજર રાખવા માણસ મૂકયો છે.'

કાર્તિકે આ બધી વિગતોનો ડાયરીમાં સમાવેશ કરવાનું નક્કી કર્યું. એથી પોતાની કામગીરીની કદર થવાનો સંભવ હતો. અલબત્ત, આમાં શર્વિલકનો ઉલ્લેખ દાબવો રહ્યો. કરમારકરે બજાવેલા કાર્યથી કાર્તિકને પૂરો સંતોષ થયો હતો.


'થૅન્ક યુ, મિ. કરમારકર. હું મારા રિપોર્ટમાં તમારી મદદનો જરૂર ઉલ્લેખ કરીશ. તમે પેલા ઠીંગણા આદમી વિષે માહિતી મેળવી આપો. મારા વતી તમારા સાહેબની મંજૂરી લઈ લેશો કે હું તેમને ફોન કરું?'

'હું એ પતાવી દઈશ, સર, અને કંઇ હશે તો આપને ફોન કરીશ.'

કાર્તિકને લાગ્યું કે બાબુલાલ કદાચ પૂના ગયો હશે. એણે પૂના સાથે પણ ફોન પર વાત કરી લીધી. પછી પોતાનો રિપોર્ટ લખવા બેઠો. સખારામ આવે તે દરમિયાન ફરી કરમારકરનો ફોન આવ્યો. તેણે જણાવ્યું કે પેલો બેઠી દડીનો માણસ ફિલ્મોમાં સ્ટંટમૅનનું કામ કરતો હતો. એક્સ્ટ્રા-સપ્લાયર પણ હતો. એનું નામ હતું દિલાવર.

કાર્તિકે તેનો આભાર માનતાં કહ્યું, 'એ દિલાવરની હિલચાલની

❋ ❋ ❋ ઘરઆંગણમાં બાગબાની



◁ નાનાંમોટાં ઝિનીઆ
અને બાલસમ ▽

અમીલાલ ઢાંકી

આ વર્ષે વરસાદની મહેર છે, એટલે ઘરનું આંગણુ લીલું-છમ થઈ આંખને ઠારે એવું થઈ ગયું હશે. એમાં જો ઉગાડ્યાં હશે તો ઝિનીઆ, બાલસમ, ગલગોટા વગેરે ફૂલોની રંગભભક ઔર રૌનક ઉમેરતી હશે. આની પાછળ કરવી પડતી જાતમહેનત પણ એક અનેરો સંતોષ આપે છે. આ મહેનત તો રોજેરોજ કરવી જ રહી.

આંગણામાં ઉગાડેલા ઝિનીઆનાં હવે ખીલવા માંડેલાં ફૂલોને એકાદ વેંતની ડાંડલી સહિત કાપીને ઘરની અંદર ફૂલદાનીમાં પણ ગોઠવી શકશો. આ ફૂલો ત્રણેક દિવસ સુધી ટકે છે. ગલગોટાની હજી શરૂઆત હશે, પણ ભેજવાળું હવામાન બદલાતાં એની યે એક અનોખી રંગભભક ઘરઆંગણને શોભાવે છે.

શાકભાજીના ક્યારાઓમાં હવે ભીંડો ઊતરવા લાગ્યો હશે. 'ભાદરવાનો ભીંડો' એટલે જ તો કહ્યો છે! આ એની ખરી ઋતુ છે. એના પર સારો ફાલ આવ્યા પછીથી છોડ ઊંચો વધ્યો હોય તો તેને ઉપરથી થોડો કાપી નાખવાથી નવી ફૂટ આવીને ફાલ બેસે છે. જો કે આ નવા ફાલના ભીંડાનું કદ કંઈક નાનું થાય છે. ગુવારનો પણ ઠીકઠીક ફાલ ઊતરવાનો આ સમય છે. રીંગણી, ટમાટાં અને મરચીના ફાલનો પણ આરંભ થઈ ગયો હશે. આ જ રીતે તૂરિયાં, ગલકાં, કારેલાં અને દૂધી પણ હવે તૈયાર થવા લાગશે.

પણ જાતમહેનતનું આ તૃપ્તિકર પરિણામ જોઈ આનંદથી બેસી ન રહેતાં એ બધાંના ક્યારામાં ગોડ કરતા રહેવું જરૂરી છે. ઉગાડેલા વેલ-છોડના વિકાસ માટે એ ખાસ જરૂરી છે. આ જ રીતે એમને નિયમિત પાણી આપવું પણ એટલું જ જરૂરી છે. વળી, આ ઋતુમાં છોડ પર જીવાતો પણ થાય છે, અને તે એક યા બીજી રીતે નુકસાન કરે છે. આ માટે દર પખવાડિયે, શાક ઉતારી લીધા પછી રોગોર, મેલેથીઓન કે ઍન્ડ્રિન દવાને પાણીમાં ભેળવીને જંતુનાશક દવા છાંટવાના પંપ વડે છોડ પર તેનો છંટકાવ કરવો જરૂરી છે. દવા છાંટ્યા પછી ત્રણ દિવસ સુધી નવું શાક ઉતારવું નહિ, અને તે પછી યે ઉતારેલું શાક સ્વચ્છ પાણીથી બરાબર ધોયા બાદ જ વાપરવું જોઇએ.

બીજી બાજુ શિયાળાના શાકભાજી માટે પણ હવે આગોતરી તૈયારીઓ કરવા માંડવી જોઇએ. કૅબિજ, ફૂલકૉબી, નોલકોલ, બિટરૂટ, મૂળા, ગાજર અને વાલોળ, પાપડી, ફણસી વગેરે માટે તૈયારી આદરવાનો આ સમય છે. આ માટે ભીંડાની મોસમ પૂરી થતાં તેના છોડ મૂળ સહિત ખેંચી કાઢી, ક્યારાઓને નવેસરથી ગોડ કરી તેમાં ગળતિયું ખાતર ભેળવી નવા છોડવેલ ઉગાડવાની તૈયારી કરવી. ફાજલ જમીન ન હોય તો વાંસના ટોપલા કે લાકડાના ખોખામાં ગળતિયું ખાતર અને માટી ભરી તેમાં કૅબિજ, ફૂલકૉબી (ફ્લાવર), નોલકોલ જેવાં શિયાળુ શાકનાં બીજ જાતવાર છાંટી દેવાં. બીજ છાંટતાં પહેલાં તેને થોડો સમય તડકો બતાવવો, અને પછી છાંટીને તેના પર હાથ ફેરવી ખાતર-માટી સાથે ભેળવી દેવાં, પણ એ બહુ ઊંડાં ઊતરે નહિ તે લક્ષમાં રાખવું. આ પછી તેના પર પાણી છાંટવું.

ત્રણ-ચાર દિવસમાં તો એ બી ઊગી નીકળશે. એ ઊગેલા રોપામાં પ્રથમ બે પાન પછી ત્રીજું પાન જે તે છોડના લાક્ષણિક પાનના આકારનું હશે. આ સમયે ક્યારેક એ પાન સાથે ભળી જાય તેવા લીલા રંગની ઝીણી ઇયળો પણ પેદા થાય છે, જે પાનને ખાઈ જાય છે. આ માટે 'લેડ આર્સેનેટ' નામની દવાની ભૂકી કળીચૂનામાં ભેળવી તે પાવડર છાંટવાથી ઇયળો નાશ પામે છે. આ દવા પ્રવાહી રૂપમાં પણ મળે છે. ટોપલા કે ખોખામાં તૈયાર કરેલા આ રોપ-ધરુ છએક પાનવાળું થાય ત્યારે તે ક્યારામાં ચોંપવા માટે લાયક બને છે.

આ રીતે તૈયાર થએલા ધરુને, પાણી છાંટી હળવે હાથે મૂળ સહિત ઉપાડીને ક્યારાઓમાં યોગ્ય અંતરે રોપવા. કૅબિજ, ફ્લાવરના રોપ ચોરસ-ચોરસ બબ્બે વેંતના અંતરે રોપવા. એ તો યાદ હશે કે આ કામ સાંજના સમયે જ કરવાનું હોય છે. રોપને ક્યારામાં ચોંપ્યા પછી તેને ટટ્ટાર ઊભો રહે તે રીતે આજુબાજુ થોડી માટી દબાવવી. આ શાકના ક્યારાની પાળી પાસે બિટ, ગાજર અને મૂળાના રોપ પણ એકાદ વેંતને અંતરે હારબંધ રોપી શકાય.

ફણસીના છોડ અને વેલા એમ બે જાત થાય છે. તેનાં બી સીધાં ક્યારામાં રોપી શકાય છે. છોડ દોઢેક ફૂટ ઊંચા વધે છે. એને વેંતવેંતના અંતરે વાવી શકાય. જ્યારે વેલાને માટે એકાદ હાથ જેટલું અંતર રાખવું અને તેને ચડવા માટે ટેકા પણ મૂકવા જરૂરી છે.

વાલોળની યે લાંબી, ટૂંકી, ચપટી, ગોળ, ફાફડા જેવી પહોળી તથા ધોળી, લીલી ને લાલ ઝાંયવાળી એમ અનેક જાત થાય છે. વેલાને ચઢાવવાની સગવડ હોય ત્યાં જ તેનાં બી રોપવાં અનુકૂળ થાય છે. પાપડીની પણ સુરતી અને કતારગામની એમ બે જાત જાણીતી છે. તેનો ફાલ ઝૂમખાંમાં બેસે છે. તેના વેલાને પણ ટેકા આપવાની જરૂર છે.

પૂરેપૂરી ડાયરી રાખજો. આ બધું બહુ અગત્યનું છે. બને તો તેના ફોન...'

'સમજી ગયો સાહેબ, એ પણ થઈ શકશે.' કરમારકરે કહ્યું, ને પછી ઉમેર્યું, 'આપ હવે મારા સાહેબને ફોન કરી દેજો; કારણ, હવે અમારે ચારપાંચ જણે આ ડ્યૂટી કરવી પડશે.'

આ પછી કાર્તિકે પોતાની ડાયરી તૈયાર કરવા માંડી. અર્ધી રાતે ફોન મળતાં ખૂનની તપાસ માટે કોલાબા ગયો ત્યાંથી માંડી. ત્યાં કેવી રીતે તપાસ કરી, કેટલી વિગતો મેળવી, બાબુલાલ રોહતગીને ગિરફતાર કરી લાઈનઅપમાં તેની હિલચાલ પુરવાર કરતા સાહેદો દ્વારા તેની ઓળખ પાકી કરી તે બધું વિગતવાર નોંધ્યું. મોનાના રૂમમાંથી મળેલી વસ્તુઓની યાદી, પૅસ્ટમૉર્ટમનો રિપોર્ટ, શબ સોંપતી વખતે તેના પરનાં જે વસ્ત્રો ઉતારી લીધેલાં તેની તપસિલ, પૂના જઇને કરેલી તપાસની નોંધ અને ત્યાંથી મેળવેલું બયાન પણ સાથે મૂક્યું. બાબુલાલનો પીછો કરીને 'મહેરનૉશ'માંથી મેળવેલી માહિતી, હીરાની દાણચોરીમાં પડેલા ફિલ્મી ઍક્ટર નંદકુમાર અને સ્ટંટમૅન દિલાવર વગેરેની વિગતો પણ આપી, તથા આ કામમાં શીવડી પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર કરમારકરે કરેલી સહાયની નોંધ લખીને આ ખૂનની તપાસમાં તેમની મદદ જરૂરી હોઈ તેમની ડ્યૂટી માટે પણ માગણી મૂકી. સામા પક્ષે ગણાત્રા જેવા બાહોશ વકીલ હોઈ તેમની સામે પોલીસ પ્રૉસિક્યુટરને ઉપયોગી થઈ શકે તેવી સઘળી વિગતો તેણે એમાં મૂકી. અલબત્ત, આમાં શર્વિલકનો ઉલ્લેખ તેણે ટાળ્યો હતો, અને એ જ રીતે મહેરનૉશની મુલાકાતની વિગતોમાં પાંડેસાહેબનું નામ પણ.

સંપૂર્ણ ડાયરી તૈયાર કરી કાર્તિકે તે આલોકસાહેબને મોકલી

આપી, અને ડ્યૂટી પરથી ફારેગ થવાની રજાની માગણી મૂકી દીધી.

દસેક વાગ્યે સખારામ જીપ લઇને આવ્યો. પછી આલોકસાહેબના બોલાવવાથી જ્યારે કાર્તિક તેમની પાસે ગયો ત્યારે તેને લાગ્યું કે એમણે પોતે મોકલાવેલી ડાયરી વાંચી લીધી હતી અને એ કંઈક પ્રસન્ન પણ દેખાતા હતા. કદાચ પાંડેસાહેબનો ઉલ્લેખ પોતે ટાળ્યો હતો એટલે હશે તેમ કાર્તિકે માન્યું. સેલ્યૂટ કરી એ 'ઍટેન્શન'માં ઊભો રહ્યો.

'શર્વિલકને ગિરફતાર કર્યો?' આલોકસાહેબે પહેલો જ પ્રશ્ન કર્યો.

'સર, મેં દિલ્હી ફોન કર્યો હતો. શર્વિલક ત્યાંની જેલમાં જ છે. આ ઈન્ફોર્મર કદાચ કોઈ બીજી જ વ્યક્તિ પણ હોય.'

'મેં પણ દિલ્હીથી તે વિગત મેળવી છે.' આલોકસાહેબે કહ્યું. અને પછી બોલ્યા. 'આ કેસમાં અત્યાર સુધી તમે જ તપાસ ચલાવી છે એટલે હમણાં તો તમે જ એ સંભાળો, અને આ કેસ પતી જાય પછી પાંડેનું માન સાચવવા તમને બીજા કોઇ સ્થળે મૂકવામાં આવશે. અલબત્ત, એ સ્થળ તમારી પસંદગીનું હશે.'

'સર, મને જો છૂટો કરો તો...'

'ઇન્સ્પેક્ટર, અહીંની નોકરીમાંથી છૂટા થાઓ એટલે પછી ક્યાંય નોકરી ન મળે એ તો ખબર છે ને? એટલે માન ખાવાની જરૂર નથી. કેરી ઑન યૅાર ડ્યૂટી.'

સૅલ્યૂટ કરી કાર્તિક બહાર આવ્યો. પોલીસ પ્રોસિક્યૂટરને એણે એકઠા કરેલા બધા પુરાવા તથા સાહેદોની જુબાની તથા બયાનનાં કાગળિયાં પહોંચાડ્યાં અને પોતાની ઑફિસે ડ્યૂટી-રિપૅાર્ટ મૂકી એ ઘેર આવ્યો. દોડાદોડ અને ઉજાગરાને કારણે એ ખૂબ થાકી ગયો હતો. પણ ઘરમાં આવી બેઠો ત્યાં ટેલિફોનની ઘંટડી રણકી:

'નમસ્તે, કાર્તિકસાહેબ!' અવાજ શર્વિલકનો જ હતો, 'અત્યારે એક વાગ્યો છે. બે વાગ્યે સાંટાક્રુઝ એરપોર્ટ પર હું તમારી રાહ જોઇશ. બાબુલાલે બૅામ્બે-ગોવા ફ્લાઇટ આઇસી-૧૯૭માં ટિકિટ બુક કરાવી છે. મેં પણ ત્રણ ટિકિટો લઈ રાખી છે. એમાં એક તમારી છે. તેના પૈસા રૂબરૂ લઇ લઇશ. તમે ગોવા પોલીસને સાદા વેષે 'ડૅબોલિમ' એરપૅાર્ટ ઉપર તૈયાર રાખવા લાઇટનિંગ કૅાલ કરાવી દેજો. આલોકસાહેબને પણ જાણ કરી દેજો, અને તમે પણ સાદા વેષમાં જ આવજો. ઓળખ માટે પાસવર્ડ 'મદનિકા', યા ઇચ્છો તો 'દેવસેના' રાખજો – બોલવા-સાંભળવામાં જરા મીઠો લાગે!' અને હસતાંહસતાં શર્વિલકે ફોન મૂકી દીધો.

દેવસેનાને થાળી પીરસવાનું કહી કાર્તિકે આલોકસાહેબને ફોન કરીને બાબુલાલની પાછળ જવાની મંજૂરી મેળવી લીધી અને ગોવા ફોન કરવાનું કહીને પાસવર્ડ 'દેવસેના' જણાવ્યો. સખારામને પણ બહાર જવા માટે તૈયાર રહેવા કહેવડાવી દીધું.

ફરી ઘંટડી રણકી. કરમારકરનો ફોન હતો: 'સર, દિલાવર આજે બપોરે ગોવા જાય છે એવી માહિતી મળી છે. મારે હવે શું કરવાનું છે? આલોકસાહેબે મારી ડ્યૂટી ઉછીની માગી લીધી છે.'

'તમે નંદકુમાર અને દિલાવરના માણસો પર તથા મહેરનૅાશ પર જ નજર રાખજો. તમારા રિપોર્ટની ત્રણ નકલ કરજો, તમારા બૅાસ માટે અને આલોકસાહેબ માટેની નકલો એમને પહોંચાડજો ને મારા માટે એક નકલ રાખી મૂકજો. હું હમણાં ઉતાવળમાં છું.'

કાર્તિક તૈયાર થયો તે દરમિયાન સખારામ ટૅક્સી લઇને આવ્યો. પોતાની જીપના બદલે ટૅક્સી જોઇ તેને નિરાંત થઇ. કારણ જીપને કારણે એ ઓળખાઇ જવાનો પૂરો સંભવ હતો. એરપોર્ટ પર એ ઊતર્યો ત્યાં એક અજાણ્યો માણસ તેની પાસેથી પસાર થયો. જતાંજતાં એ બહુ ધીરે અવાજે બોલતો ગયો, 'મદનિકા-દેવસેના'. એ શર્વિલકનો જ માણસ હોવાનું કાર્તિક સમજી ગયો. એની પાછળ જતાં કાર્તિકે ઇશારત કરી સખારામને તેના પર નજર રાખવાની સૂચના આપી દીધી.

પેલા માણસની પાછળ કાર્તિક એરપોર્ટના ટૅાયલેટ રૂમમાં પહોંચ્યો. ત્યાં એક બાથરૂમ તરફ ઇશારત કરી પેલો માણસ બીજી તરફ ચાલ્યો ગયો. કાર્તિક બાથરૂમમાં પેઠો. અંદર શર્વિલક હતો. એણે કાર્તિકને ચૂપ રહેવા ઇશારત કરી અને તુરત પોતાના ખિસ્સામાંથી રબ્બરનો એક માસ્ક કાઢીને કાર્તિકના ચહેરા પર ચડાવી દીધો, અને કાર્તિકનું આશ્ચર્ય શમે તે પહેલાં તો તેણે પોતે પણ માસ્ક ચડાવી દીધો. પછી તુરત ખિસ્સામાંથી પ્લેનની ટિકિટ કાઢીને કાર્તિકના હાથમાં મૂકી ઇશારતથી પૈસા માગ્યા. કાર્તિકે પણ ચૂપચાપ તેના હાથમાં પૈસા મૂકી દીધા અને બાથરૂમની બહાર નીકળી ગયો. ટૅાયલેટ રૂમમાં શર્વિલકના પેલા માણસ સિવાય કોઇ હતું નહિ. હાથ ધોવાને બહાને કાર્તિકે વૅાશબેઝિન પરના આયનામાં પોતાના નવા ચહેરા પર નજર કરી લીધી. હવે તે બિલકુલ ઓળખાય નહિ તેટલો બદલાઇ ગયો હતો. પોતાના વર્ણ સાથે મળી જતો એ રબ્બરનો માસ્ક એના ચહેરા પર બરાબર બંધબેસતો આવી રહે એ રીતે તૈયાર કરાવવામાં શર્વિલકે શી કરામત વાપરી હશે તે તેના દિમાગમાં ઊતર્યું નહિ, પણ કાર્તિક જાણતો હતો કે એને માટે આવાં બધાં કામ તો બચ્ચાંના ખેલ સમાં હતાં. મનોમન તેને સમજાઇ ગયું કે શર્વિલક મુંબઇમાં હતો તેમ દિલ્હીની જેલમાં પણ કેમ હતો.

બહાર આવી કાર્તિકે આમતેમ લટાર મારી, પોતાના પોલીસ-સ્ટેશનને રિપોર્ટ કરી એ પ્લેન પર જવાની જાહેરાતની રાહ જોતો બેઠો. એમની ફ્લાઇટ ૧૪-૪૫ વાગ્યે હતી.

પ્લેનમાં કાર્તિકની બાજુમાં જ શર્વિલકની બેઠક હતી, સાથે જે ત્રીજી વ્યક્તિ પણ હતી તેની શર્વિલકે ઓળખ આપી કે એ કસ્ટમ ઈન્સ્પેક્ટર કદમ હતા. અલબત્ત, જે દેખાતો હતો એ ચહેરો એમનો પોતાનો નહોતો જ. કાર્તિકને લાગ્યું કે શર્વિલક બાબુલાલની પાછળ બરાબર મચી પડ્યો હતો. મોનાના ખૂનનો બદલો લીધા સિવાય એ હરગીઝ જંપશે નહિ. પોતાને એ જે સહાય કરી રહ્યો હતો તે પણ આ ઉદ્દેશ સાધવા માટે જ. આમ, એક રીતે તો શર્વિલક પોતાનું લક્ષ સાધવામાં પોલીસ ખાતાની, અને હવે કસ્ટમ ખાતાની પણ સહાય લઈ રહ્યો હતો.

ટૅાયલેટમાં જવાના બહાને કાર્તિકે ઊભા થઈ પાછળની બેઠકમાં નજર કરી લીધી. પાછળની બેઠકોમાં બાબુલાલ અને દિલાવર ઉપરાંત પાંડેસાહેબને જોઇ કાર્તિક મનોમન મલકાયો. આલોકસાહેબને પાંડે શું સમજાવીને આવ્યા હશે એ તે વિચારી રહ્યો.

બરાબર ૧૬-૦૦ કલાકે પ્લેન ગોવાના ડૅબોલિમ એરપોર્ટ ઉપર ઊતર્યું. કાર્તિક, શર્વિલક અને કદમ એકબીજાથી છૂટા પડી બાબુલાલ અને તેના સાથીઓ પર નજર રાખવામાં લાગી ગયા. ઝીણવટભરી નજરે કાર્તિકે એક સાદા વેષધારી ઑફિસરને પકડી પાડચો. પાસવર્ડથી ઓળખ આપી તેને એક બાજુએ લઈ જઇને ટૂંકમાં તેને કહેવા યોગ્ય જરૂરી મુદ્દાઓ સમજાવી દીધા. દરમિયાન બાબુલાલ અને તેના સાથીઓ એરપોર્ટના રેસ્ટોરાંમાં જઇને બેઠા. ત્યાં ટેબલ પર બીજા બે જણ પણ બેઠા હતા જેમાંના એકને જોઇને કાર્તિક નવાઈ પામ્યો. થોડી વારે નાની કાળી સૂટકેસ સાથે એક વિદેશી નાવિક પણ ત્યાં આવીને એમની સાથે ચા-નાસ્તામાં ભળી ગયો. કાર્તિકને લાગ્યું કે આ બેઠક અંગે અગાઉથી સંતલસ થઈ હોવી જોઈએ. શર્વિલક ક્યાંય નજરે ચડતો નહોતો. કદમ એક તરફ બીઅરનો મગ લઈ શાંતિથી બેઠા હતા.

ગોવાના પેલા સાદા વેષધારી પોલીસ અફસર બાંદોડકરે કાર્તિકને માહિતી આપી કે, 'હાલમાં અહીં બંદર પર દેશી ટ્રાફિક વધારે છે, પણ

બાયો-મેડિકલ એન્જિનીઅરિંગ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આજના અવકાશ-યુગમાં વિજ્ઞાન અને જીવવિજ્ઞાનના સંયોગીકરણથી વિકાસ પામેલી બાયો-મેડિકલ એન્જિનીઅરિંગનાં પરિણામો અદ્ભુત છે. આર્ટિફિશિયલ કિડની, હાર્ટલંગ મશીન, સ્કેનિંગ, આર્ટિફિશિયલ રેસ્પીરેટર્સ, આર્ટિફિશિયલ હાર્ટવાલ્વ, કાર્ડિયાક પેસમેકર વગેરે, નિદાન, ઉપચાર અને સંશોધન માટેનાં પણ બાયોમેડિકલ એન્જિનીઅરિંગનાં નવાં સાધનો કે પદ્ધતિ છે. ડૉક્ટર, એન્જિનીઅર, ભૌતિક વિજ્ઞાની, ગણિતી, રસાયણ વિજ્ઞાની અને ટેક્નિશિયનો એકઠા મળી ઇલેક્ટ્રોનિક અને મિકેનિકલ શોધમાં પડ્યા છે. આ રીતે ભવિષ્યની વૈદકીય પ્રેક્ટિસમાં યંત્રોનો ઉપયોગ વધી રહ્યો છે. લોહીની નળીઓ, સ્નાયુઓ અને હાડકાની છબીઓ ટેલિવિઝન પડદા ઉપર જોઈ શકાય એવી એક અલ્ટ્રાસાઉન્ડ પદ્ધતિ પણ વિકાસ પામી છે. એક્સ-રે દ્વારા ન દેખાતી લોહીની નળીઓ અને બીજી પેશીઓની રોગિષ્ઠ સ્થિતિ આ રીતે જલ્દી પરખાય છે.

રોગિષ્ઠ હૃદય માટે છાતીમાં ઇલેક્ટ્રોનિક પેસમેકર ગોઠવાય છે. આની બૅટરી ચારથી પાંચ વર્ષે બદલવી પડે છે. રેડિયો આઇસોટૉપવાળું પેસમેકર દસ વર્ષ સુધી હૃદયને કાર્યરત રાખે છે.

સૂર્યના તેજોવલય કરતાંય વધારે ગરમ એવો આરગોન ગૅસ છોડતા ચપ્પુ વતી અતિ લોહિયાળ ભાગમાં ઑપરેશન કરવા છતાં ય કોએગ્યુલમના પાતળા પડથી લોહીની નળીઓ સંધાવાથી રક્તસ્રાવ થતો નથી. આ નવું ઓજાર જ્ઞાનતંત્રની શસ્ત્રક્રિયા માટે ખાસ ઉપયોગી છે.

ટી. વી. કૅમેરા જેવા થર્મોગ્રાફથી શરીરના ઉષ્ણતામાનના નકશા તૈયાર થાય છે. તેના વડે આર્થરાઇટિસ (સાંધાનો સોજો), સ્તનનું કૅન્સર અને ગડ જોઈ પારખી શકાય છે.

સ્નાયુમાં ઇલેક્ટ્રોડ ગોઠવવાથી વજનમાં હલકો કૃત્રિમ હાથ વિચાર પ્રમાણે કામ ઉપાડે છે. હાથમાં ગોઠવેલા કૉમ્પ્યુટરની સહાયથી હાથનું હલનચલન થાય છે. આસરે બે રતલ વજનનો હાથ પચાસ રતલ વજન પકડે છે અને દસ રતલ વજન ઊંચકે છે. વજનની વધઘટ જાણી હાથ જરૂર પડે કુદરતી હાથની જેમ પકડવાનું બળ વધારે છે. આવા કૃત્રિમ પોંચા અને આંગળાં પણ બનાવાયાં છે.

દાઝેલા રોગીને ડ્રેસિંગ લગાડતાં પહેલાં ચોવીસેક કલાક સુધી હૂંફાળી હવાના પાતળા થર ઉપર 'તરતા' સુવાડવા માટે બાયોમેડિકલ એન્જિનીઅરોએ હૉવરબેડ બનાવી છે. આનાથી બીજો કંઈ ચેપ લાગ્યા વગર પુષ્કળ દાઝેલો ભાગ જલ્દી સુકાય છે.

સામાન્ય રીતે ડાયાલિસીસ માટે રોગીને અઠવાડિયામાં ત્રણ વાર દર વખતે પાંચ કલાક સુધી સૂતા રહેવાથી સહેજે કંટાળો આવે પણ હવે ઘરઆંગણે પણ આસાનીથી વાપરી શકાય તેવી માત્ર સાડાત્રણ કિલોગ્રામ વજનની કૃત્રિમ કિડની (વેરેબલ આર્ટિફિશિયલ કિડની-'વૅક') બની છે. આની સહાયથી રોગી મુસાફરી કરી શકે છે અને ટેબલ ઉપર બેસી કામધંધો કરી શકે છે.

જલ્દી ઠારીને પુષ્કળ ઠંડા ઉષ્મામાને શરીરનાં અવયવો સાચવી શકવાની નવી રીતથી, કૉર્નિયા, લોહીના લાલ કણો, હાડકાં અને શુક્રકોષો વગેરે જીવંત રાખીને સાચવી શકાશે. કૅન્સર, વિષાણુ અને જનનશાસ્ત્રના સંશોધન માટે ઇલેક્ટ્રોનિક સેલકલ્ચરથી રોજ પુષ્કળ સંખ્યામાં માનવકોષો પણ ઉગાડી શકાશે.

બંધ પડેલા હૃદયને ચલાવવા માટે ડૉક્ટર છાતી ચીરી આંગળાંવતી હૃદયને દબાવે છે. આ બન્ને થકવનારી અને મુશ્કેલીભરી રીતો છે. પણ બાયવેન્ટ્રીક્યુલર કાર્ડિયાક એસીસ્ટર સ્નાયુની જેમ જ હૃદયને દબાવવા-ખેંચવાનું કામ ઉપાડી કલાકો જ નહિ, દિવસો સુધી હૃદયને ધબકતું રાખે છે.

ગળું, કંઠનળી, શ્વાસનલિકાઓ, હોજરી અને આંતરડાંની અંદર જોવા માટે ફાઈબર-ઑપ્ટિક ઓજારો વપરાશમાં આવ્યાં છે, જેનાથી અવયવોના રોગો પરખાય છે અને સફળ ઉપચાર થાય છે.

ઇલેક્ટ્રોનિક માહિતીનું સંસ્કરણ કરતાં કૉમ્પ્યુટરો હૉસ્પિટલો અને મેડિકલ કેન્દ્રોને માહિતી પૂરી પાડવાનું અનોખું કામ કરી રહ્યાં છે.

મગજ કે કાનમાં કૃત્રિમ રીતે દૃષ્ટિ અને શ્રવણશક્તિ પ્રાપ્ત કરવા અંગે સંશોધનો ચાલુ છે.

હાર્ટઍટેક કે હૃદયરોગથી મરણાધીન રોગીને પુનર્જીવન બક્ષવા બૅટરીથી ચાલતાં સાધનો થોડાં વરસોમાં તૈયાર થવાની શક્યતા છે.

દાક્તરો અને એન્જિનીઅરો ભેગા મળી કરામતભર્યાં ઓજારો અને સાધનો બનાવી રહ્યા છે, જેથી રોગનિદાન અને ઉપચારમાં ક્રાંતિ આવી છે. નવાં સાધનો સાથે ડૉક્ટર-એન્જિનીઅર અને એન્જિનીઅર-ડૉક્ટરની નવી પેઢી અસ્તિત્વમાં આવી છે. પહેલો જણ દાક્તરી અભ્યાસ પૂરો કરીને એન્જિનીઅરિંગ વિજ્ઞાનની ઊંડી તાલીમ પામે છે, તો બીજો એન્જિનીઅરિંગનો અભ્યાસ પૂરો કરીને પછી ઍનેટોમી, બાયોકૅમિસ્ટ્રી તથા ફિઝિયોલૉજીનો અભ્યાસ કરે છે. □

'આર્કાડિયા' નામનું એક નાનું જહાજ હમણાં આવ્યું છે. આ બ્રિગ પી. ઍન્ડ ઓ. લાઈનરમાંથી ગોવાનો માલ લેવાદેવા ફેરા કરે છે. પેલો નાવિક એ જહાજનો જ છે.'

કાર્તિક અને બાંદોડકર ત્યાં નજર ખોડીને જ બેઠા હતા. એકાએક એમણે જોયું કે બાબુલાલે પોતાની સૂટકેસ ઉઠાવી. ના, એ સૂટકેસ એની નહોતી, પેલા નાવિકની હતી. બંનેની સૂટકેસ એકસરખી જ દેખાતી હતી. બહુ સ્વાભાવિક લાગે તે રીતે બાબુલાલે સિફતથી સૂટકેસ બદલી નાખી અને જવા માટે ઊભો થયો. દિલાવર પણ ઊઠ્યો. કદમે બાબુલાલની આ ચાલાકી જોઈ હશે કે કેમ તે વિચારતો કાર્તિક પણ બાંદોડકરને સાથે લઈ ઊભો થયો. બાબુલાલે ટૅક્સી કરી. કાર્તિક ને બાંદોડકર પણ બાબુલાલની પાછળ જવા બીજી ટૅક્સીમાં ગોઠવાયા. ડ્રાઈવરે ગાડી સ્ટાર્ટ કરી ત્યાં શર્વિલક પણ તેમની સાથે જોડાઈ ગયો. તેના હાથમાં પણ પેલાઓના જેવી જ એક કાળી સૂટકેસ હતી. ટૅક્સીમાં બેસતાં જ તેણે ડ્રાઇવરને 'હોટેલ ઝુઆરી' તરફ ગાડી લઈ લેવાની સૂચના આપી. રસ્તામાં શર્વિલકે પોતાની સૂટકેસ ખોલી તેમાં ભરેલાં નાનાંનાનાં સફેદ પૅકેટ બતાવતાં કહ્યું : 'કોકેન કે હેરોઇન લાગે છે. આ સૂટકેસ પેલા નાવિકની છે. રેસ્ટોરાંમાં આવતાં પહેલાં એ વચ્ચે સિગારેટ ખરીદવા થોભ્યો ત્યારે મેં સિફતથી મારી સૂટકેસ સાથે બદલી નાખી છે. હાલમાં બાબુલાલ પાસે જે સૂટકેસ છે તે મારી છે અને આ પેલો નાવિક બાબુલાલને આપવા માટે લાવેલો તે છે. આમાં શો માલ ભર્યો છે તે જાણવા માટે આ ચાલાકી કરવી પડી. હવે ઝુઆરીમાં બાબુલાલ પોતાની રૂમમાં પહોંચે એ પહેલાં ફરી સૂટકેસ બદલી લેવી પડશે.'

'પણ તમે પોતે જ દાણચોર હો તો...?' બાંદોડકરને આગળ-પાછળની બિનાનો બહુ ખયાલ નહોતો એટલે એની શંકા પણ વાજબી હતી. કાર્તિકે જોયું કે તેના હાથમાં નાની પિસ્તોલ આવી ગઇ હતી. 'નહિ, મિ. બાંદોડકર.' કાર્તિકે કહ્યું : 'આ મારા સાગરિત છે. એ સૂટકેસ બદલી નાખે તે પછી ઝુઆરીમાં તમે બાબુલાલને પકડી શકો છો.' અને પછી તેણે શર્વિલકને કદમના ખબર પૂછ્યા.

'એ બનતાં સુધી પેલા નાવિક પાછળ ગયા હશે. પેલો પણજી જવાનું કહેતો હતો એટલે કદાચ છેક ત્યાં સુધી પણ જાય. હું યે ઉતાવળમાં હતો એટલે વાત તો ન થઈ પણ મેં એમને 'મંડોવી' ઉપર મળવાનું કહ્યું છે. આપણે તો ઝુઆરીમાં જ ઊતરીશું ને?' પછી બાંદોડકર તરફ ઝૂકીને બોલ્યો : 'તમે બાબુલાલને હમણાં ન પકડો તો? મારે તેના ગ્રાહકોને ઓળખવા છે.' કાર્તિકે પણ શર્વિલકના વિચારને અનુમોદન આપ્યું, પણ બાંદોડકર તે માટે સંમત ન થયો. તેને યશ જોઇતો હતો.

'તો પછી', શર્વિલકે સૂચવ્યું : 'તમે તેને તેની રૂમમાં જ પકડજો. બહાર કશી હોહા થવા દેવાની જરૂર નથી.'

હોટેલ ઝુઆરી આવતાં જ શર્વિલક ઝડપથી સૂટકેસ સાથે ટૅક્સીમાંથી ઊતરી ગયો. બાબુલાલ ટૅક્સીમાંથી પેલી સૂટકેસ સાથે ઊતરીને સીધો કાઉન્ટર તરફ ગયો. કાર્તિક ધીરેધીરે એ તરફ ચાલતો થયો. બાંદોડકર જરા પાછળ રહ્યો. દરમિયાન દિલાવર ટૅક્સીના પૈસા ચૂકવવા તથા બાકીનો સામાન કુલી પાસે ઉપડાવી લાવવા પાછળ રોકાયો. કાર્તિકે શર્વિલકને પણ બાબુલાલની સાથે થઈ જતો જોયો. બાબુલાલે કાઉન્ટર પાસે જઈ સૂટકેસ પોતાના પગ પાસે મૂકી અને રીસેપ્શનિસ્ટ સાથે વાત કરવા લાગ્યો ત્યાં શર્વિલકે ચાલાકી કરી લીધી. પણ એ ત્યાંથી ખસે એ પહેલાં તો તેણે દિલાવરને દોડી આવતો જોયો. શર્વિલક અને દૂરથી આ બધું જોઈ રહેલો કાર્તિક બંને સમજી ગયા કે દિલાવરને કંઈક શંકા પડી છે. શર્વિલકે દોટ મૂકી. દિલાવર પણ દોડ્યો અને કાર્તિક એવી રીતે ઝડપથી એ બેની વચ્ચે આવી ગયો કે દિલાવર તેની સાથે અથડાઈ પડ્યો. કાર્તિક તેને આમ દોડવા બદલ ઠપકો આપવા લાગ્યો ને પછી માફામાફી કરી. દિલાવરને આમ રોકી રાખીને કાર્તિકે શર્વિલકને છટકી જવાની સગવડ કરી આપી. અને શર્વિલકને માટે એ થોડી ક્ષણો તો પર્યાપ્ત હતી. એટલામાં બાંદોડકર પણ નજીક આવી પહોંચ્યો અને સિફતથી કાર્તિકના હાથમાં તેના રૂમની ચાવી સરકાવી દઈ ચાલ્યો ગયો. દિલાવર પણ જાણે કંઈ બન્યું નથી તેવો ડોળ કરતો એમનો સામાન ઉપાડી રાહ જોતા કુલી પાસે ચાલ્યો ગયો.

કાર્તિક પણ પછી નિરાંતથી રૂમમાં પહોંચી ગયો. થોડી વાર પછી બહાર કંઈ હલચલ મચેલી લાગતાં એ રૂમની બહાર આવ્યો ત્યારે જોયું કે બાંદોડકરે બાબુલાલની રૂમ પર છાપો માર્યો હતો. બાબુલાલ અને દિલાવરને એણે પકડ્યા હતા. પ્રેસ-ફોટોગ્રાફરો કામે લાગી ગયા

'કુમાર'નું વાર્ષિક લવાજમ (હવે ૧ ઑક્ટોબર '૮૧થી રૂ. ૨૪ના બદલે રૂ. ૩૦) મનીઑર્ડર અથવા બૅંક ડ્રાફ્ટ દ્વારા જ મોકલવા વિનતિ. બૅંક કમિશનના રૂા. ૩/– ઉમેર્યા સિવાયના લવાજમના ચેક સ્વીકારવામાં આવશે નહિ. લવાજમ મોકલતાં તેમ જ પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહકોએ પોતાનાં નામ-સરનામાં સુવાચ્ય અક્ષરે સ્પષ્ટ લખવાં તથા જૂના ગ્રાહકોએ પોતાનો ગ્રાહક-નંબર પણ જણાવવા વિનતિ.

હતા. પણ આમાં ક્યાંય પાંડેસાહેબ નજરે ચડતા નહોતા. કાર્તિક પોતાની ચકોર નજરે પણ નિર્લેપ ભાવે બધું જોઈ રહ્યો હતો. એણે એ પણ જોયું કે આટલી ધમાલ વચ્ચે યે બાબુલાલ ને દિલાવર ચૂપચાપ બેસી રહ્યા હતા. અને એક ખૂણામાં કાર્તિકે વામનરાયને પણ શાંતિથી આ ધમાલ જોતા જોયા.

બીજે દિવસે સવારે છબીઓ સાથે આ બનાવની વિગતોથી છાપાં ભરપૂર હતાં. તેમાં જાહેર થયા પ્રમાણે પાંચેક લાખ રૂપિયાનું હેરોઈન પકડાયું હતું. કાર્તિક મનોમન ખુશ હતો. અગિયારેક વાગ્યે તેણે વકીલ ગણાત્રાને પણ જોયા. કદાચ સવારની ફ્લાઈટમાં એ અહીં આવ્યા હશે. પોલીસે રીમાન્ડ માગી હતી અને તે મળી હતી. કાર્તિકને અહીં હવે ખાસ કોઇ કામ નહોતું એટલે એ બપોરની ફ્લાઇટમાં મુંબઇ પાછો ફર્યો. દરમિયાન તેણે ગોવાના પોલીસ ખાતામાંથી બાબુલાલનો રિપોર્ટ, ફોટો, માદક પદાર્થોની વિગત વગેરે મેળવી લીધાં હતાં.

કાર્તિક પ્લેનમાં બેઠો ત્યાં શર્વિલક પણ તેની બાજુમાં આવી ગયો. તેણે કાર્તિકને કહ્યું : 'કદમ કૉચીન જવાના હતા.' અને પછી કાર્તિકને એક બંધ કવર આપતાં કહ્યું : 'એ આ કવર આપતા ગયા છે તે તમારે મુંબઇમાં એમના સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબ દીક્ષિતને પહોંચાડવાનું છે.' પછી કંઈક હળવાશ અનુભવતાં બોલ્યો : 'કેમ સાહેબ, આ બાબુલાલ અહીં રંગેહાથ પકડાયો તેના પુરાવા તમારા સાંયોગિક પુરાવાવાળા મોનાના ખૂન કેસમાં કામ લાગશેને?'

'શર્વિલક', પોતાની ખુશી દબાવતાં કાર્તિકે કહ્યું : 'કોર્ટ આરોપીને શંકાનો લાભ પણ આપે છે. બાબુલાલને સજા થશે તે આ દાણચોરીના કેસમાં, ખૂન કેસમાં નહિ. અમારા પ્રોસિક્યુટર મનસૂર વાયડાનો અભિપ્રાય જુદો છે. તેથી જ તો તેને પકડ્યો ત્યારે ખૂન કેસનો આરોપી હોવા છતાં મોટી રકમના જાતમુચરકા ઉપર તેને છોડ્યો હતો. જો કે અમે આવું કંઇક બનવાની આશા તો રાખતા જ હતા. આ માટે યે મારે તારો આભાર માનવો રહ્યો. હવે જો કદમ માનશે તો ગોવાના આ મામલામાં મારું નામ સામેલ કરાવીશ, જેથી મારી બઢતી માટેની તારી આશા ફળે.'

(ચાલુ)

અનુસંધાન] **બ્રહ્માંડીય આદિ વાયુવાદળ** [પૃષ્ઠ ૨૩૯થી

બાદમાં ઉષ્ણતામાન વધુ નીચું ગએલું. કાર્બનની ઉત્પત્તિ માટે કરોડો અંશ ઊંચા ઉષ્ણતામાનની જરૂર પડે છે. આદિ વાયુ દ્રવ્યમાં હાઈડ્રોજન વગેરેના ઉદ્ગમ-કાળે ઉષ્ણતામાન કરોડો અંશ જેટલું હોત તો એ વાદળો આજ પર્યંત ટકી શક્યાં ન હોત. એમનું અસ્તિત્વ ક્યારનું યે વિલુપ્ત થઈ ગયું હોત.

આદિ વાયુ દ્રવ્યની પાર ક્વેસારનો પ્રકાશ જોઈ શકાય છે, જ્યારે તારાવિશ્વોની વચ્ચે આવેલાં ઉત્ક્રાન્ત વાયુવાદળોની પાર તે જોઈ શકાતો નથી. આનું કારણ આદિ દ્રવ્યના હાઈડ્રોજનનું આયનિત થવા અંગેનું લેખી શકાય. આદિ દ્રવ્યમાં બંધાયેલા હાઈડ્રોજન પરમાણુ તેમની નજદીક આવેલા પ્રખર વિકેરક ક્વેસારને કારણે ઇલેક્ટ્રૉન ગુમાવી આયનિત થએલા છે. હાઇડ્રોજનના પરમાણુ અને ન્યુટ્રૉન કણોનું બનેલું વાયુદ્રવ્ય ક્વેસારના પ્રકાશને ચૂસી લે છે, પણ આયનિત હાઇડ્રોજનનું બનેલું વાયુદ્રવ્ય ક્વેસારના પ્રકાશને પોતાની પાર પસાર થવા દે છે.

આમ, આદિ વાયુદ્રવ્યનું અસ્તિત્વ હોવાનું સાબિત કરી શકાયું છે. વળી, એને લઇને, 'પ્રાચીન સમયમાં બ્રહ્માંડ-વ્યાપ્ત અનેક ક્વેસાર હતા જેમનાં વિકિરણે આંતરવૈશ્વિક આદિ વાયુદ્રવ્યના હાઈડ્રોજનને આયનિત કર્યો હતો' વાળી વાતને પણ સમર્થન સાંપડી રહ્યું છે. □

બ્રહ્માંડીય આદિ વાયુવાદળ

—છોટુભાઇ સુથાર—

કરોડો તારાવાળાં અનેક તારાવિશ્વો ધરાવતા આપણા બ્રહ્માંડની વૈશ્વિક સંપત્તિનું આપણે જે દર્શન કરીએ છીએ તે એની સર્વકાલીન સ્થિતિનું દર્શન નથી. બ્રહ્માંડ આજે જેવું દેખાય છે તેવું એના ઉદ્‌ભવકાળે તે ન હતું. એનું આજનું દર્શન તો એના આદિ સ્વરૂપમાં કરોડો વર્ષ દરમિયાન થતા રહેલા વિકાસનું દર્શન છે. બ્રહ્માંડની ઉત્પત્તિ વિષેનો બહુજન-માન્ય મત 'ધ્રૂમધડાકા (**Big Bang**) સિદ્ધાંત' નામે ઓળખાય છે. એ વાદ અનુસાર એમ મનાય છે કે આજથી ૧૦ (યા ૧૫ કે ૨૦) અબજ વર્ષ પહેલાંના અવકાશમાં સૂર્ય, તારા કે તારાવિશ્વો ન હતાં. ત્યારે હતું કેવળ એક સ્થળે પૂંજીભૂત થયેલું આદિતત્ત્વ. (એ તત્ત્વ શાનું બનેલું હતું તે સમજી શકાયું નથી.) વળી, ત્યારે 'સમય' જેવી કોઈ બાબત પણ અસ્તિત્વ ધરાવતી ન હતી. આપણે 'કાળ'ના અર્થમાં જેની ગણના કરીએ છીએ તે સમય બ્રહ્માંડના પ્રાકટ્ય સાથે જ ઉદ્‌ભવી આજ પર્યંત વહેતો આવ્યો છે.

ખગોળશાસ્ત્રીઓ માને છે કે બ્રહ્માંડ પ્રકટ થયું ત્યાર પછીની (સમય શરૂ થયા પછીની) પહેલી સેકંડના $૧૦^{-૪૨}$ (એક સેકંડના પરાર્ધ પરાર્ધ દસ કરોડમા) જેટલા સમયમાં જ બ્રહ્માંડનું આદિ તત્ત્વ ભારે વિસ્ફોટ દાખવી હૅડ્રોન (**Hadron**) નામના દ્રવ્યમાં ફેરવાઈ ગયું હતું. $૧૦^{૯૪}$ જેવી અકલ્પ્ય ઘનતા અને $૧૦^{૩૨}$ અંશ જેટલું કલ્પનાતીત ઉષ્ણતામાન ધરાવતું ઉક્ત તત્ત્વ તૂટીફાટીને ભારે કણો તેમ જ આદિ શ્યામ ગર્તો (બ્લૅક હોલ્સ)માં પલટાઈ જઇને મહાવિસ્ફોટ બાદની કેવળ $૧૦^{-૪}$ સેકંડમાં જ લેપ્ટન (**Lepton**) નામના તત્ત્વમાં પલટાઈ ગયું હતું. પણ એ સ્થિતિ સ્થિરત્વવાળી ન હતી. પરિણામે ઉક્ત દ્રવ્ય તૂટી વિકિરણનું રૂપ પામી અવકાશમાં વિહરવા લાગ્યું. રચનાકાળે લેપ્ટન દ્રવ્યની ઘનતા $૧૦^{૧૪}$ અને ઉષ્ણતામાન $૧૦^{૧૨}$ અંશ કેલ્વિન હતાં જે વિકિરણના પ્રાકટ્ય સમયે અનુક્રમે $૧૦^{૨}$ ને $૧૦^{૧૦}$ અંશ થઈ ગયાં.

વિકિરણનો વ્યાપ્તિકાળ $૧૦^{૬}$ વર્ષનો લેખવામાં આવે છે. એ સમય દરમિયાન સમગ્ર અવકાશ વિકિરણમય બની ગયું હતું અને તે વેળા ઉષ્ણતામાન ખૂબ નીચું ઊતરી જતાં પરમાણુઓની નાભિઓ પ્રકટ થવા માંડી હતી. એમ કહો કે ઉક્ત સમયે અવકાશમાં જેમનું અસ્તિત્વ હતું તે પદાર્થો આદિ શ્યામગર્તો ઉપરાંત, હાઇડ્રોજન અને હીલિયમના પરમાણુ હતા. વિદ્વાનો માને છે કે આદિ શ્યામગર્તો બ્રહ્માંડીય આદિ તત્ત્વના અંશ હોઈ, તેઓ લઘુ સ્વરૂપના ધ્રૂમધડાકા કરી, આજે પણ અવકાશમાં શિથિલ હાઇડ્રોજન ઉમેરતા રહે છે.

ધ્રૂમધડાકા પછીનાં દસ લાખ વર્ષ ($૧૦^{૬}$ વર્ષ) વીત્યાં બાદ હાઈડ્રોજન અને હીલિયમ પરમાણુઓમાં સંઘટન દ્વારા દીર્ઘકાય વાયુ વાદળો રચાયાં હતાં. ત્યાર બાદ આ વિરાટ વાદળો ખંડિત થયાં અને કાળક્રમે તેમાંથી આદિ તારાવિશ્વો ઉદ્‌ભવ્યાં જે બધાં કાળાંતરે ઉત્ક્રાન્ત થઈ તારાખચિત વિશ્વોમાં પલટાઈ ગયાં.

મોટા ભાગનાં તારાવિશ્વોમાં તારાઓ ઉપરાંત આંતર્તારકીય દ્રવ્ય પણ આવેલું છે. આ વાયુ દ્રવ્ય નિહારિકાઓ તેમ જ અતિ પાતળાં પ્રસરિત વાદળોના રૂપમાં રહેલું છે. વળી, તારાવિશ્વોની વચ્ચેના અવકાશમાં આંતરવૈશ્વિક દ્રવ્ય હોવાનું સંભવી શકે છે. કારણ કે તે ઊંચી કોટિની હદે અત્યંત પાતળું તથા કેવળ હાઇડ્રોજન અને હીલિયમનું બનેલું હોવું જોઇએ. એટલું જ નહિ, પણ ધ્રૂમધડાકાવાદના હિસાબે તેનું ઉષ્ણતામાન અત્યંત ઓછું—કેવળ ૩ અંશ કેલ્વિન હોવું જોઇએ એમ મનાય છે. આવા દ્રવ્યની ખોજ આધુનિક ખગોલીય સાધનોમાં વિશિષ્ટ ફેરફારો કરીને કરવી રહી. મતલબ કે ગાણિતિક યા અપરોક્ષ સાબિતીઓ દ્વારા તેના અસ્તિત્વની જાણ પ્રાપ્ત કરવી જોઇએ.

અનેક વર્ષોની પ્રયોગાત્મક નિષ્ફળતાઓ બાદ, બ્રહ્માંડ શરૂ થયાની પળે ઉદ્‌ભવેલું આદિ વાયુ દ્રવ્ય એના મૂળ સ્વરૂપમાં નજરે પડ્યાની વાત હજી હમણાં જાહેર થઈ છે. આદિ વાયુવાદળનું અસ્તિત્વ તેનાં ઘનતા અને ઉષ્ણતામાનના સંદર્ભમાં, તારાવિશ્વોથી અલગ પ્રકારની આંતરવૈશ્વિક બ્રહ્માંડીય પરિસ્થિતિ દાખવે છે.

આપણે જાણીએ છીએ કે ગરમ તારાઓના હિસાબે પ્રસરિત આંતરતારકીય વાયુદ્રવ્યનું ઉષ્ણતામાન ઘણું નીચું હોય છે. તારાવિશ્વો વચ્ચે આવેલા પ્રસરિત આંતરવૈશ્વિક દ્રવ્યનું ઉષ્ણતામાન પણ એ જ હિસાબે, અત્યંત નીચું હોવાનું સમજી શકાય. અર્થાત્ આદિ વાયુ-દ્રવ્યનું ઉષ્ણતામાન અત્યંત નીચું હોવાની બાબત સ્વાભાવિક લેખાય.

નજરે પડેલા આદિ દ્રવ્યનું વાદળ-સ્વરૂપ અતિશય પાંખું (**tenous**) છે; અને તે કારણે જ તેને પારખવાનું આજ સુધી મુશ્કેલ બન્યું હતું. પહેલાં એમ મનાયું હતું કે ઉક્ત વાયુવાદળ અતિ પ્રબળ વિકેરક ક્વેસારો (**Quasars**) દ્વારા અવકાશમાં ઉસેટાયેલું દ્રવ્ય છે, જે પોતાનું અન્ય રૂપનું અસ્તિત્વ ધરાવે છે. આને લઈને, ઉક્ત દ્રવ્ય આદિ રૂપનું છે કે ક્વેસારો દ્વારા પ્રક્ષિપ્ત થએલું છે તેની ચકાસણી કરવાનો પ્રશ્ન ઉદ્‌ભવ્યો. એ માટેનું પરીક્ષણ, ઉક્ત દ્રવ્યને પાર કરી આપણા સુધી પહોંચતા ક્વેસારોના પ્રકાશ દ્વારા થવું જોઇએ. આ કાર્ય અસાધારણ ધીરજ ને નિરીક્ષણનું છે. કુદરતી રીતે જ એની સાધનાનો દોર અનુકૂળ રહ્યો, અને ત્યારે માલૂમ પડ્યું કે ઉક્ત વાયુ દ્રવ્ય 'લીમાન આલ્ફા રેખા' (**Lyman Alpha Lines**) પ્રકટાવે છે. ક્વેસારના પ્રકાશને પોતાની પાર જવા દેતી વેળા વાયુ વાદળોમાંનો હાઇડ્રોજન અમુક તરંગલંબાઇએ તેનું અવશોષણ કરે ત્યારે જ આવી રેખાઓ ઉદ્‌ભવે છે.

આદિ દ્રવ્યનું નિરીક્ષણ દુનિયાનાં બે મોટાં દૂરબીનો સાથે સંલગ્ન 'ઇમેજ ફોટોન કાઉન્ટિંગ સીસ્ટમ' (**Image Photon Counting System**) દ્વારા કરવામાં આવ્યું હતું. ઇમેજ ફોટોન કાઉન્ટિંગ સીસ્ટમ વિશિષ્ટ પ્રકારનો ટેલિવિઝન કૅમેરા ધરાવે છે, જે દૂરબીન-પ્રાપ્ત અત્યંત ઝાંખી છબીને કરોડગણી વધુ તેજસ્વી બતાવે છે. પ્રકાશની માત્રા આ રીતે, વિશેષ પ્રમાણમાં પ્રાપ્ત થવાની અનુકૂળતાને કારણે આદિ દ્રવ્યના વર્ણપટનો અભ્યાસ થઈ શક્યો છે.

વર્ણપટના અભ્યાસે દર્શાવ્યું કે ઉક્ત દ્રવ્ય કેવળ હાઈડ્રોજન-જનિત અવશોષક રેખાઓ દાખવે છે, કાર્બન યા અન્ય ભારે તત્ત્વની કોઈ રેખા તે દાખવતું નથી. વર્ણપટમાં કાર્બન-રેખાના અસ્તિત્વનો અર્થ એ થાય કે એને દાખવનારું દ્રવ્ય આદિ રૂપનું નહિ, પણ વધુ પક્વ સ્થિતિવાળા દ્રવ્યનું છે. કાર્બન તત્ત્વ વાયુવાદળોમાં નહિ પણ તારાઓની નાભિઓમાં પેદા થાય છે. એટલે કે કાર્બનનું અસ્તિત્વ આદિ દ્રવ્યની નહિ, પણ ઉત્ક્રમિત દ્રવ્યની હયાતિ સૂચવે છે. આદિ વાયુના ઊગમકાળે જે દ્રવ્ય ઉત્પન્ન થયેલું તેમાં મુખ્યત્વે હાઈડ્રોજન અલ્પ પ્રમાણમાં હીલિયમ અને નહિવત્ માત્રામાં લિથિયમ હતું. આનાથી વધુ ઊંચાં ભારે તત્ત્વોની ઉત્પત્તિ તારાઓના પેટાળમાંની નાભિકીય પ્રક્રિયાનું પરિણામ છે.

બ્રહ્માંડની ઉત્પત્તિ પછીનાં કેટલાંક વર્ષે ઉષ્ણતામાન ૩ લાખ અંશ કેલ્વિન જેટલું થયું ત્યારે હાઇડ્રોજન અને હીલિયમનો ઉદ્‌ભવ થએલો.

(અનુસંધાન પૃષ્ઠ ૨૩૮)

સાહિત્યસંપર્ક

નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ
એક આવકાર્ય સંપાદન

ડૉ. શિવલાલ જેસલપુરાએ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યકૃતિઓના સંપાદનની એક સુંદર યોજના હાથ ધરી છે. આ પૂર્વે શ્રી કે. કા. શાસ્ત્રી સાથે રહી તેમણે પ્રેમાનંદની સમગ્ર કવિતાને સંપાદિત કરીને બે ગ્રંથોમાં સુલભ કરી આપી હતી, એ જ સિલસિલામાં હવે નરસિંહની કાવ્યકૃતિઓ સુલભ કરી છે. નરસિંહ જેવા મોટા ગજાના કવિ છતાં એની સમગ્ર કવિતાનો પ્રમાણભૂત એકેય ગ્રંથ આપણે ત્યાં હજુ ગઈ કાલ સુધી સુલભ નહોતો. ઇચ્છારામ સૂર્યરામનું સંપાદન હતું, પણ તેય દુર્લભ! આ પરિસ્થિતિમાં આ ગ્રંથનું પ્રકાશન આવકાર્ય ઠરે છે. જે કામ એક સંસ્થાના ગજાનું કહેવાય તે કરવાનું બીડું ઝડપી ડૉ. જેસલપુરા ગુજરાતની સંગીન સેવા બજાવી રહ્યા છે.

આ ગ્રંથમાં ૭૪૮ પદોનો 'અધિકૃત, પ્રમાણભૂત અને શુદ્ધ સુસંગત અર્થવાળો પાઠ' પહેલી વાર રજૂ થાય છે. આ પૂર્વે સર્વ શ્રી ઇચ્છારામ સૂ. દેસાઈ, કે. કા. શાસ્ત્રી, ચૈતન્યબાળા દિવેટિયા આદિએ નરસિંહની કાવ્યકૃતિઓના સંપાદન-પ્રકાશનમાં રસ લીધો હતો. ડૉ. જેસલપુરાએ તેમના કાર્યનેય આ સંપાદન વેળાએ ધ્યાનમાં રાખ્યું છે. 'પરિશિષ્ટ'માં ૩૯ પદો, જે હસ્તપ્રતમાં મળતાં નથી, પણ લખાવટ પરથી નરસિંહનાં એમને લાગ્યાં' છે તે 'નરસિંહકૃત કાવ્યસંગ્રહ' (સંપા. ઇ. સૂ. દેસાઇ)માંથી લીધા છે. તેમણે ૫૦૦ જેટલી હસ્તપ્રતોના આધારે આ સંપાદન કર્યું છે અને તેમાં ૫૬ પદો એવાં છે જે પહેલી જ વાર અહીં પ્રકાશિત થાય છે. લેખકે હસ્તપ્રતમાંનાં પદોની જોડણી ચાલતાં સુધી આજની રીતની રાખી છે અને વિરામચિહ્નો જે તે ભાવાર્થ અનુસાર મૂકવાની પદ્ધતિ સ્વીકારી છે. તેઓ કૃતિના પાઠનિર્ણયમાં **eclectic method**ને અનુસરે છે. આ પદ્ધતિમાં વિવિધ પાઠોમાંથી સંપાદક પોતાને ઠીક લાગે તે પાઠ પસંદ કરતો હોય છે. ડૉ. જેસલપુરાની પાઠપસંદગી કાવ્યદૃષ્ટિએ એકંદરે ઇષ્ટ જણાઈ છે. કેટલાંક સ્થળોએ તો એથી ચાલ્યા આવતા છબરડાઓ ટળ્યા છે અને પંક્તિઓના અર્થ વધુ વિશદ-ઉજળા થયા છે. એમની પાઠપસંદગી ઘણી ઇષ્ટ છે. આમ છતાં, એવાં ય પાઠ-સ્થાનો મળે છે જ્યાં આ પાઠ સારો કે પેલો પાઠ, તેનો નિર્ણય મુશ્કેલ લાગે. કેટલાંક સ્થાનોએ એમણે લીધેલા પાઠ વિશે મતભેદ પણ રહે છે. દા. ત., ૪૧મા પૃષ્ઠ પર 'વણિક થયા વિઠ્ઠલો, શેઠ થયો શામળો' એ પંક્તિથી પાઠ કરતાં 'શેઠ શોભે ભલો'વાળો પંક્તિપાઠ વધુ ઇષ્ટ જણાય છે. ૧૭૮મા પૃષ્ઠ પર 'શિર મોર-ચંદ્રક-મુગટ બિરાજે' પાઠ કરતાં લયમાધુર્યની દૃષ્ટિએ 'મસ્તક મુગટ જડાવ મનોહર' પાઠ લેવાયો હોત તો સારું હતું. ૨૪૨મા પૃષ્ઠ પર 'ઊઠ કદમ અવની માગી' પાઠના મુકાબલે 'ત્રણ ડગલાં પૃથ્વીને કાજે' પાઠ સરલ લયવાહિતા અને સુગમતાની દૃષ્ટિએ વધુ રુચિકર લાગે છે. ૩૩૪મા પૃષ્ઠ પર 'અવર દીઠે મન ભાજે છે' કરતાં 'અવર દીઠે દિલ દાઝે છે' પાઠ વધુ દીપત, આ અંગે વધુ ઊંડી ચર્ચામાંય ઊતરી શકાય, પણ અહીં લંબાણભયે તે ટાળીએ. આ કામ જે ફલકે, જે રીતે થયું છે તે તો રાજી થવા જેવું જ છે.

આ સંગ્રહ સાથે ડૉ. ધીરુભાઈ પરીખનો ૧૦૦ પાનાંનો અભ્યાસલેખ પણ જોડવામાં આવ્યો છે, જે અન્યથા સ્વતંત્ર પુસ્તિકારૂપે સુલભ છે. આ નિબંધમાં નરસિંહના જીવન-કવન બાબત જે કંઈ અભ્યાસ થયો છે તેનો સટીક નિષ્કર્ષ વ્યવસ્થિત રીતે અપાયો છે. આ સાથે એમણે નરસિંહની કૃતિઓનું આસ્વાદલક્ષી સ્વકીય વિવરણ પણ જોડ્યું છે. તેમણે યોગ્ય રીતે લખ્યું છે કે, 'નરસિંહની જ્ઞાનકવિતામાં જ્ઞાનપક્ષે કશું મૌલિક ભલે ના હોય, પણ એનો કવિતાપક્ષ ભારોભાર મૌલિક છે.' (પૃ. ૧૨) એમણે નરસિંહની જ્ઞાનકવિતામાં પરાવાણીનો પરમઆહ્લાદ પામી શકાય છે એમ નોંધ્યું છે; પરંતુ એ આહ્લાદ અન્ય ભક્તિ આદિની કવિતામાં યે પામી શકાય છે અને તેય એમને અભિપ્રેત હશે એમ માનવું ઘટે. ક્યાંક 'લીલાદર્શનનું લીલાગાન' (પૃ. ૨૫) જેવું ભાષાસ્ખલન બાદ કરતાં એમનાં લખાણની ભાષા સ્પષ્ટ અને સ્વચ્છ છે. આ લખાણમાં નરસિંહ વિશે કશું નવું આપી દેવાના અભરખા કરતાં જે કંઈ છે તેને પ્રતીતિપૂર્વક એક સંનિષ્ઠ શિક્ષકની રીતે રજૂ કરી વિદ્યાર્થીઓ-અભ્યાસીઓને ઉપયોગી થવાનો ભાવ એમનો વરતાય છે, જે પ્રશસ્ય છે. આ અભ્યાસલેખ આ સંપાદનની ઉપયોગિતા વધારે જ છે, અને એ જ રીતે શ્રી પ્રકાશ વેગડ સંપાદિત 'નરસિંહ મહેતા: સંદર્ભસૂચિ' પણ.

વળી, આ ગ્રંથમાં આરંભે સંપાદકીય પદ્ધતિની ચોખવટ કરાઈ છે તે સારું થયું છે. નરસિંહની કૃતિઓનું વર્ગીકરણ-વ્યવસ્થીકરણ પણ દૃષ્ટિપૂર્વક કર્યું છે. વળી, છેલ્લે આપેલ 'શબ્દકોશ' અને 'પૌરાણિક શબ્દકોશ' પણ અનેકને ઉપયોગી થશે. એ રીતે આ સંપાદનને શક્ય તેટલી પૂર્ણતાએ પહોંચાડવાનો જે સંપાદકીય ઉત્સાહ ને ઉદ્યમ છે તે પ્રશસ્ય છે. તેઓ આ પ્રકારનું કાર્ય જારી રાખે એમ આપણે ઇચ્છીએ. સદ્ભાગ્યે અખાની કૃતિઓ બાબત આવું જ સંપાદનસાહસ કરવાનું તેમણે વિચાર્યું જ છે. આપણે તેમનાં આવાં સાહસો સાર્થક થાય એમ વાંછીએ. **—ચન્દ્રકાન્ત શેઠ**

પ્રકાશક: સાહિત્ય-સંશોધન પ્રકાશન, ૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, અમદાવાદ-૭ પાકું પૂંઠું, પૃ. ૫૯૬, કિં. ન્યૂઝપ્રિન્ટ: રૂ. ૪૨/ ગ્લેઝ કાગળ; રૂ. ૫૪.

શતરંજના કોયડા

હવે આપણે કે. એસ. હૉવર્ડનો એક કોયડો જોઇશું. આ પછી એમનો જે એક બીજો કોયડો જોઇશું તે પણ આની પેઠે જ બે ચાલવાળો હશે. આ બન્ને કોયડામાં અમુક સામ્ય છે તેમ જ તેમાં કેટલોક તફાવત પણ છે.

K. S. Howard



સફેદ ચાલવાનું અને બે ચાલમાં મહાત કરવાનું

આ કોયડામાં સફેદ વજીર **KR5(b5)** પરથી મહાત કરી શકે તે માટે સફેદ રાજાએ તેની લાઈન ખુલ્લી કરવા ઉપરાંત K4(E4) પરના (સફેદ) ઘોડાને બચાવવો જરૂરી છે. આથી ચાવી અને ધમકી સહેલાઈથી મળે છે. આપણે પૂરો ઉકેલ જોઇએ: ચાવીની ચાલ છે:

1 K-B4. ધમકી: **2 Q-R5 mate.**

વિકલ્પો: **1..., N-B5; 2N-B3 mate**

1..., N-Q5; 2N-KB6 mate.

1..., R×Nch; 2Q×R mate.

આ કોયડાના વિષય માટે આપણે પહેલા બે વિકલ્પો જોઇએ. તેમાં બે કાળા ઘોડા પોતાના હાથી અને સફેદ રાજાની લાઈનમાં આડા આવે છે. તેથી અણઊઠ સફેદ ઘોડો અણઊઠ રહેતો નથી. તે હવે ચાલી શકે છે અને મહાત કરે છે. આમ, ચાવીની ચાલથી સફેદ ઘોડો અણઊઠ મટે છે અને છેલ્લે તે જ મહોરું મહાત કરે છે. **—સુરેશ મોદી**

કલાવાર્તા




ગણેશ-દર્શન

વિદ્યારંભે, વિવાહાદિ શુભ પ્રસંગે, પ્રવેશે, યાત્રારંભે, સંગ્રામ કે સંકટકાળે વિઘ્નહર્તા ગણપતિની પૂજા-આરાધનાનું માહાત્મ્ય સર્વવિદિત છે. ગજાનન, લંબોદર, એકદંત આ દેવતા બહુ પ્રાચીનકાળથી પૂજાતા રહ્યા છે. પ્રથમ શંકરના એક ગણ તરીકે, ગણોના પ્રમુખ તરીકે અને અંતે શિવપાર્વતીના પુત્ર તરીકે તેમની ગણના પ્રચલિત બની છે, એટલું જ નહિ, એક દેવતા તરીકે ભારત બહાર જાપાન, કંબોડિયા, ચીની તુર્કસ્તાન, તિબેટ વગેરે દૂરદૂરના દેશો સુધી તેનો એક યા બીજા સ્વરૂપે મહિમા રહ્યો છે. લૅટિન સંસ્કૃતિના 'જાનુસ' અને ગણેશમાં ઘણું સામ્ય પણ જોવા મળે છે. ગણેશના સ્રીસ્વરૂપની કલ્પના પણ પ્રચલિત છે, એટલું જ નહિ, તેની યે આરાધના થાય છે. દક્ષિણ ભારતમાં શુશીન્દ્રમની ગણેશની એક સુંદર પ્રતિમા વિખ્યાત છે. તિબેટમાં પણ ગણેશના નારીસ્વરૂપની પૂજા થતી હોવાનું જાણવા મળ્યું છે. અંબા, શિવ, વિષ્ણુ અને બ્રહ્મા સાથે દેવ-પંચાયતનમાં ગણેશની પણ ગણના થાય છે. ગણેશ-ચતુર્થી (ભાદ્રપદ સુદ ૪) અને ત્યારથી આરંભાતો ગણેશોત્સવ મહારાષ્ટ્રથી આગળ વધીને હવે તો અન્ય પ્રાંતોમાં પણ વિસ્તર્યો છે. તંત્રશાસ્ત્રોમાં અને બૌદ્ધોમાં પણ તેમનો મહિમા સ્વીકારાએલો છે. મંગલકારી અને વિઘ્નહર્તા દેવ તરીકે ગણેશ અને તેનાં વિવિધ સ્વરૂપોનું મોટું માહાત્મ્ય છે.

આ ગણેશનાં વિવિધ સ્વરૂપોની કલ્પનાના







△ 'મસ્ત વિનાયક'. 'ત્રિલોક ગણપતિ' અને
નીચે : વિકરાલ ગણપતિ, જેમાં ચિત્રકારે ગણેશ અને કાર્તિકેયનું યુદ્ધ આલેખ્યું છે.

આધાર પર મુંબઈમાં તાજ આર્ટ ગૅલેરીમાં ગયા જુલાઈ માસમાં ચિત્રકાર જયંત સિદ્ધપુરાએ એકવીસ ચિત્રોનું એક પ્રદર્શન યોજ્યું હતું. અલબત્ત, આ ચિત્રોમાં ગણેશનાં શાસ્ત્રોક્ત સ્વરૂપોનું દર્શન નહિ, પણ ગણેશ વિષેની વિવિધ કથા તથા વર્ણનો પર આધારિત ચિત્રાંકનો વિવિધ શૈલીમાં એમણે રજૂ કર્યાં હતાં. એમાંથી ચાર નમૂના અહીં આપ્યા છે. એમણે ચિત્રોને આપેલાં નામ: સિદ્ધિવિનાયક, આકાશ ગણેશ, મસ્ત ગણેશ, ચતુર્થચ ગણેશ, આદિત્ય ગણપતિ, આહ્લાદ ગણપતિ, મસ્તક આશિષ, પરિક્રમા, બાલ-ગણેશ, લિપિકાર, નર્તક ગણેશ, વિકરાલ ગણેશ, ઉદર-વિસ્તાર, લયનૃત્ય, વિનાયકી, વિશ્વરૂપ ગણપતિ, રિદ્ધિ-સિદ્ધિ અને ગણપતિ, નૃત્યવિભોર, ત્રિલોક ગણપતિ, શુભાશિષ ગણેશ અને બાપા મોરિયા, પરથી એમના ચિત્રવિષયોનો ખયાલ આવી શકશે.

ચિત્રકાર જયંત સિદ્ધપુરાના નામથી 'કુમાર'ના વાચકો પરિચિત છે. ઈ. ૧૯૩૫માં મુંબાઈમાં એમનો જન્મ. સી. ટી. સી.નું શિક્ષણ લઈ ૧૯૬૧માં ચિત્રકલાનો ડિપ્લોમા મેળવવા સાથે તેઓ આર્ટ માસ્ટર બન્યા. તે પછી પપેટરીની તાલીમ પણ લીધી અને ઑડિયોવિઝ્યુઅલ વિભાગમાં પણ જોડાયા. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં તેમણે ગ્રાફિક્સનો અને સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં 'ઈન્ટીરીઅર ડૅકોરેશન' વિષેનો અભ્યાસ પણ કર્યો. હાલ એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીની પી. વી. ડી. ટી. કૉલેજ ઑવ એડ્યુકેશન ફૉર વિમેનમાં ફેકલ્ટી મેમ્બર છે. આ ઉપરાંત ધી આર્ટ સોસાએટી ઑવ ઇંડિયા (મુંબઇ)માં મંત્રી અને કોષાધ્યક્ષ, ધી બૉમ્બે આર્ટ સોસાએટીમાં મંત્રી છે. કૅલેન્ડરો, અભિનંદનપત્રો, સામયિકોમાં એમનાં ચિત્રો તથા કલાવિષયક લેખો ને કલાકારોના પરિચયો પણ પ્રકટ થતા રહ્યા છે. પોતાની ચિત્રકૃતિઓનું એમનું આ ત્રીજું પ્રદર્શન હતું. □




માનવજીવન સંઘર્ષમય હોવાની પ્રતીતિ કરાવનાર પરશુરામાવતાર પછી માનવને મર્યાદાની **શીખ** આપનાર દાશરથી રામ વિષ્ણુના અવતાર તરીકે પૂજાય છે.

'ઋગ્વેદ'માં રામનો માત્ર પ્રતાપી રાજા રૂપે નિર્દેશ છે. 'મહાભારત'માં તે વિષ્ણુના અવતારી તરીકે નિર્દેશાયા છે. અતઃ તે પૂર્વે વિષ્ણુના અવતાર રૂપે રામની અર્ચના પ્રારંભાઈ છે. રાજવી રામને વિષ્ણુના અવતાર રૂપે સિદ્ધ કરવામાં ભક્તિ-આંદોલન તેમ જ બૌદ્ધોની બોધિસત્ત્વની વિભાવનાએ ભાગ ભજવ્યો છે. એ પછી રામ અને રામકથા જનસમાજમાં પ્રચલિત બની છે. અવતારી રામનો પ્રભાવ પૂર્વના એશિયાઈ દેશોમાંયે પ્રસર્યો છે.

સંભવતઃ બૌદ્ધોએ પ્રતાપી રાજવી રામને બોધિસત્ત્વ તરીકે ગ્રહીને સામાન્ય જનસમાજના હૃદયને જીતી લીધું હશે. વળી દશાનન (?) રાવણનો વધ તે રામની અવતાર વિભાવનામાં કારણભુત બન્યો છે. વાલ્મીકિ કૃત 'રામાયણ'ના પૂર્વે પણ રામકથા જનસમાજમાં પરંપરિત રૂપે પ્રચલિત હતી. ભારતની ભિન્નભિન્ન ભાષામાં રામકથાના અનેક નાટક, કાવ્ય, ચંપૂ ઈ. મળે છે. ભાસ કૃત 'પ્રતિમા' ને 'અભિષેક', ભવભૂતિ કૃત 'ઉત્તરરામચરિત' ને તુલસીદાસનું 'રામચરિત માનસ' તેનાં નિદર્શનો છે. થાઇલૅન્ડમાં 'રામકિન' રૂપે (રામકીર્તિ) અને ઈન્ડોનેશિયામાં યોગેશ્વર કૃત રામાયણ 'કકાવિન' નામે પ્રસિદ્ધ છે. અવતારી રામના જીવનને નિર્દેશતાં શિલ્પો દેશ-વિદેશમાં મળે છે.

માનવીય મર્યાદાના દ્યોતક ધનુષ્ય-બાણ ધારિત ઐતિહાસિક પુરુષ રામની પ્રતિમા દ્વિભુજ હોય છે. —પ્રફુલ્લ રાવલ



માધુકરી

ભયની કાયાને ભુજા નથી,
નથી વળી સંશયને પાંખ,
ભરોસે ચાલ્યા જે અનભે રંગમાં
ફૂટી એને રૂંવેરૂંવે આંખ–
જાગીને જોઉં તો કોઈ નથી એકલું.

—મકરન્દ દવે


સવાઈ ગુજરાતી કાકાસાહેબ કાલેલકર, સ્વર્ગસ્થ

ગઈ ૨૧મી ઑગસ્ટ '૮૧ના રોજ કાકાસાહેબનું ૯૬ વર્ષની વયે અવસાન થયું તે જોતાં મૃત્યુએ બહુ વહેલું નથી કર્યું એમ લાગે, અને છતાંય શતકને એ આંબવા આવ્યા હતા ત્યાં જ જાણે બાજી ઊંધી વળી જતી જોઈ અવસાદ પણ થાય જ.

એમનો જન્મ મહારાષ્ટ્રમાં સતારામાં ૧૮૮૫ના ડિસેમ્બરની ૧લી તારીખે. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ જુદાંજુદાં ગામોમાં મેળવ્યા બાદ ઉચ્ચ કેળવણી મુંબઈ-પૂણેમાં લઈ ૧૯૦૭માં બી.એ. થયા. વડોદરાના ગંગનાથ વિદ્યાલયમાં ૧૯૧૦-૧૧ દરમિયાન એઓ આચાર્ય તરીકે રહેલા ત્યારે ત્યાં કૌટુમ્બિક વાતાવરણ ઊભું કરવાની રસમ પ્રમાણે એમને 'કાકા'નો કૌટુમ્બિક મોભો અપાયો હતો. બસ, ત્યારથી એ કાકાસાહેબ બની ગયા. ગુજરાતી સાહિત્યમાં એ નામ એટલું બધું એકરૂપ થઈ ગયું છે કે ઘણાને એમના મૂળ નામ દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરનો ખયાલ સુધ્ધાં નહિ હોય. ૧૯૧૨ થી ૧૯૧૫ દરમિયાન તેઓ હિમાલય, હરદ્વાર અને શાંતિનિકેતનમાં રહ્યા. પણ ૧૯૧૭થી ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં ખસ્યા ત્યારથી ગાંધી જ એમના શ્વાસેશ્વાસમાં વસ્યા. ગાંધીરંગથી એ પૂરેપૂરા રંગાઈ ગયા. ૧૯૨૮માં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયકપદે રહ્યા હતા. ૧૯૪૨માં જેલ ગયા તે પૂર્વે ૧૯૨૩ અને '૩૦માં પણ જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૫૩માં એઓ સ્વતંત્ર ભારતની રાજસભાના સભ્ય તરીકે નિયુક્ત થયા. ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૦મા અધિવેશનના એ પ્રમુખ પણ થયા.

આમ, જન્મે મહારાષ્ટ્રી કાકાસાહેબ ગાંધીજીના શબ્દોમાં 'સવાઈ ગુજરાતી' બની ગયા. માતૃભાષા મરાઠી, પણ લેખનભાષા ગુજરાતી. માતૃભાષા બીજી હોય ને આપણી ભાષામાં સહજ સાહિત્યસર્જન કરી શકે તેવા કાકાસાહેબ કે ફાધર વાલેસ જેવા અપવાદો વિરલ જ હોઈ શકે.

કાકાસાહેબનું સાહિત્યસર્જન વિપુલ અને વૈવિધ્યસભર છે. એમણે સ્મરણકથા, પ્રવાસ-



વર્ણન, લલિત નિબંધો, ચિંતનાત્મક નિબંધો વગેરે ઘણું લખ્યું છે એ માટે નહિ, પણ એ બધું મહદંશે ઉચ્ચ કક્ષાનું છે એ માટે કાકાસાહેબ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ન ભૂંસાય એવું સ્થાન પ્રાપ્ત કરી ચૂક્યા છે. એમનું ગદ્ય સરળ, પ્રવાહી અને સ્ફૂર્તિલું છે. કલ્પનાનો અઢળક વૈભવ એમનાં સર્જનાત્મક લખાણોને આસ્વાદ્ય બનાવે છે. ક્યારેક તો એમની શૈલીને કારણે એમનાં લખાણોમાં કાવ્યાત્મકતાનો આનંદ પણ મળી રહે છે. 'સ્મરણયાત્રા' જેવી સર્જનાત્મક સ્મૃતિકથાઓ કેટલી? 'જીવનનો આનંદ' કે 'રખડવાનો આનંદ' જેવા સર્જનાત્મક નિબંધોના સંગ્રહો કેટલા? 'હિમાલયનો પ્રવાસ' જેવી પ્રવાસકથાઓ કેટલી? અરે, કાકાસાહેબ એટલે કાકાસાહેબ જ. એ અદ્વિતીય અને અનુપમ હતા—વ્યક્તિ તરીકે

અને લેખક તરીકે પણ.

એમણે સાદ્યંત જીવનનો જય ગાયો છે. એમની સઘળી વિચારસરણી અને સઘળું સર્જન જીવનલક્ષી જ છે. પણ જીવનની નિસબતને આટલી કલાની કોટિએ, સર્જકતાની કોટિએ, કાકાસાહેબની જેમ પહોંચાડી શકે એવા કલાકારો કેટલા? કાકાસાહેબ સાહિત્યના તેમ જીવનના પણ કલાકાર હતા. આથી જ એ ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ગાતા બની શક્યા હતા. એથી જ એ જીવનચિંતક અને જીવનશોધક બન્યા, કેળવણીકાર બન્યા.

એઓ પ્રવાસવીર હતા. મહાન પરિવ્રાજક શા હતા. ભારતનો તો પ્રવાસ એમણે ખેડ્યો જ હતો, પરંતુ યુરોપ, જાપાન, ચીન, વેસ્ટ ઇન્ડીઝ, અમેરિકા, આફ્રિકા આદિની સંસ્કારયાત્રા પણ એમણે ખેડેલી. આમ, એઓ વિશ્વપ્રવાસી હતા. મૃત્યુને તો ચિરંતન સખા જ ગણનારા. જીવતા ત્યારે પણ મૃત્યુનું સતત ચિંતન કરતા. એમણે જણાવ્યું તેમ કદાચ એ જ એમના દીર્ઘાયુનું રહસ્ય! આવા પ્રધીર ને પ્રવીર પ્રવાસી જાણે મૃત્યુની આંગળી પકડી બાકી હતું તેમ ઇહલોકમાંથી પરલોકના પ્રવાસે નીકળી પડ્યા. એમના પ્રવાસી આત્માનો એ પંથ નિર્વિઘ્ન હો એ જ અંજલિ!

—ધી. પ.

મનસુખલાલ ઝવેરી

ગઈ ૨૮મી ઑગસ્ટે મળસકે મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં કવિ-વિવેચક મનસુખલાલ ઝવેરીનું ૭૪ વર્ષની વયે અવસાન થયું ત્યારે એ ઉમરે પણ 'યુવાનોને શરમાવે' તેવી સતત સાહિત્યોપાસના કરી રહ્યા હતા તે કારણે કોને આઘાત નહિ લાગ્યો હોય?



મનસુખભાઇનો જન્મ નાગોરી વણિક પરિવારમાં ૧૯૦૭ના ઑક્ટોબરની ત્રીજી તારીખે જામનગરમાં થએલો. ૧૯૩૧માં મૅટ્રિક થઈ, ૧૯૩૫માં ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી બી.એ. ને ૧૯૩૭માં એઓ એમ.એ. થયા હતા. એમણે મુંબઈ, રાજકોટ, પોરબંદર, કલકત્તા આદિ નગરોમાં અધ્યાપક-આચાર્યની સેવાઓ આપેલી.

સૌરાષ્ટ્રની ધિંગી ધરા પર જન્મેલ આ આદમી મનુષ્ય તરીકે અને સર્જક તરીકે પણ ધિંગા હતા, ગાંધીયુગમાં સ્થિર થયેલા આ કવિ-વિવેચકનો પૂર્વબંધ પંડિતયુગ સાથે હતો, તો અર્વાચીન યુગ સાથેનો અનુબંધ એમણે તોડ્યો નહોતો. નવું પણ એ વાંચતા-વિવેચતા રહેતા. કવિ તરીકે એ પ્રશિષ્ટતાના આગ્રહી. સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યની પ્રશિષ્ટ કૃતિઓના પરિશીલને એમનામાં પ્રશિષ્ટતાની લગની લગાડેલી. એમના સર્જનમાં બધું જ વ્યવસ્થિત—છંદોલય સુઘડ, ભાષાશૈલી સંયમી, ભાવાનુભૂતિ અને અભિવ્યક્તિ સહજ. સંસ્કૃત વૃત્તો પરનો એમનો કાબૂ એમની કવિતામાં આકર્ષણનો વિષય બને છે. 'ચંદ્રદૂત' (૧૯૨૯), 'અભિમન્યુ' (૧૯૨૯), 'ફૂલદોલ' (૧૯૩૩), 'આરાધના' (૧૯૩૯), 'અભિસાર' (૧૯૪૭), 'અનુભૂતિ' અને 'દ્રુમો ઓગળ્યો' (૧૯૭૫) એમના કાવ્યસંગ્રહો; તો 'થોડા વિવેચન લેખો', 'પર્યેષણા', 'કાવ્યવિમર્શ', 'અભિગમ', 'દૃષ્ટિકોણ', 'નાનાલાલ', 'ગોવર્ધનરામ', 'કનૈયાલાલ મુનશી', 'ઉમાશંકર જોશી', આદિ એમના નાનામોટા વિવેચનસંગ્રહો છે. એમની વિવેચનામાં અભ્યાસનિષ્ઠા, અને અભય, વ્યવસ્થા અને વિશ્લેષણાત્મકતા આગળ તરી આવે છે. જે કંઈ કહેવું તે સાધાર જ કહેવું, એ માટે એમનામાં અવતરણો-ઉલ્લેખો પણ ખરાં જ. કૃતિ બાબતમાં એ કર્તાની શેહમાં ન આવે. આમ છતાં ય ઉન્નતભ્રૂ હોવાનો કે દેખાવાનો અભરખો ક્યાંય નહિ. ભારોભાર સમભાવ!

મનસુખભાઈ શિક્ષક તરીકે પણ ઉત્તમ હતા એનું પ્રમાણપત્ર એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આપ્યા વગર રહેતા નથી. અસ્ખલિત



△ જાણે કે ઊંટની ટાંકીમાં પેટ્રોલ ભરવામાં આવતું હોય, પણ રણપ્રદેશના આ વાહન માટે તેની જરૂર નથી. રાજસ્થાનના રણપ્રદેશમાં કેટલાક વિસ્તારોમાં પાણી પણ બહુ દૂરથી લાવવું પડે છે અને ઊંટ એ માટે સૌથી વધુ અનુકૂળ વાહન છે. આ ફોટામાં છોકરાઓ ઊંટની પીઠ પર રાખેલી મશકમાં પાણી ભરી રહ્યા છે, પણ ફોટોગ્રાફરે જે કોણથી આ ચિત્ર ઝડપ્યું છે તે જોતાં એના મનમાં જે ટીખળ સૂઝ્યું તેની રમૂજનો ખયાલ આવશે.

વાક્પ્રવાહ, અવાજની મોહક માધુરી, રજૂઆતની તાજપ સાથેનું ગાંભીર્ય અને વચ્ચે હાસ્યકટાક્ષનાં છાંટણાં—આ બધું એમના શ્રોતાને મુગ્ધ કરતું. જેમ એક ઉત્તમ શિક્ષક તેમ એઓ ઉત્તમ વક્તા પણ ખરા, ઉત્તમ મનુષ્ય તો એ હતા જ. જેમને હૃદયથી ચાહ્યા હોય એમને મળતાં જ એમનો અવાજ અને એમની આંખો પ્રેમથી છલકાઈ જાય. 'કેમ ભાઇ!' કહીને જાણે અવાજથી ભેટી જ પડે! આ એમનો સવાલ નહિ, સત્કાર હતો! મનુષ્ય તરીકે રાગદ્વેષ પણ હોય જ. છતાં ય દ્વેષને એ માનવતા અળપાઈ જાય એટલી હદે ફાવવા દેતા નહિ. આગ્રહો પણ એવા જ. અંગત સ્વાર્થ ખાતર ક્યાંય બાંધછોડ નહિ. કોટ, પાટલૂન, જૅકેટ, ટાઈ, મોજાં, બૂટ: મનસુખભાઈ આમ સંપૂર્ણ શિસ્તબદ્ધ આદમી હતા; એક અંગ્રેજ હતા. એ જ બાહ્ય વ્યક્તિત્વની શિસ્ત એમનાં લખાણો-ભાષણોમાં આગળ તરી આવે.

મનસુખભાઈ જતાં એક સન્નિષ્ઠ અને સિદ્ધ શિક્ષક, અભ્યાસનિષ્ઠ અને પ્રસિદ્ધ વિવેચક, સત્યનિષ્ઠ અને સંસિદ્ધ કવિ તેમ જ એક સુજન ગુમાવ્યાની ગ્લાનિ સાહિત્યરસિકો અને અંગતજનોને ઘેરી રહી છે. એમનો દીપ્તિમંત અક્ષર સહુ અનુગામીઓના પથને પ્રકાશિત કરતો રહો એ જ અંજલિ!

—ધી. પ.

સુલભ મેઘાણી-સાહિત્ય સંપુટ-૫

સોરઠ તારાં વહેતાં પાણી, વસુંધરાનાં વહાલાં-દવલાં, બીડેલાં દ્વાર અને પલકારા તા. ૧૫-૧૧-'૮૧ એ બહાર પડશે. કુલ ૯૦૦ પાનાંનાં આ ચાર પુસ્તકો તા. ૧૫-૧૦-'૮૧ સુધીમાં આગોતરા ગ્રાહક બનનારને માત્ર રૂ. ૨૨માં મળી શકશે. પ્રકા. 'પ્રસાર'-ભાવનગર.

દિવંગત

ગુરુ ટી. પી. કુપ્પીહ પિલ્લાઇ : ૩૦ જુલાઈના રોજ ૯૫ વર્ષની વયે અવસાન. નાટ્યકલા ક્ષેત્રના તેઓ એક અચ્છા તજ્જ્ઞ હતા. ગયા વર્ષે સંગીત-નાટક-અકાદમીના ફેલો તરીકે એમનું બહુમાન થએલું.

ડૉ. હીરેન્દ્ર નારાયણ મુખરજી : બંગ સાહિત્ય-પરિષદ સાથે જોડાએલા, શાન્તિનિકેતન આશ્રમિક સંઘના આજીવન સભ્ય અને નવલકથાકાર-લેખકનું ગઈ ૧૫ ઑગસ્ટે ૭૭ વર્ષની વયે અવસાન થયું.

વી. રામમૂર્તિ : 'ઈસ્ટર્ન' ઇકૉનોમિસ્ટ'ના ભૂતપૂર્વ સહાયક, મુંબઈના સાપ્તાહિક 'કૉમર્સ'ના સહતંત્રી. મદ્રાસથી એમણે 'ફેક્ટસ ફાઈલ'નું પ્રકાશન કરેલું. પૂર્વજીવનમાં તેઓ રાષ્ટ્રીય કૉંગ્રેસ સાથે જોડાએલા હતા. ૬૨ વર્ષની વયે ગઈ ૪ ઑગસ્ટે એમનું અવસાન થયું.

ગૌરચંદ્ર રાઉત : 'માતૃભૂમિ'ના ભૂતપૂર્વ તંત્રી, વિખ્યાત પત્રકાર, કટકમાં પિટ્ટાવા ગામે ૩૧ જુલાઈના રોજ ૮૨ વર્ષની વયે અવસાન.

પંડિત જ્ઞાનશંકર : લગભગ ૧૮૦ જેટલી હિન્દી-પંજાબી ફિલ્મોમાં નૃત્યનાટિકાનાં સંયોજનોના દિગ્દર્શક. તેઓ સોમનાથ મંદિરના નૃત્યકારોના વંશજ અને કવિવર ટાગોર દ્વારા સ્થાપિત નૃત્ય ગ્રુપના સભ્ય. ગઈ ૭ ઑગસ્ટે ૮૧ વર્ષની વયે એમનું નિધન થયું.

અમલાનંદ ઘોષ : આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પુરાતત્ત્વવિદ્. ખોદકામ-સંશોધનની વૈજ્ઞાનિક પદ્ધતિના જ્ઞાતા, સિક્કાના અભ્યાસી તેમ જ વિદ્વાન. પદ્મશ્રી (૧૯૬૨), લંડનની રૉયલ સોસાએટી ઑવ ઍન્ટિક્વેરીઝના ફેલો, ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણના ડાયરેક્ટર (૧૯૫૩ થી ૧૯૫૯). ઇન્ડિયન કાઉન્સિલ ઑવ હિસ્ટોરિકલ રિસર્ચ દ્વારા તેઓ પુરાતત્ત્વ કોષનું કાર્ય પણ કરતા હતા. ૨૫ ઑગસ્ટે ૭૨ વર્ષની વયે એમનું નિધન થયું.

ડુસ્કો પોપૉવ : ઈઆન ફ્લેમિંગના વિખ્યાત પાત્ર જેમ્સ બૉન્ડ સમા ગુપ્તચર ઍજન્ટ. બીજા વિશ્વયુદ્ધમાં એમની કામગીરીનું ઘણું મહત્ત્વ રહ્યું હતું. પોતાના અનુભવો પરથી એમણે 'સ્પાય, કાઉન્ટરસ્પાય' નામનું એક પુસ્તક પણ ૧૯૭૪માં પ્રકટ કરેલું. ગઈ ૨૩ ઑગસ્ટે ૬૯ વર્ષની વયે એમનું અવસાન થયું.

એમ. ઓ. મથાઈ : પં. નેહરુના એક સમયના ખાસ સહાયક અને 'ધી રેમિનિસન્સ ઑવ ધી નેહરુ એજ' અને 'માય ડેઝ વિથ નેહરુ'ના લેખકનું ૭૨ વર્ષની વયે ૨૮ ઑગસ્ટે અવસાન થયું.

—પ્રફુલ્લ રાવળ—

નવશિક્ષિતો માટે હસ્તપ્રતોની ૨૩મી રાષ્ટ્રીય સ્પર્ધા

વર્તમાન જીવન-ઉપયોગી પ્રશ્નો પર, પરિવાર નિયોજન વિષયક, અને નવશિક્ષિતોને રસપ્રદ એવી ડબલ સ્પેસમાં ટાઈપ કરેલાં લગભગ ૫૦ પાનાંની કૃતિઓની સ્પર્ધાનું આયોજન થયું છે. પ્રત્યેક ભારતવાસી તેમાં ભાગ લઈ શકે છે. વિજેતાઓને રૂ. ૧૦૦૦નું એક એવાં ૬૫ ઈનામો આપવાની દરખાસ્ત છે. સ્પર્ધા માટેની હસ્તપ્રત મોકલવાની છેલ્લી તા. ૩૦-૧૦-૮૧ છે. વધુ વિગત માટે લખો : **The Director, Directorate of Adult Education, (Ministry of Education & Culture), West-Block No. VIII, Wing No. VII. 2nd floor, R. K. Puram, New Delhi-110022.**

ભૂલ સુધાર

ગયા અંકના ચરિત્રલેખ 'ડૉ. અબ્દુસ્ સલામ'ના લેખકનું નામ 'નટવરલાલ રાવળ' આપ્યું છે તે 'નટવર રાવળ' સમજવું, કારણ લેખક એ નામથી જ લખે છે. આ જ લેખમાં પૃ. ૨૦૪ પર ડૉ. સલામને નૉબલ પ્રાઈઝ મળ્યાની સાલ ૧૯૬૯ આપી છે તે સુધારીને ૧૯૭૯ સમજવા વિનતિ.

ઇતિહાસધારા

અશોક હર્ષ

ચારિત્ર્ય એ કોઈ પણ રાષ્ટ્રનો મેરુદંડ છે. એ જ એનું સામર્થ્ય છે. મહાન રાજનીતિજ્ઞ કૌટલ્યે તેના 'અર્થશાસ્ત્ર'માં ચારિત્ર્ય પર ખાસ ભાર મૂક્યો. સ્વાતંત્ર્ય એ મદોન્મત્ત હાથી જેવું છે. ચારિત્ર્યને ખીલે એ બંધાએલું ન રહે તો રાષ્ટ્રને સ્વચ્છંદમાં સરી પડતાં વાર ન લાગે. એટલે તો કૌટિલ્યે કહ્યું છે: 'અતિપ્રવૃદ્ધા શાલ્મલી વારણસ્તમ્ભો ન ભવતિ' – એટલે કે, 'શીમળાનું વૃક્ષ ગમે તેટલું વૃદ્ધ હોય તો પણ તેનું લાકડું હાથીનો ખૂંટો ન બની શકે.'

આ આચાર્ય વિષ્ણુગુપ્ત કૌટલ્યે જ ચન્દ્રગુપ્ત મૌર્યની મહત્ત્વાકાંક્ષા પોષી તેને મગધાધિપતિ બનાવ્યો હતો. પરંતુ રાજ્યાસને આવતાં તેની રાજ્યવિસ્તારની લાલસા જાગી અને પશ્ચિમનાં બે રાજ્યો પર આક્રમણની તૈયારી કરી. આ યુદ્ધમાં વિજયી નીવડવા માટે તે પોતાના ગુરુ પાસે આશીર્વાદ લેવા પહોંચ્યો. તેને આશા હતી કે આચાર્ય કૌટિલ્ય પોતાના આ પગલાની પ્રશંસા કરશે. પણ પ્રશંસાને બદલે ગુરુ તરફથી તેને તાતાં તીર જેવા શબ્દો સાંભળવા મળ્યા. ચન્દ્રગુપ્તનું કથન સાંભળી આચાર્ય પ્રથમ તો મલકયા, પછી એકદમ ગંભીર થઈ બોલ્યા: 'વત્સ, કયા બળ પર આ અભિયાન માટે તૈયાર થયો છે?'

'કેમ, આવડા વિશાળ રાજ્યનું સામર્થ્ય આપ ઓછું આંકો છો?'

'વિશાળતા? રાજ્યનું સાચું સામર્થ્ય તેની વિશાળતામાં નહિ, પણ તેની સત્ત્વશીલતામાં છે, ચન્દ્રગુપ્ત! માટે પહેલાં તો રાજ્યમાં સત્ત્વનો સંચાર કર, પછી વિજયનો વિચાર કર. માત્ર વિશાળતા પર મદાર રાખીશ તો જે છે તે પણ ખોઈ બેસીશ.' ચન્દ્રગુપ્તને આચાર્યની શીખ સારગર્ભ લાગી અને આક્રમણની યોજના પડતી મૂકી.

પલાશીના મેદાનમાં અંગ્રેજો સામે યુદ્ધમાં ઊતરતાં બંગાળના અંતિમ નવાબ સિરાજુદ્દૌલાને સમાચાર મળ્યા કે એનો સેનાપતિ મીર જાફર ફૂટી જઈ અંગ્રેજો સાથે મળી ગયો છે. નવાબ આથી ભારે વિમાસણમાં પડી ગયો કે યુદ્ધ કરવું કે નહિ. નવાબની આ વિમાસણની જાણ તેની માતાને થતાં તે સીધી યુદ્ધભૂમિ પર આવી પહોંચી અને નવાબને ઉદ્દેશી બોલી: 'બેટા સિરાજ, કોઈ મારા પર આક્રમણ કરે તો તું શું કરે?'

'શું કરું, અમ્માજાન? એને સીધો મોતને ઘાટ ઉતારી દઉં.' સિરાજે ઉત્તેજિત થઈ ઊઠી જવાબ આપ્યો.

'પણ ધાર કે એ તારા કરતાં વધુ બળવાન ને વધુ સંખ્યામાં હોય તો?'

'અરે, એક ને બદલે એક લાખ કેમ નથી હોતા?' સિરાજ એની કેડ પરની તલવાર પર હાથ મૂકતો બોલ્યો.

'તો, બેટા, આ બંગભૂમિની ધરતી પણ તારી મા નથી?' સિરાજને પોતાની કમજોરી મહસૂસ થઈ ગઈ. માતાની ક્ષમા માગી તેને વિદાય આપી અને મીર જાફરની ગદ્દારી છતાં તેણે યુદ્ધનો આદેશ આપી દીધો. યુદ્ધમાં એ વીરગતિને પામ્યો અને એનું બખ્તર જ એનું કફન બન્યું.

નાનપણથી અનાથ બનેલા અમરદાસની રુચિ ધર્મ-ધ્યાન તરફ વળેલી, પરંતુ બાસઠ વરસની ઉમર સુધી તેમણે કોઈને પોતાના ગુરુ નહોતા બનાવ્યા. બાસઠમા વર્ષે એમને લાગ્યું કે ગુરુ વિના સાચું જ્ઞાન સંભવિત નથી, એટલે તેમણે બીજા શીખ ગુરુ અંગદદેવ પાસેથી દીક્ષા લીધી.

ત્યારથી એ ગુરુસેવામાં રત રહેવા લાગ્યા. રોજ વહેલા ઊઠી એ બિયાસ નદીમાંથી ગુરુના સ્નાન માટે પાણી લાવતા. ત્રણ ગાઉ દૂર આવેલી નદીમાંથી આ રીતે એક અંધારી સવારે પાણી ભરી એ આવતા હતા ત્યાં એક વણકરના વણાટકામના ખાડામાં એમનો પગ લપસ્યો અને તે ખાડામાં જઈ પડ્યા.

અવાજ સાંભળી જાગી ઊઠેલા વણકરે તેની પત્નીને ઉઠાડીને પૂછ્યું: 'જરા જો તો ખરી, ખાડામાં કોણ પડ્યું છે?'

'બીજું કોણ હોય? પેલો અનાથ અમરુ હશે. રોજ એ જ સૌથી વહેલો ગુરુ માટે પાણી ભરવા નીકળે છે.'

સવારના શીખ દરબારમાં વણકરે રાતવાળી વાત કરતાં ગુરુ અંગદદેવજી ગદ્ગદ કંઠે બોલી ઊઠ્યા: 'આ અમરુ હવે અનાથ નથી, શીખોનો સ્વામી છે. એના અપ્રતિમ સેવાભાવે એને ગુરુગાદીનો અધિકારી બનાવ્યો છે.' અને આમ કહેતાં એ અમરદાસને ભેટી પડ્યા.

અનાથ અમરુ આમ શીખોના ત્રીજા ગુરુ અમરદાસજી બન્યા. વણકરના જે ખાડામાં એ પડી ગયા હતા ત્યાં એક વિશાળ ગુરુદ્વાર આજ પણ એમની ગુરુભક્તિનો સંદેશ આપતું ખડું છે.

અને આ માસ સપ્ટેમ્બર ઇતિહાસમાં

આ માસ સપ્ટેમ્બરનું મૂળ નામ રોમન કૅલેન્ડરમાં હતું તે જ હજી યે ચાલતું રહ્યું છે. સપ્ટેમ્બરનો અર્થ થાય છે સાતમો માસ. જૂની વર્ષ ગણના માર્ચથી થતી તે ગણતરીએ એનો ક્રમ સાતમો આવતો એ પરથી આ નામ પડેલું. યુરોપમાં ખેતરના પાકની લણણી આ માસમાં થતી હોવાથી શાર્લમૅનના કૅલેન્ડરમાં તેને 'હાર્વેસ્ટ મન્થ'ના નામથી ઓળખતા. ઍંગ્લો સેક્સનો તેને 'ગર્સ્ટ-મૉનાથ' એટલે કે ઉઘાડો મહિનો કહેતા તે પણ આ જ અર્થમાં, કેમ કે લણણી થઈ જવાને લીધે આ માસમાં ખેતરો બધાં ખુલ્લાં બની જતાં. ઇંગ્લૅન્ડમાં યે છેક ઈ. ૧૭૫૨ સુધી ૨૫ માર્ચથી નવા વર્ષનો આરંભ ગણાતો.

આજથી એક સો એકાવન વર્ષ પહેલાં ઈ. ૧૮૩૦માં આ સપ્ટેમ્બર માસની ૧૫મી તારીખે રેલમાર્ગના યુગનો આરંભ થયો હતો. લિવરપુલ અને માંચેસ્ટર વચ્ચે પહેલી રેલવે-લાઈનનું કામ પૂરું થઈ તેનું વિધિસર ઉદ્‌ઘાટન થયું. એ પહેલી રેલગાડીને ખેંચવા સ્ટીફનસનનું વિખ્યાત એંજિન 'ધી રૉકેટ' જોડવામાં આવ્યું હતું. શરૂશરૂમાં તો એ ગાડીનો વેગ કલાકે પૂરા ત્રીસ માઈલનો પણ નહોતો, પણ આગળ જતાં કલાકે ૫૩ માઈલ જેટલો થઈ ગએલો. એ પ્રથમ રેલગાડીમાં પહેલા વર્ગના ડબા, એ સમયની બંધ ઘોડાગાડી જેવા, પણ જરા વધુ લાંબા હતા. પ્રવાસીઓનો સામાન તેના છાપરાં પર મુકાતો હતો. અને તે ગાડીના ત્રીજા વર્ગના ડબા આજના ખુલ્લા વૅગન જેવા હતા.

લંડનમાં બૅરિસ્ટરીનો અભ્યાસ કરવા સાથે દાદાભાઈ નવરોજી (જેમનો જન્મ પણ સપ્ટેમ્બર માસમાં ઈ. ૧૮૨૫માં ૪થી તારીખે થએલો) પાસેથી હિંદી સ્વાતંત્ર્યની ધગશથી રંગાઇને ૧૯૨૦ સુધી હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે ઝઝૂમનાર, ને ૧૯૩૪ પછી હિંદુ-મુસલમાનના બે અલગ-અલગ રાષ્ટ્રના હિમાયતી બની એ માટે ઐતિહાસિક બલાબલનો લાભ અને ધર્મઝનૂની તત્ત્વોની ઉશ્કેરણી વડે દેશના ભાગલા કરાવી પાકિસ્તાનનું સર્જન કરાવનાર મહમદઅલી ઝીણાનું અનેક રીતે અશાંત એવી તંગ મનઃદશામાં ઈ. ૧૯૪૮ની ૧૧મી સપ્ટેમ્બરે અવસાન થયું.

ઈ. ૧૮૮૩માં આ જ ૧૧ સપ્ટેમ્બરે, મુંબઈમાં પહેલવહેલું હિંદુ-મુસ્લિમ હુલ્લડ થયું હતું. આવા કોમી દાવાનળ સામે ઈ. ૧૯૨૪માં ગાંધીજીએ ૨૧ દિવસના પહેલા ઉપવાસ કરેલા તે પણ સપ્ટેમ્બરની ૧૯મીએ. –સં.

> જીત્યે વધતું વેર હાર્યાને નિદ્રા નહિ;
> સદાય એને લે'ર (જે) હારે કે જીતે નહિ.
>
> —(ધમ્મપદ)—

પાંત્રીસ પાઉન્ડની મોંઘી કિંમતે રોમમાંથી એક સુંદર ઘડિયાળ ખરીદ્યા પછી એક અંગ્રેજ પ્રવાસી બાઈને ઇંગ્લૅન્ડ આવ્યા બાદ ખબર પડી કે તેની ખરી કિંમત તો એકાદ પાઉન્ડથી વધારે હોઈ શકે નહિ. પોતાની સાથે થએલી આવી છેતરપિંડીથી દુ:ખી થઈ તેણે મુસૉલિની પર એક પત્ર લખી તેના શાસન વિષે ઠપકો આપ્યો. પખવાડિયામાં તેને ૩૪ પાઉન્ડના ચૅક સાથે ઉત્તર મળ્યો એમાં મુસૉલિનીએ જણાવેલું કે 'આવા એકાદ દાખલા પરથી મારા દેશબંધુઓ માટે ખરાબ મત બાંધશો નહિ.' બીજે પખવાડિયે પેલા દુકાનદારનો પણ પત્ર આવ્યો કે 'મારી દુકાન સરકારે બંધ કરાવી છે અને મને છ માસની સજા થશે, તો કૃપા કરી મારા પર રહેમ રાખવા માટે ભલામણ કરશો.'

અનેકાર્થી શબ્દ : **ઘટ**=ઘડો; શરીર કે પિંડ; ખૂટ, ખોટ, નુકસાન; અંત:કરણ; સમય, ઘાટ કે આકાર; અવકાશ; ગાઢ, ઘન યા ઘાટ્ટું; પાકેલું; કોથળી; ટોળું; યોજવું તે, જોડાવાપણું; એક ઝાડ–ધાવડો; દુર્ગાદેવીનું ચિહ્ન; મદોન્મત્ત હાથીનું કુંભસ્થળ; વજનનું એક માપ; નવ પ્રકારનાં દ્રવ્યો માંહેનું એક, તુલા; એક જાતનું કોતરકામ; સ્તંભના આઠ માંહેનો એક પ્રકાર; એકદમ.

કહેવતોના અર્થ : 'માગે સો ત્યાગે, ને ત્યાગે સો માગે'–કહેવતો ખાસ કરીને વ્યવહારબોધ આપતી હોય છે, પણ આ કહેવત તો વ્યવહાર અને પરમાર્થ બંનેને સાંકળી લેતો ઉમદા ઉપદેશ આપે છે. તૃષ્ણાથી કંઈ મળતું નથી, તે છોડતાં બધું આવી મળે છે એવો તેનો બોધ તો સ્પષ્ટ છે.

ગણિત-ગમ્મત

૧×૧૧×૧૩×૩×૩૭×૭×૯=૯૯૯૯૯૯

આમાં ચડતા ક્રમમાં ચાર એકડા, ત્રણ તગડા, બે સાતડા અને એક નવડો છે, જ્યારે–

૭૩×૧૧×૧૦૧×૧×૧૩૭=૧૧૧૧૧૧૧૧

આમાં ૭૩૧૧૧ ડાબી તરફથી અને એ જ રીતે જમણી તરફથી એક સરખા છે અને બંનેની મધ્યમાં ૦ છે. —કિશોર ગોરધનદાસ

ગરમ દૂધ પીતાં સ્વાદમાં જે ફિક્કાશ લાગે છે તે દૂર કરવા માટે પ્યાલામાં પ્રથમ એકાદ ચમચો ઠંડું દૂધ રાખીને પછી ઉપર ગરમ દૂધ રેડી ઉપયોગ કરવો.

> **यो यो यथा प्रयतते**
> **स स तत्तत्फलैकभाक्।**
> **न तु तूष्णीं स्थितेनेह**
> **केनचित्प्राप्यते फलम् ॥**

માણસ જેવો જેવો પ્રયત્ન કરે છે તેવું તેવું ફળ તેને પ્રાપ્ત થાય છે, પરંતુ બેસી રહેનારને કોઈ પણ પ્રકારનું ફળ મળતું નથી.



ટિકિટકથા : છેલ્લાં બે વિશ્વયુદ્ધોની વચ્ચેનાં વર્ષોમાં ચીની જુન્ક(વહાણ)ના ચિત્રવાળી ટિકિટો એ કાળના ટિકિટસંગ્રાહકોમાં ઓછાવત્તા પ્રમાણમાં જરૂર મળી રહે છે. છેલ્લા મન્ચુ સમ્રાટને ઉથલાવીને સ્થપાએલા ચીની પ્રજાસત્તાકે ઈ. ૧૯૧૩માં આવી ઓછી કિંમતની અનેક ટિકિટો બહાર પાડેલી. પ્રથમ તો તે લંડનમાં 'વૉટરલૉ ઍન્ડ સન્સ'ને ત્યાં છપાઈ હતી, પણ ૧૯૧૪ પછી તે પેકિંગમાં છપાતી હતી. લંડન અને પેકિંગમાં છપાએલી ટિકિટોનાં ડિઝાઈન તો એકસરખાં જ હતાં, છતાં થોડા નાના ફેરફાર સાથે રંગ અને કિંમતમાં તફાવત જોઈ શકાતો. આરંભથી માંડી ઈ. ૧૯૩૩ સુધીમાં આવી કુલ ૩૪ ટિકિટો બહાર પડેલી, જેમાંની ઘણીખરી આજે યે વપરાએલી સ્થિતિમાં નજીવી કિંમતે સુલભ છે. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન તથા તે પછીના દાયકામાં આવી જુન્ક-છાપ ટિકિટો પર ઑવરપ્રિન્ટ પણ થએલું, જેમાં ચીનની ઊભી લિપિમાં ' રાકિયાંગના વાયવ્ય પ્રદેશમાં જ વાપરવા માટે' એ મતલબનું લખાણ હતું. આ વિસ્તારના ચલણમાં ચીની ડૉલરની કિંમત પ્રમાણે વધઘટ થતી હોવાથી આમ કરવું પડતું. આવી ઑવરપ્રિન્ટ થએલી, અને ખાસ કરીને કવર પર ચોડેલી વપરાએલી ટિકિટો બહુ ઓછી સંખ્યામાં મળે છે.

ફળના રસના ડાઘ કાઢવા માટે ઍસ્પિરીનની એક ટીકડી ઠંડા પાણીમાં ઓગાળીને વાપરી જોજો.

ગમ્મતના ગોળા

'કેમ કોડાઇકેનાલ જઈ આવ્યા? કેવું લાગ્યું?'

'અરે શી વાત કરું ! અમે તો ત્યાં બહુ રોકાયા જ નહિ. વરસાદ તો ક્યારનો પતી ગયો હતો, પણ ઠેકઠેકાણે એટલું પાણી ભરાએલું હતું કે વાત પૂછો નહિ.'

'તમારે ત્યાં સડેલાં ટમાટાં, ઈંડાં વગેરે એવું જે કંઈ હોય તે હું ખરીદી લેવા માગું છું.'

'હં! સમજી ગયો સાહેબ, આપ આજે પેલા નવા નેતાના ભાષણમાં જવાના લાગો છો?'

'જરા ધીરે બોલો ભાઈ, હું જ એ નેતા છું.'

'કેમ દોસ્ત ! સાંભળ્યું કે તારાં લગ્ન થઈ ગયાં. કોણ ખાટી ગયું ? તું કે તારી પત્ની ?

'એની મા.'

સરકસના તંબૂ પાસે બે જણ બહુ દુ:ખી થઈ બેઠા હતા. પસાર થતા એક સજ્જને પૂછ્યું, 'કેમ ભાઈ, કેમ આટલા દુ:ખી લાગો છો?'

'આ સરકસનો મોટો હાથી મરી ગયો.'

'તમારી સાથે બહુ હળી ગયો હતો ?'

'ના રે સાહેબ, અમારા શેઠે એને દાટવા માટે અમને ખાડો ખોદવા કહ્યું છે.'

'કોઈ પણ બનાવટી ચીજથી કદી લાભ થતો જ નથી!'

'ના, એવું નથી. આ જુઓ મારા દાંત બનાવટી છે. અને એ લીધા પછી મને ચાવવાની નિરાંત થઈ ગઈ છે.'

'જુઓ સાહેબ, હવે જો તમે મારાં બિલ નહિ ચૂકવી દો તો હું તમારા બધા લેણદારોને કહી આવીશ કે તમે મારા પૈસા આપી દીધા છે.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')